આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ

સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૦ ● અંક : ૧૨

સળંગ અંક : ૯૭૨

ફેબ્રુઆરી - ૨૦૨૧



## કાકા કાલેલકર વસંત વિષે જુઓ શું કહે છે !

"જેની રહેણી કુદરતથી વિખૂટી થઈ નથી, કુદરતને રંગે જે રંગાય છે તે વસંતનું આગમન વગર કહ્યે અનુભવે છે. નદીના ક્ષીણ પ્રવાહમાં એકાએક ઘોડાપૂર આવેલું જેમ આપણે જોઈએ છીએ તેમ આપણે વસંતને પણ આવતો બરાબર જોઈ શકીએ છીએ.''

# ઋતુરાજ વસંતનાં એંધાણ - અછાંદસ

વાહ કેવી ઉગે રોજ ખુશનુમા સવાર,
વાસંતી વાયરા વાય સવારથી સાંજ,
વૃક્ષની ડાળે લીલી કુંપળોનો દરબાર,
સૌને વ્હાલી વસંતનાં છે આ એંધાણ.

કેસુડાના વૃક્ષે જામ્યો છે કેસરિયો રંગ,
આમ્ર વૃક્ષે કેવા મ્હોરી ઉઠ્યા છે મોર,
ફેલાઈ જાય છે રંગીન ફૂલોની ફોરમ,
સૌને વ્હાલી વસંતનાં છે આ એંધાણ.

વસંત તો છે પ્રકૃતીમાં આવેલું યૌવન,
યુવાની હોય છે જેમ જીવનની વસંત,
વાગે ઢોલ, ગવાઈ રહ્યા ફાગણના ફાગ,
સૌને વ્હાલી વસંતનાં છે આ એંધાણ.

ગુંજી ઉઠતો કોકિલ પંખીનો કલરવ,
ઝૂમી ઉઠે છે વૃક્ષ લતાઓ વને વન,
સર્જાઈ જાય રમ્ય ફૂલોનો શણગાર,
સૌને વ્હાલી વસંતનાં છે આ એંધાણ.

કુહૂ કુહૂ બોલે ટહુકી રહી પેલી કોકિલા,
પ્રેમીજનો ઝંખે પિયા મિલનની આશ,
વેલેન્ટાઈન લાવે પ્રેમીઓમાં થનગનાટ,
સૌને વ્હાલી વસંતનાં છે આ એંધાણ.

વસંત પંચમીએ ઋતુરાજનું આગમન,
આ દિવસે થયું મા સરસ્વતીનું પ્રાગટ્ય,
કવિઓ ગાય વસંત-વિદ્યાદેવીનાં ગાન,
સૌને વ્હાલી વસંતનાં છે આ એંધાણ.

**વિનોદ પટેલ ● વસંત પંચમી**


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૦

સળંગ અંક : ૯૭૨ | ફેબ્રુઆરી - ૨૦૨૧

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત ₹ | પરદેશ $ | પરદેશ £ |
|---|---|---|---|
| વાર્ષિક | ૧૫૦ | ૪૦ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦ | ૨૦૦ | ૧૦૦ |

## અનુક્રમ


| | |
|---|---|
| સિંહફાળો | ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪ |
| સંપાદકીય | જ્યોતીન્દ્રભાઈ દવે / ૫ |
| શિક્ષણના સિતારા | ડૉ. ઈશ્વર પરમાર / ૭ |
| ઓનલાઈન એજ્યુકેશનના લેખાજોખાં | રણછોડ શાહ / ૧૮ |
| એક નિષ્ઠાવાન જીવંત શિક્ષક | હિરજીભાઈ નાકરાણી / ૧૯ |
| હું શિક્ષક હતો ત્યારે... | રવજી ગાબાણી / ૨૨ |
| વૈજ્ઞાનિકવલણ અને શિક્ષક | ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા / ૨૫ |
| શિશુવિહારનો ઘેઘૂર વડલો | માનભાઈ ભટ્ટ / ૨૬ |
| અપેક્ષા | દમયંતી પંડ્યા / ૩૨ |
| કાટ ખાઈ ગયેલા સિક્કા | ફાધર વાલેસ, અનુ. ડંકેશ ઓઝા / ૩૪ |
| શિક્ષણ-કેળવણી-ભણતર | મહેન્દ્ર ભાટિયા / ૩૬ |
| ભારતીય બંધારણની કલમ-૨૧ પ્રાણ અને દૈહિક સ્વતંત્રતાનું સંરક્ષણ – 'રાઈટ ટુ લાઈફ શું છે ? | પટેલ ગિરીશકુમાર આઈ. / ૩૯ |
| વાસ્તવિકતાની દૃષ્ટાંત વાતો | મંગળ રાવળ 'સ્નેહાતુર' / ૪૧ |


કાર્યાલય
"ઘરશાળા" શૈક્ષણિક માસિક
સરસ્વતી વિદ્યામંડળ
ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.
ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦

આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# સિંહફાળો

ઋતુ શાહ • સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ ઍક્વા કૉમ્પ્લેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાને બાળકોને ભણાવવાની સફરમાં અનેક મૂકામો પાર કર્યા છે. એ મૂકામો બાળકો અને તેમના વાલીઓની માનસિકતાને લગતા હતા તો જ્યાં બેસીને બાળકોને ભણાવવાનાં હોય એ જગ્યાઓના સતત બદલાતા મૂકામો પણ હતા. વિદ્યાદાનનો પ્રારંભ કપડાં ધોવાની એક નાનકડી ચોકડીમાં બેસીને બે બાળકોને ભણાવવાથી થયો હતો. બાળકોની સંખ્યા વધતાં એક અગાસી (ધાબુ) ભાડા પર રાખીને ત્યાં બાળકોને ભણાવવામાં આવતાં. એ પછી ખુલ્લી જગ્યામાં બેસીને પણ વિદ્યાદાનના સ્વંયસેવકો બાળકોને ભણાવતા. સફર આગળ વધી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો કોમ્યુનિટી હોલ મળ્યો. એમાં તકલીફ એ હતી કે જયારે એ હોલ ભાડે અપાતો ત્યારે વિદ્યાદાનનું કાર્ય અટકી પડતું. એ હોલની બાજુમાં જ ખુલ્લી જગ્યા હતી તે જગ્યા કોર્પોરેશને વિદ્યાદાનને કામચલાઉ રીતે આપી. એ જગ્યાને સરખી અને સમતળ કરીને તેના પર વિદ્યાદાનની ટીમ બાળકોને ભણાવતી. ખૂણામાં એક નાનકડી ઓરડી બનાવવામાં આવી જ્યાં સામાન રહેતો.

એક વખત શહેરમાં ભારે વરસાદ થતાં એ ઓરડીમાં પાણી ભરાઈ ગયું. આમેય ઓરડી નીચી અને કાચી હતી. વરસાદે ઋતુ શાહ અને તેમની ટીમને ભારે ફીકરમાં નાખી દીધાં. સૌથી મોટી ચિંતા એ હતી કે બાળકોને ક્યાં બેસીને ભણાવવાં? વરસાદે આખી જગ્યાને પાણીથી ભરી નાખી હતી. ત્યાં બેસી શકાય એવું તો ઠીક, ઊભું પણ રહી શકાય તેમ નહોતું.

એ પછી નક્કી કરાયું કે તાત્કાલિક એક મોટો શેડ બનાવવો, જ્યાં બાળકોને ભણાવી શકાય. સમાજમાંથી સ્પોન્સરર લાવવાનો પ્રયાસ થયો. ઉત્સવ નામનો ૧૦-૧૨ વર્ષનો છોકરો પામી ગયો કે અમારાં ઋતુ ટીચર ચિંતામાં છે. કોઈ મોટો અને જવાબદાર માણસ હોય તેમ તેણે કહ્યું કે ટીચર, તમે ચિંતા ના કરો. શેડ ઊભો કરવાવાળા આપણી જ સેવાવસ્તીમાં વસે છે.

ઉત્સવે ઋતુ ટીચર પાસેથી તેમનો ફોન લીધો. તરત તેના ભાઈ ગિરીશને ફોન લગાડીને કહ્યું કે તારું ખાસ કામ છે તું અહીં આવ. ગિરીશભાઈ બાઈક લઈને તરત આવ્યા. ઉત્સવે કહ્યું કે ઋતુ ટીચરઆપણા બધા માટે ખૂબ કરે છે, હવે આપણે તેમના માટે કરવાનું છે. આપણે તેમને શેડ બનાવી આપવાનો છે. તેણે ગિરીશભાઈને પૂછ્યું કે અહીં તાત્કાલિક પુરાણ કરવાનું છે. કેટલો ખર્ચ થશે? તેને બધા ભાવની ખબર હતી. તે બાર્ગેનિંગ પણ કરવા લાગ્યો. એ પછી તો તેણે ફોન કરીને સચિન અને હિતેશને પણ બોલાવી લીધા. દરેકની સાથે મળીને નક્કી થયું કે કેવો શેડ બનાવાશે? ઉપર ક્યાં પતરાં નાખવામાં આવશે? કેટલી સિમેન્ટ જોઈશે? ઉત્સવભાઈ અને તેમની આખી ટીમે જોતજોતામાં સેવાવસ્તીમાંથી જ શેડ બનાવવા માટે જરૂરી તમામ એજન્સીના લોકોને બોલાવી લીધા. દરેકને ભારપૂર્વક કહેવાયું કે બધાએ આ કામ પ્રોફેશનલી નહીં, પણ પ્રેમથી અત્યંત વ્યાજબી પૈસા લઈને કરવાનું છે. ૧૦-૧૨ વર્ષના ઉત્સવ અને સચિન નામના બે બાળકો જાણે કે આ સમગ્ર પ્રોજેક્ટના ઈન્ચાર્જ બની ગયા. ઝીણી ઝીણી બાબતોનું તેઓ ધ્યાન રાખવા લાગ્યા. કયું કામ કોણ કરે છે તેની તેમને જાણકારી હતી. અરે, કામ સસ્તુ, મજબૂત અને ઝડપથી કેવી રીતે થાય તેની સમજણ પણ તેમનામાં હતી. કોઈ મોટા કોન્ટ્રાક્ટર હોય તેવી પાકટતા અને જવાબદારી સાથે તેમણે વિદ્યાદાનનું વિદ્યાધામ (જેને બોલચાલની ભાષામાં વેન્ચર તરીકે ઓળખવામાં આવે છે) ઊભું કરવામાં રસ લીધો.

આખી વાત પૂરી કરતાં ઋતુ શાહ કહે છે કે અમારા માટે આ આખો અનુભવ નવો અને આનંદકારી હતો. ૧૦-૧૨ વર્ષનાં બાળકો આટલી સમજણ અને નિસબતથી વિદ્યાદાન માટેના વેન્ચરના નિર્માણમાં મદદ કરે એ બાબત જેમ આશ્ચર્ય સર્જનારી હતી તેમ આનંદ આપનારી પણ હતી.

વિદ્યાદાનની સફરમાં ઘણી વખત બાળકો પોતે જ શિક્ષકનો રોલ ભજવતાં હોય તેની ખબર પણ ના પડે !

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

**નમસ્તે,**

**સંપાદકીયની શરુઆતમાં 'ઘરશાળા માસિક'ના પ્રકાશનમાં થયેલી અનિયમિતતા અંગે સૌ ગ્રાહકો, વાંચકો, શુભેચ્છકો અને લેખકોની માફી માંગીએ છીએ.**

**કોરોના મહામારીની પરિસ્થિતિ ઉપરાંત પ્રિન્ટર્સ સાથેના પ્રશ્નોને કારણે અમે અમારા અંકો પ્રકાશિત કરી શક્યા નથી, તે અંગે દિલગીરી વ્યક્ત કરીએ છીએ. અમે લવાજમની મુદત વધારી આપી છે. આ અંગે વ્યક્તિગત પ્રશ્ન કે મુંઝવણ હોય તો જરૂર અમારું ધ્યાન દોરશો. - તંત્રીશ્રી**

## આ કોણ કરશે ?

આ અંક આપને મળશે ત્યારે કેન્દ્રનું બજેટ રજૂ થઈ ગયું હશે. દર વર્ષે ફેબ્રુઆરી-માર્ચના અંકમાં અમે શિક્ષણના બજેટ અને રાષ્ટ્રીય ખર્ચ અંગેની ચિંતા વ્યક્ત કરીએ છીએ. આપણા દેશમાં શિક્ષણના બજેટ અંગે સરકાર સમક્ષ રજૂઆત કરે તેવું અસરકારક અને અભ્યાસશીલ સંગઠન નથી. વિશ્વની સૌથી વધુ યુવાન વસ્તી ધરાવતો દેશ શિક્ષણ અંગેના રાષ્ટ્રીય ખર્ચ અંગે ઉદાસીન છે.

અમે આ અંગે ખૂબ જ ટૂંકમાં આંકડાની લાંબી માયાજાળ વગર દેશના શૈક્ષણિક ખર્ચ, બજેટ ઉપર ધ્યાન દોરવાનો પ્રયત્ન કરીએ છીએ.

**(૧) શિક્ષણ અંગેનો ખર્ચ છેલ્લા વર્ષોમાં સ્થગીત થયો છે.**

વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારના કુલ ખર્ચમાં શિક્ષણખર્ચ ૧૭ ટકા હતો, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૪.૨ ટકા ઉપર આવી ગયો છે. કેન્દ્ર સરકારે ગયા વર્ષના બજેટમાં ૯૯૦૦૦ કરોડની જોગવાઈ કરી હતી, જે ગયા વર્ષની સરખામણીમાં માત્ર ૫ ટકાનો વધારો હતો. ગુજરાત રાજ્ય દેશનું વિકસિત અને પ્રગતીશીલ રાજ્ય ગણાય છે. પરંતુ શિક્ષણ ખર્ચની બાબતમાં ગુજરાત પાચમાં ક્રમે છે. ગુજરાત રાજ્ય ઝારખંડ અને છત્તીસગઢ કરતા પણ આ બાબતમાં પાછળ છે. ગુજરાત રાજયનો શિક્ષાણ ખર્ચ ૨૦૧૭-૧૮માં ૧૪.૨૫ ટકા હતો જે ઘટીને વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૨.૧૬ ટકા થયો છે.

પ્રાથમિક શિક્ષણમાં ગુજરાત રાજયે વર્ષ ૨૦૧૪-૧૫માં કુલ શિક્ષણ ખર્ચના ૯.૧૫ ટકા ખર્ચ કર્યો હતો. જે ઘટી પાછલા વર્ષે ૭.૮૪ ટકા થયો છે. અને તે ખર્ચ પૈકી

૮૭ ટકા ખર્ચ માત્ર પગાર પાછળ કર્યો છે.

ટૂંકમાં ગુજરાત સરકારે શિક્ષણ પાછળ છેલ્લા પાંચ વર્ષોમાં સરકારના કુલ ખર્ચમાંથી માત્ર ૧૩ ટકાથી ૧૪ ટકાનો ખર્ચ શિક્ષણ અંગે કર્યો છે.

**(૨) શિક્ષણખર્ચની જીડીપી સાથે સરખામણી :**


દેશની કુલ જીડીપીના પ્રમાણમાં શિક્ષણ ખર્ચ અંગેના આંકડા પણ નિરાશાજનક છે. વર્ષ ૨૦૧૪-૧૫ દેશની કુલ જીડીપીના ૩.૮ ટકા ખર્ચ શિક્ષણ અંગેનો હતો, જે ૨૦૧૯-૨૦માં ૪.૬ ટકા થયો છે. બીજા શબ્દોમાં કહીએ તો છેલ્લા પાંચ વર્ષમાં જીડીપીની સરખામણીમાં શિક્ષણ ખર્ચનો વધારો માત્ર ૦.૮ ટકા થયો છે. કોઠારી કમિશન અને નવી શિક્ષણ નિતિના લક્ષ્યને પહોંચી વળવા માટે આપણે કમર કસવી પડશે.

ગુજરાતની વાત કરીએ તો રાજ્યની કુલ જીડીપીના પ્રમાણમાં રાજ્ય સરકારે પાછલા વર્ષોમાં માત્ર ૧.૮૭ ટકાનો ખર્ચ કર્યો હતો. વર્ષ ૨૦૧૯-૨૦ના જે ઘટીને ૧.૪૬ ટકા રહ્યો છે. જે ચિંતાનો વિષય છે. આંકડાઓ ઘણા આપી શકાય તેમ છે. છેલ્લા વર્ષોમાં રાજ્ય સરકારના બજેટના કદમાં (કુલ ખર્ચ) ૧૪.૮૪નો વધારો થયો છે. તો સામા પક્ષે શિક્ષણના ખર્ચમાં ૯.૭૫ ટકાનો જ વધારો થયો છે.

ટૂંકમાં દેશ સામે યુવાધનને શિક્ષિત કરવાનો અને રોજગાર આપવાનો મોટો પડકાર છે. કમિશનો, સેમિનારો અને મેળાવડામાં મોટી મોટી શિક્ષણની વાતો થાય છે. અમલ કરવામાં અને તે અંગેના ખર્ચ અંગે આપણે જાગૃત નથી. કેનેડા જેવો વિકસિત દેશ જીડીપીના ૧૮ ટકા શિક્ષણ માટે ખર્ચે છે. મલેશીયા અને દક્ષિણ આફ્રિકા જેવા અવિકસિત દેશો અનુક્રમે ૮ અને ૫.૩ ટકા ખર્ચે છે. આપણે માત્ર ૪.૬ ટકા ખર્ચ કરીએ છીએ અને વિદ્યાર્થી દીઠ શિક્ષણ ખર્ચમાં આપણે ક્રમમાં ક્રમે છીએ. આ પરિસ્થિતિ ભવિષ્યની પેઢી માટે ભયજનક છે.

આપણે શિક્ષણ સાથે સંકળાયેલા, શિક્ષણ પ્રેમીઓ સંગઠન રચી શિક્ષણ ખર્ચ અંગે ગુજરાત સરકારનો કાન આમળે તેવું સંગઠન ન બનાવી શકીએ ?

## શ્રદ્ધાંજલિ



### હરિત પંડ્યા

સરસ્વતી વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી, પૂર્વ શિક્ષક, ઘરશાળા માસિકના નિયમિત લેખક અને પદ્મશ્રી ડૉ. રઘુભાઈના જીવન ચરિત્ર 'સપનાં થયાં સાકાર'ના લેખક, અધ્યાપક, સાહિત્યકાર અને લઘુકથાકાર શ્રી હરિત પંડ્યાનું દુઃખદ અવસાન થયેલ છે.

સરસ્વતી પરિવારે એક આત્મજન ગુમાવ્યો છે. ગુજરાતી સાહિત્યજગતને એક મોટી ખોટ પડી છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચિરશાંતી અર્પે એવી પ્રભુ પાસે અભ્યર્થના.

**સરસ્વતી વિદ્યામંડળ પરિવાર**

**ડૉ. ઈશ્વર પરમાર**
દેવભૂમિ દ્વારકા.

***વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્દ, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે "શિક્ષણના સિતારા" પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે "શિક્ષણના સિતારા"ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.***

### ચલના જીવન કી કહાની !
### મોતીભાઈ પટેલ

(મોતીભાઈ પટેલ, વૃંદાવન, સંસ્કાર સોસાયટી સામે, જિનતાન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧)

મેં તો માંડી વાત –

"ગામઠી શાળાના શિક્ષકથી માંડીને કૉલેજના પ્રિન્સિપાલ તેમજ એક યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાની ડીન થવા સુધીની તમારી પ્રગતિ ખરેખર અદ્ભુત છે, પ્રેરક છે; પ્રશ્ન એ થાય છે કે કઈ ભાવનાએ આપને આટલા ગતિમાન રાખ્યા કર્યા છે ?"

"મારે તો શિક્ષક થવું એવી એકમાત્ર મહેચ્છા હતી. છેલ્લી ડિગ્રી લગીનું ભણવું પણ હતું. આ બંને ઇચ્છા ફળી; તેટલી ને બીજું બધું કામ મળ્યું તેની ખબર પડતી નથી ! સાચું કહું તો, ઈશ્વરભાઈ, મૂળે લડવું તે મારો મિજાજ ! થતા અન્યાય સાથે હંમેશાં ત્રાટકી પડ્યો છું; સંભવિત નુકસાનની પરવા કર્યા વિના લડ્યો છું ને પરિણામે પામતો રહ્યો છું. મથ્યા વિના કશું મળ્યું નથી !"

– અને આમેય, મથી મથીને મળે એની લિજ્જત ઓર ! શિક્ષણક્ષેત્રે સિદ્ધિ પ્રેરણાનું આંખે દીઠું ઉદાહરણ આપવાનું બને ત્યારે સહજમાં હૈયેથી હોઠે આવે તે નામ છે : ડૉ. મોતીભાઈ મનોરભાઈ પટેલ. એમનું જીવન મેદાન પર સડસડાટ દોડ્યે જતા હરણ જેવું નથી; એમનું હરણિયું જીવન તો ડુંગરોમાં વંકાતી કેડી પર સતત ચાલી-દોડીને એક ઉન્નત શિખરે આવી પહોંચ્યું છે અને વધુ ઉન્નત શિખરોને તારી રહ્યું છે...

ડુંગરાળ મુલક સાબરકાંઠાના મેઘરજ તાલુકાના નાનકડા ઈસરી ગામમાં જન્મેલા મોતીભાઈને જન્મ તા. ૧૬-૫-૧૯૩૭માં થયો હતો. નાથીબહેનને ગામમાં પિયર ને ગામમાં સાસરું. આથી બાળક મોતીને મામાનું ઘર દીવો દેખાય એટલું જ દૂર ! એમના ખેડૂત પરિવારના વડીલોને તો છોકરો કાગળ વાંચે-લખે તેટલાં ભણતરથી ભયો ભયો લાગે. નસીબ પાધરાં કે ગામમાં નિશાળ તો હતી; બાકી આસપાસનાં અનેક ગામોમાં નિશાળ જ ના મળે. તે પંથકના બાર ગામ વચ્ચે સ્મશાન પણ એક જ હતું !

મા અને મામા એમ બંને પરિવારનાં લાડ પાળીને ઊછરતા મોતીએ એક વાર મામાના ખિસ્સામાંથી ભાંગનું પડીકું સેરવી લીધું. ભાઈબંધોને ભેગા કર્યા. ભાંગ લસોટી. તે પીધા પછીના કેફમાં એક વાડીમાં ઘૂસ્યા અને એક આંબાને ઝૂડીને કેરીનો ઢગલો કર્યો. એ ભાંગનો નશો તો રખોપિયાની એક રાડ થતાં ઊતરી ગયો પરંતુ આવાં-તેવાં તોફાનીની સાથોસાથ ભણતાં ભણતાં ભણાવવાની ભાંગ મનમાં ઘૂંટાતી રહી. છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે તેમના શાળામાં કોઈ અધ્યાપન વિદ્યાલયના તાલીમાર્થીઓની ટુકડી આવી

હતી. એમાંનાં એક બહેન દીવાલે નકશો ટાંગીને એવું તો સરસ શીખવતા હતા કે કિશોર મોતીને પણ મનમાં ઊગ્યું : હું પણ એવો શિક્ષક થઈશ !

શિક્ષક થવા માટે ફાઇનલની પરીક્ષા પસાર કરવી જરૂરી હતી. આ માટે વાંચવા ઘરનાં ઢોર બાંધી, દીવો-બત્તી કરીને પછી વાળું ગળચીને તે સખાઓની સંગાથમાં પહોંચી જતા. તે બધાં ઊગતી રાતે શાળામાં વાંચવા ભેગાં થાય – ગોદડું, ખાટલું ને ચોપડી લઈને ! હી-હી-ખી-ખી ચાલે, પછી થોડું વંચાય ન વંચાય ત્યાં ભણતરિયા ઝોલે ચડે. ઊંઘમાંથી ઝબકીને એક છોકરો માથેથી ટોપી ઉતારે ને તેમાંથી બીડી કાઢે. દીવો પેટાવે. બે'ક ફૂંકો મારે ને બીજાને આપે. બીજો ત્રીજાને આપે, ત્રીજો ચોથાને... એમાંથી સૌથી નાના મોતીએ બીડી પીવાની ના પાડી તો સૌ તેને સીધો કરવાને સજ્જ થઈ ગયા ! છેવટે એણે હાથે બીડી લેવી પડી ને ત્યાં આવી ઊભા હેડ માસ્તર ! એમની એક ધોલથી મોતીના હાથથી બીડી છૂટી તે છૂટી ને છેવટે ફાઇનલ પાસ ! (૧૯૫૦)

આ વખતે ઉંમર માંડ તેર વરસની. તેથી નોકરી માટે ના-લાયક ! આગળ હાઈસ્કૂલમાં ભણવું હોય તો શહેરમાં જવું પડે. તે ખરત ઘરને પોસાય તેમ ન હતું. આથી ફાઇનલ-પાસ મોતી ગામમાં તોલાટ થયો ને અનાજ દળવાની ચક્કીય ચલાવી. બળદિયાનાં પૂંછડાં ઉબેડ્યાં ને નળિયાં ચાળવા ઘરને છાપરેય ચડવા માંડ્યું. સગાસંબંધીઓ વારાફરતી એકબીજાનાં ઘરનાં નળિયાં સાથે મળીને ચાળે. એમાં એક વખત મોતીએ સંભાળેલ નળિયાંની હારની પડખો-પડખ તેના મામાએ હાર સંભાળેલી. લગભગ સરખી ઉંમરના એ મામાએ કહ્યું, "જોજે ભોણાં, લેન સીધી જાળવજે ને જીવી જોંણજે. તું ફાઇનલ થઈ જયો ને વરહથી બળદિયાંનાં પૂછડાં આમળ્યાં કર્યાં ! હું તેને કેઈ દઉં – આ ખેતરમાં ખોવૈ જૈસ ને ઊંચોય નૈ આવે. આ કળશી કુટુંબમાં તને મલસેય હું ? મેં હું કીધું, ભોણાં, લેન સીધી જાળવજે ને જીવી જોંણજે..."

બસ, મામાએ વાતવાતમાં પાયેલી આ ઊંચેરી ભાંગની અસરમાં ચૌદ વરસના મોતીએ મથી મથીને નવા મારગે જીવનનો મનોરથ કર્યો. એક સાંજે માથે કાળી ટોપી ચડાવી અને સાવધ આંખે ઘરની બહાર પગ મૂક્યો. કાને પહેરેલાં લવિંગિયાં ધ્રૂજી ઊઠ્યાં. ઘર છોડીને ડુંગરાળ ઝાડીએ વચાળેથી કેડી પર ઝડપી ચાલે જવા માંડ્યું. વચ્ચે આવતા નાગધરા પાસે દેખાયો નાગ ! એ પરિશ્રમીનો પગરવે સાંભળીને ના તો ઝાડીમાં સરકી ગયો. શામળાજી ગામની ધરમશાળાની ઓસરીમાં ટૂંટિયું વાળીને રાત કાઢી.

બીજે દિ' આગળના શહેર ઈડરમાં નોકરીની શોધ. એક દુકાનનદારે એને ચકાસ્યો : 'આ કોથળા ત્યાં લે, પેલાં ખોખાં અહીં રાખ. આટલી ખાંડ જોખી લે ને ત્યાં વાળી નાખ !' ચીંધ્યું કામ ચીવટથી કરતા આ ગામઠી છોકરા પર શેઠજી તો ખુશખુશ. ઘેર જમવા લઈ ગયા. નવા નોકરને ઓસરીમાં નોખો બેસાડીને શેઠાણીએ ખાવાનું નીર્યું. મોતીનો માંહ્યલો ધમ ધમી રહ્યો. દુકાને હિસાબ લીધા વગર એમણે ચાલતી પકડી. રાત તે ગામની હાઈસ્કૂલની ઓસરીમાં કાઢી. વળતે દિ' એણે વાટ લીધી કાકાના ગામ કડિયાદરાની.

કાકા શિક્ષક. અહીં એકલરામ. ભત્રીજાને ભાળીને રાજી થયા. ભત્રીજો ઘરકામ કરવાની સાથે પડોશી દરજીને ત્યાં ગાજ-બટન કરતાં શીખી ગયો. એક દિવસે એ ખીચડીનું આંધણ મેલતો હતો ત્યાં કાકા હાથમાં ટપાલ થઈને આવ્યા ! 'લ્યા, તું ઘેરથી ભાગીને આવ્યો છે ?'

મોતી રડી પડ્યો. ધ્રૂસકાતે સાદે - પોતાની ભણવાની અબળખા જણાવી દીધી. કાકા તેને હૈયાધારણ આપીને પાછો તેને ગામ ઈસરી મેળવા ગયા. છેવટે પિતા કહે : 'ભલે જાતે ભણતો ને ભણાવતો ત્યારે'. અને આમ માગ્યો મેહ બંધાયો !

*

બન્યું એવું કે તે ગાળામાં ઈસરી પાસેના નવા ગામ કંટાળુમાં એક નિશાળ શરૂ થયેલી. એનો શિક્ષક તો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ફાઈનલ-પાસ પણ ન હતો છતાંય ત્યાં માનભેર નભતો હતો. કોઈ કારણસર તેને જવું'તું બહારગામ. તેની ગેરહાજરીમાં શાળા કોણ સંભાળે ? પેલા શિક્ષકે ફાઈનલ-પાસ મોતીનો સંપર્ક કર્યો. ત્રણ માસ માટે નિશાળ સોંપી (૧૯૫૨). પંદરેક વર્ષના આ તરવરિયા શિક્ષક મોતીભાઈ માથે ટોપી પહેરીને કંટાળુ ગામે ચાલીને ભણાવવા જાય. ચાલતાં ચાલતાં પોતે ઘડિયા પાકા કરવા બોલતા જાય ! શાળામાં રેંટિયો ગૂંજતો કર્યો. તપાસણી માટે આવેલા નિરીક્ષક તો ખુશ ખુશ.

આદિવાસી સેવા સમિતિના સંચાલક શ્રી નૃસિંહભાઈ ભાવસાર પણ આ નાનકડા શિક્ષક પર ખુશ થયા. એ સમિતિ તે વિસ્તારમાં નવી શાળાઓ ખોલતી ને ચલાવતી. મોતાભાઈ પાસે પણ અરજી માંગી. મોતીભાઈએ શિક્ષક થવાની તકને સરકતી અટકાવવા પોતાની વય બે વરસ વધારે બતાવીને હતા ત્યાંની નિયમનસરની નોકરી મેળવી. પેલા શિક્ષક તો ગયા તે ગયા જ ! આ નવા શિક્ષકે આંક-પલાખાં ગીત-ઢાળમાં ગવડાવવા માંડ્યાં. ગામે સમશાન પાસેની એ શાળાને ચોકમાં લીધી. બાળકોની સંખ્યા વધી. વધુ શિક્ષકો મળ્યા. શાળાના વધુ વિકાસની વિચારણા ગામ સાથે કરવા માંડી ત્યાં આવી ઊભી બદલી !

હવે આદિવાસીઓની વચ્ચે ભડવચ ગામે વસીને નવી જ શાળા શરૂ કરવાનું ફરમાન થયું. (૧૯૫૩) પિતા મનોરભાઈ એ દૂરના અજાણ્યા ગામડે પુત્ર મોતીભાઈને મૂકવા ગયા. એક ડુંગર પરનું ઝૂંપડું ચીંધીને મુખી કહે : “એ રેજયી નિહાળ, એમાં રે'તો આદમી મટી ગીજ્જો તણે નેહાળનું ખોરડું મલી ગીયું.ગોમમાંથી ઘેર ઘેર હોં મકાઈ મળી રેહે, તકલીફ ની પડે. કોંઈ હોય તો કે'જો.”

મોતીભાઈ મળતા પગારમાંથી પાંચ રૂપિયા પોતાની પાસે રાખેને બાકીના પચીસ રૂપિયા ઘેર મોકલાવતા. આ શાળામાં બાળકોને ભેગાં કરવા માટે શરૂઆતમાં તો ડુંગરે ડુંગરે દોડ કરવી પડી. ધીમે ધીમે બાળકોને પલાખાં ઉપરાંત પ્રાણાયામમાં ને સૂર્યનમસ્કારમાં રસ પડવા માંડ્યો. એકવાર સૂરજ ઊગવાની વેળાએ જોયું તો ડુંગરની તળેટીએ ઘોડું બાંધીને નિરીક્ષક આવે. તે તો માંડ ઉપર આવી શક્યા. છ માસમાં શાળાની આટલી પ્રગતિ જોઈને ખુશ ખુશ થયા. માસ્તરને ઈનામમાં મળી બદલી !

મોતીભાઈએ હવે વાઘપુર ગામે શાળા ચલાવવાની હતી. તે ગામ રાજસ્થાનની સરહદ પર ગોધાવાડી વિસ્તારમાં આવેલ હતું. એ ગામને તે કાળે નશાનો શોખ ! ભૂવાં-મંતરનો શોખ ! આ નવા શિક્ષકને સંગે ગામમાં એવો નવો શોખ ઉમેરાયો – અને તે શાળાનો શોખ ! ગામ લોક શાળાને ચાહતા થયા. આ અણધાર્યું પરિવર્તન કરવાની કુનેહ બદલ સંચાલકે સૂચના આપી : “તમારે શિક્ષક તરીકેની પ્રાથમિક તાલીમ લેવા બોચાસણ જવાનું છે – વગર પગારે.”

શિષ્યવૃત્તિને સહારે વલ્લભ વિદ્યાલયમાં તાલીમ લેવા ગયેલા ધોતિયાધારી મોતીભાઈને કાને લવિંગિયાં જોઈને, તાલીમાર્થીઓને સફાઈને વિષય શીખવતી રવિશંકર મહારાજે પૂછ્યું, “પટેલ ચોંથી આવો છો ?”

“ઈસરી બારામાંથી આવું છું.”

“હવે પાછા આવો ત્યારે આ લવિંગિયા ઉતારતા આવજો. શિક્ષકને એની જરૂર નહીં !”

આ તાલીમ દરમિયાન, મહારાજ ઉપરાંત આચાર્ય શિવાભાઈ પટેલ અને ડોસી-રેંટિયાનાં શોધક ગંગામાનો સત્સંગ પામતા મોતાભાઈ પરીક્ષામાં સર્વપ્રથમ રહ્યા. (૧૯૫૪) આ તાલીમ પછી પચાસ રૂપિયાના પગારે એમને રાજસ્થાનની સરહદે આવેલ આંબાબાર ગામે ભણાવવા જવાનું થયું. આ ગામે ક્યારેક જંગલમાંથી વાઘ ગામમાં આંટા મારવા આવતા ! શિક્ષક મોતીભાઈએ વિચાર્યું : ગામના વિદ્યાર્થીઓ શા માટે જંગલમાં આંટા ન મારે ? એમણે પગપાળા પ્રવાસો યોજીને વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકના પિંજરામાંથી બહાર આણ્યા. પોતે સેવાદળની તાલીમ લઈને શાળાને લેજીમ-પરેડના તાલે ધબકાવી ! એ તાલે તાલે આવ્યો આદેશ – ‘તમારે વેડછી મુકામે પ્રાથમિક શિક્ષક માટેની તાલીમ લેવાને બે વરસ માટે જવાનું છે.’

સ્વરાજ આશ્રમ, વેડછી ખાતેની તાલીમ (૧૯૫૫-'૫૭)ના સંસ્કાર મોતીભાઈના ચિત્તમાં સદા માટે કંડારાયેલા રહ્યા છે. રોજનીશી લખવાનું થતાં જીવનમાં વિશેષ જાગૃતિ આવી. સારા અક્ષરો વણખાતાં તે માટેની ચીવટ વધી. અધ્યાપક ભીખુભાઈ વ્યાસની વાક્છટાએ પ્રભાવી વક્તા થવા પ્રેર્યા. એમનો તાસ પૂરો થતાં વિદ્યાર્થીઓને રીતસર આઘાત અનુભવાતો ! આશ્રમ નજીકની વાલ્મીકિ નદી બે કાંઠે છલકાતી ત્યારે સમગ્ર આશ્રમ ઋષિવર જુ'કાકા સાથે તેને વધાવવા જતો. સારા તરવૈયા સામે કાંઠે જતાં. એ કાળે સામે કાંઠે તરીને પહોંચેલ મોતીભાઈ ગુજરાતનાં બધાં જ અધ્યાપન વિદ્યાલયોમાં સર્વપ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયા હતા.

આ પછી મોતીભાઈ સર્વોદય આશ્રમના મુખ્ય મથક શામળાજીની પ્રાથમિક શાળા (ધો. ૧થી ૪)ના મુખ્ય શિક્ષક થયા. અહીં એમણે ચાર સહાયક શિક્ષકોની સંગાથે તાસ-પદ્ધતિનો સફળ પ્રયોગ કર્યો. પોતે હાઇસ્કૂલના વિદ્યાર્થી થયા વિના, જાતે અભ્યાસ કરીને એસ.એસ.સી.ની પરીક્ષા ઉત્તીર્ણ કરી. (૧૯૫૮)

હવે મોતીભાઈને સમગ્ર શાળા (ધો. ૧થી ૮)નું સંચાલન સોંપવાનું સંચાલકોએ ઠરાવ્યું : "એમને ખાતરી કરી છે કે તમે આમાં સફળ થશો."

"આપનો ખૂબ આભાર; પણ આ માટે મને મારી પસંદગીના શિક્ષકો તો મળશે ને ?"

"જરૂર."

"અને પગાર ?"

"એંસી રૂપિયા."

"પણ મારી પહેલાંના આચાર્યને તો..."

"સવાસો રૂપિયા આપતા. તેઓ સ્નાતક ખરા ને ? તમે સ્નાતક નથી તેથી તેટલો પગાર તમને ન અપાય.

"નેવું પણ નહીં ?"

"કહ્યું ને ભૈ, એટલા તમને ન મળે."

"તો હું આવતી સાલે જ અમદાવાદ જઈશ – સ્નાતક થવા !"

*

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં રહીને (૧૯૫૯-૬૨) મોતીભાઈ સવિશેષ મગનભાઈ દેસાઈ પાસેથી અભય, ગિરિરાજ કિશોર પાસેથી ચીવટ અને મુકુલ કલાર્થી પાસેથી સ્વાધ્યાયપ્રીતિનો પાઠ ભણ્યા. વર્ગોમાં ચર્ચા-વાદ છેડતા મોતીભાઈ છેલ્લે વર્ષે સર્વાનુમતે મહામંત્રી તરીકે વરાયા હતા. અહીં અભ્યાસ દરમિયાન મોતીભાઈને ઘર કંઈ આર્થિક સહાય કરી શકે તેમ ન હતું. કાકા સંકટ સમયની સાંકળ ખરા. મેરિટ સ્કોલરશિપ મળતી ખરી. કરકસરના હેતુથી તેઓ સસ્તાં રસોડે જમતાં, છાપાં વહેંચતા ને લહિયાગીરી કરતા. ગરીબ દેખાવું એમને ક્યારેય ગમ્યું નથી ! એ કાળે ઝીણી ખાદી પહેરે ને ક્યારેક હૉટેલ 'હેવમોર' પણ માણી લે ! એ કાળે અભ્યાસની ભાગરૂપ સુથારી શીખીને તૈયાર કરેલ ગ્રંથ-ઘોડી પૂજ્ય નાનીમાને ધરી હતી.

તે કાળે સ્નાતકની પરીક્ષા પૂર્ણતઃ બાહ્ય પરીક્ષકો દ્વારા લેવાતી. મોતીભાઈ તેમાં સર્વપ્રથમ રહ્યા – પ્રથમ વર્ગ સાથે. સને ૧૯૨૦માં શરૂ થયેલ વિદ્યાપીઠમાં સ્નાતક કક્ષાએ બેંતાલીસ વર્ષના ઈતિહાસમાં માત્ર બે જ સ્નાતકો પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા હતા. મગનભાઈ દેસાઈ અને મગનભાઈ ના. પટેલ. એ ત્રીજી સ્નાતક-સમાજ-વિદ્યા વિશારદ-થયા મોતીભાઈ પટેલ ! સાલ : ૧૯૬૨.

સ્નાતક થયા પછી તેમણે શામળાજીમાં સર્વોદય આશ્રમના વિનયમંદિર (હાઈસ્કૂલ)નું આચાર્યપદ સંભાળ્યું. (૧૯૬૨-'૬૩) તે જ વર્ષે શિક્ષણપ્રેમી મિત્રોની સાથે રહી ડોડીસરા મુકામે આદર્શ વનવાસી વિદ્યાવિહારની સ્થાપના કરી. (૧૯૬૨) પછીથી તે હાઈસ્કૂલનું આચાર્યપદ સંભાળ્યું. શાળા માટે પરદેશથી દોઢ લાખ રૂપિયાની સહાય પણ મેળવી. આ શાળાનું સંચાલન કરતી વખતે તેઓ સ્પષ્ટ હતા કે માત્ર 'બુનિયાદી'નું પાટિયું લગાડવાથી કોઈ શાળા ખરા અર્થમાં બુનિયાદી બની જતી હતી. પાટિયું લગાડ્યા વિનાની બુનિયાદી શાળા તેમણે ચલાવી બતાવી. આ વિસ્તારમાં શિક્ષણની તીર્વ ભૂખ જગાડવામાં પણ

મોતીભાઈ સફળ રહ્યા.

હંમેશાં ઊંચું નિશાન તાકતા આ શિક્ષક માધ્યમિક-કક્ષાએ તાલીમ લેવા ડી.બી.એડ્. થવા રાજપીપળા ગયા. અહીંના સ્નાતક નયી તાલીમ કેન્દ્રને તે વર્ષે (૧૯૬૩-'૬૪)ના મહામંત્રી તરીકે વરાયા. આચાર્ય ગુલબહેન બામની વત્સલતા એવી કે જ્વરગ્રસ્ત મોતીભાઈ માટે પોતે કડુ કડિયાતું બનાવીને છાત્રાલયમાં ગયા ! તાલીમને અંતે મોતીભાઈ કેન્દ્રમાં જ નહીં સમગ્ર ગુજરાતની કૉલેજોમાં વિશેષ યોગ્યતા સાથે ઉત્તીર્ણ થઈને રૌપ્ય ચંદ્રકનું સન્માન પામ્યા.

આ પછી અમદાવાદના ચિ. ના વિદ્યાવિહાર સંસ્થાની પી.ટી.સી. કૉલેજમાં અધ્યાપક તરીકે એક વર્ષ (૧૯૬૪-'૬૫) સેવા આપી. આ વર્ષ દરમિયાન એમણે લખેલ લેખ 'સતત શિક્ષણનો અનેરો અનુભવ' વાંચીને આચાર્ય શ્રી ક્રાંતિભાઈ જોષી કહે : "આ કેવળ અહેવાલ નથી, આ તો સ્વતંત્ર અને સરસ લેખ જેવું લખાણ છે." આટલા ભલકારાએ મોતીભાઈની કલમને ગતિ આપી. ગતિશીલ મોતીભાઈએ તે પછી તે જ સંસ્થાની જી.બી.ટી.સી.માં બે વર્ષ (૧૯૬૫-'૬૭) અધ્યાપન કર્યું કે દરમિયાનમાં તેઓ એમ.એડ્. થયા. હવે ગયા અને ત્યાં પોતે સ્થાપેલ વિદ્યાવિહારનું ત્રણ વર્ષ (૧૯૬૭-'૭૦) આચાર્યપદ સંભાળ્યું ને તે દરમિયાન એમ.એ. પણ થયા. (૧૯૬૯)

મોતીભાઈ એમ.એડ્. કક્ષામાં અભ્યાસ કરતા હતા ત્યારથી ખંભાતની બી.સી.જે. કૉલેજ ઑફ એજ્યુકેશનના આચાર્યશ્રી સી. કે. આકુવાલાની નજરમાં ઉત્તમ શિક્ષક લેખે વસી ગયા હતા. એમના પ્રેમ-આગ્રહને વશ થઈને અને વધુ ઉન્નત શિખર સર કરવાના અરમાન સાથે મોતીભાઈ ડોડીસરાથી ખંભાત ગયા અને ત્યાંની બી.એડ્. કૉલેજમાં ત્રણ વર્ષ (૧૯૭૦-'૭૩) અધ્યાપકીય સેવાઓ આપી. અહીંથી તેઓ શિક્ષણક્ષેત્રે લેખક-સંપાદક તરીકે ઝળકવા માંડ્યા. તોફાની મનાતા વિદ્યાર્થીઓને રચનાત્મકતાના રાજમાર્ગ પર લાવવાનો પડકાર ઝીલતા રહ્યા. એમના આનંદી સ્વભાવને લીધે જામેલું બહોળું મિત્રમંડળ મોતીભાઈના દ્વારકા ગમનના ખબર જાણીને તત્કાળ તો અવાક્ થઈ ગયું !

બન્યું એવું કે દ્વારકાની શારદાપીઠ કૉલેજના આચાર્ય ડૉ. સુરેશભાઈ દવેએ મિત્રદાવે આચાર્ય શ્રી આકુવાલાને કહ્યું, "મારી કૉલેજના બી.એડ્. વિભાગને સાચવે ને વિકસાવે તેવા માણસની શોધમાં તમે મને મદદ ન કરો ?"

"આપું એવો માણસ, એ છે ચાલતા-ફરતા બાવા જેવો. ટકે તો ભાગ્ય તમારું. એના અહીંથી જવાથી મને તો ખોટ જ પડે પણ તેની પ્રગતિને ખાતર તમને નામ સૂચવું છું. મોતીભાઈની આવડત અને આત્મવિશ્વાસમાં મને પૂરો વિશ્વાસ છે."

વ્યાખ્યાતાથી ઊંચેરું ઉપાચાર્યના પદનું શિખર સર કરવા એમણે આ નવી અને પડકારભરી જવાબદારી સ્વીકારી અને પંદર વર્ષ (૧૯૭૩-'૮૮) લગી યશ-ઉજ્જવળ શિક્ષણસેવાઓ આપતા રહીને સમગ્ર વિસ્તારમાં છવાઈ ગયા.

દ્વારકાની કૉલેજમાં બી.એડ્. વિભાગ મોતીભાઈના આવ્યા પહેલાંના એક વર્ષ અગાઉથી શરૂ થઈ ગયા હતો (૧૯૭૨); પરંતુ તત્કાલીન વિભાગ-અધ્યક્ષની વહીવટી અને વિદ્યાકીય મર્યાદાઓને લીધે શિક્ષણ વિદ્યાશાથીને અનુરૂપ તેનું કાઠું જ બંધાયું ન હતું. મોતીભાઈએ સમગ્ર સ્થિતિનું ઝડપથી અવલોકન કરીને પહેલી નજરે ગમતા ને અણગમતા નિર્ણયો હિંમતભેર લેવા માંડ્યા.

બી.એડ્. વિભાગ સવારે શરૂ થઈને બપોર પહેલાં વિરમતો તે તેમને ખૂંચ્યું. તેમણે વિભાગનો સમય બપોરથી સાંજનો કર્યો. આથી બપોર પછી આકામ કરવાને ટેવાયેલા તાલીમાર્થીઓએ હડતાલ પાડી પરંતુ મચક ન આપી. આગળ જતાં સમયના આ ફેરફારની સાર્થકતા સૌને સમજાઈ પણ ખરી.

તે પછીના નવનિર્માણ આંદોલનના વર્ષ (૧૯૭૪) દરમિયાન પણ અભ્યાસ માટેનો 'જુસ્સો' તાલીમાર્થીઓમાં

જગાવવમાં મોતીભાઈ સફળ રહ્યા. કૉલેજ બંધ રાખવી પડી હતી. એક યુવાનની મુલાકાત પૂરી થયા પછી આચાર્ય કહે : “આને દાખલ કરવાનું જોખમ ન લેવાય.”

“એમ શા માટે?” મોતીભાઈ કહે, “અમદાવાદની કૉલેજના આચાર્યને મારીને આવનારમાં કંઈક વિશિષ્ટ શક્તિ પણ હશે જ ને?”

“એને દાખલ કરીએ પછી ધારો કે તે મને પણ...”

“તો હું આડો ઊભો રહીશ; પણ આ વિસ્તારના એ જુવાનને પ્રવેશથી વંચિત તો ન જ રાખીએ.”

આમ, પ્રવેશ પામેલ તે ખમીરવંતા કૉલેજિયન નાયાભા કેરે આગળ જતાં તાલુકા પંચાયતના લોકપ્રિય પ્રમુખ તરીકે યાદગાર સેવાઓ આપી અને કૉલેજને પણ વખતોવખત સહાયભૂત થયા કર્યા.

વિવિધ જિલ્લાઓમાં આયોજાતા મથકેતર શિક્ષક-કાર્યક્રમો અને તેના અનુસંધાને જિલ્લા જ નહીં, રાજ્ય બહારના આયોજનપૂર્વકના પ્રવાસો તાલીમાર્થીઓ માટે જીવનભરનાં રમ્ય સંભારમાં બની રહેતાં.

શિક્ષણ વિભાગના આગવા સામયિક 'પારેવડું'ને પોષીને તેને ગુજરાતભરમાં વિહરતું કર્યું. પરિસંવાદો, ઓપવર્ગો, કાર્ય-શિબિરો વગેરેને લીધે દ્વારકા કૉલેજ ગુજરાતના શિક્ષણજગતમાં પ્રયોગશીલ સંસ્થા તરીકે જાણીતી બની.

જામનગર જિલ્લાની શિક્ષણ સમિતિમાં સભ્ય તરીકે પસંદ થયેલા મોતીભાઈએ પ્રાથમિક શિક્ષણક્ષેત્રે જરૂરી ‘સફાઈ’ કરી. જિલ્લાની મુલાકાતે આવતા શિક્ષણકારો માટે વાહન ફાળવવાનો પંચાયતે ઠરાવ કર્યો. એટલું જ નહીં; તેમની રજૂઆતથી દ્વારકાની કૉલેજને દસ વર્ષ લગી બિનશરતી અનુદાન પણ મળ્યું જેથી કૉલેજની ગ્રંથ-સમૃતિ વધી.

ગામના સાર્વજનિક પુસ્તકાલય, ચેતના યુવા ક્લબ, ઓખામંડળ વિદ્યાવિસ્તાર કેન્દ્ર અને બુધવારિયું જેવી સંસ્થાઓને સહયોગ આપીને સ્થાનિક લોકોમાં વિદ્યા અને વ્યાયામ માટે પ્રીતિ વિકસાવી, પોતાના અંગત સંબંધ-સંપર્કના દોરે જાણીતા સાહિત્યકારોના પ્રવચનોનો લાભ ગામને અપાવ્યો. તેમને મન આ પણ શિક્ષણના કાર્યક્રમનો ભાગ હતો.

વધતી જતી વ્યસ્તતા વચાળે એમણે પોતાની અધ્યયન-નિષ્ઠાને ક્ષીણ થવા ન દીધી. ‘વિચાર અભિવ્યક્તિનું શિક્ષણ’ જેવું વણખેડાયેલ ક્ષેત્ર પસંદ કરીને તે પર સંશોધન કર્યું અને પીએચ.ડી. થયા (૧૯૮૨) જાપાનના હિરોશીમા શહેરમાં યોજાયેલ વિશ્વશાંતિ પરિષદમાં એમણે હાજરી આપી ત્યારે હૉંગકૉંગ, થાઈલૅન્ડ અને સિંગાપોરની પણ મુલાકાત લીધી હતી. (૧૯૮૫)

દ્વારકામાં તેમના વિશાળ મિત્રમંડળમાં શિક્ષકો ઉપરાંત વકીલ, વેપારી, અધિકારી, દાક્તર અને શ્રમિકો પણ મોતીમય રહેતા. વળી નવા પ્રયાણની ધૂનમાં તેમણે દ્વારકા છોડ્યું ત્યારે ત્યાંના સૌ આજે તેમને સંભારીને કહે છે : “વટ્ટ ને વહાલનું માણસ - મોતીભાઈ તે મોતીભાઈ !”

જાણીતા બાલસેવક શ્રી નાગજીભાઈને શાંતાતાઈના પ્રેમ-આગ્રહને વશ થઈને સુરેન્દ્રનગરની શરૂ થતી મહિલા બી.એડ્. કૉલેજનું આચાર્યપદ સ્વીકાર્યું. અહીં એમણે દ્વારકાની કૉલેજમાં સ્થાપેલ પ્રણાલિકાઓ તો ચાલુ રાખી જ; તદુપરાંત તાલીમાર્થી બહેનો માટે જ નહીં, અધ્યાપકો માટે ખાદીનો ગણવેશ શરૂ કરાવ્યો. ગુજરાતની બી.એડ્. કૉલેજમાં ગણવેશ બાબતે વિશેષતા ધરાવતી કદાચ આ જ એકમાત્ર કૉલેજ હશે. એમણે પહેલે જ વર્ષે કન્યાછાત્રાલય શરૂ કરાવ્યું. છાત્રાલય-સંચાલન અંગેનો અભ્યાસક્રમ તૈયાર કરીને તે અંગેની સ્વતંત્ર તાલીમ આપવા માટેની જોગવાઈ કરવા ચક્રો ગતિમાન કર્યા. મોતીભાઈ જે શાળા-સંસ્થા સાથે જોડાયેલા હોય તે સંસ્થાનું પુસ્તકાલય તો ઝડપભેર સમૃદ્ધ થાય જ !

દીવે દીવો પેટે તે ન્યાયે પોતે પીએચ.ડી. ગાઈડ થઈને આઠ અધ્યાપકોને એ પદવી અપાવી. પોતાની કૉલેજના તો તમામ વ્યાખ્યાતાઓ ડૉક્ટર !

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુભવી સિંડીકેટ-મેમ્બર મોતીભાઈએ પોતાની અભ્યાસી અને નિર્ભય રજૂઆતને કારણે સદા દાદ મેળવી છે. શિક્ષણ વિદ્યાશાખાનો વાર્ષિક પરિસંવાદ અને પરીક્ષા-પરિણામની પુનઃચકાસણીની જોગવાઈ તેમના સહયોગને આભારી છે. તોફાની વિદ્યાર્થીઓની બીકથી બંધ થયેલ યુનિવર્સિટી-પદવીદાનસમારંભ આગ્રહપૂર્વક શરૂ કરાવવા માટે એમણે કહેલું "આપણે શું એટલા નમાલા છીએ કે પોતાના વિદ્યાર્થીઓને સમારંભમાં તોફાન કરતાં ન રોકી શકીએ ?"

આ બધી વ્યસ્તતાઓ વચ્ચે થતાં રહેતાં તેમનાં સ્વાધ્યાય-કાર્યોની કદરરૂપે સરદાર પટેલ યુનિવર્સિટીનો હરિૐ આશ્રમ પ્રેરિત ઈન્ટર યુનિવર્સિટી ઍવોર્ડ તેમને એનાયત થયો. (૧૯૮૯)

ચિંતક ગુણવંતભાઈ શાહ દ્વારા પ્રેરિત પંચશીલ અભિયાનના સક્રિય સમર્થક મોતીભાઈ રાજ્યની અન્ય શૈક્ષણિક સમિતિઓ અને યુનિવર્સિટીઓમાં પણ સહયોગ આપતા રહે છે. ગુજરાતભરમાં ઘૂમતા રહીને શિક્ષણ અને સાહિત્યક્ષેત્રે પ્રયોગો કરનારની પીઠ થાબડતા રહે છે. સારી ફિલ્મોનો એમનો શોખ ઓછો ચેપી નથી જ !

કલમધર તરીકે પણ કામયાબ મોતીભાઈના પાંચસોથી વધુ લેખો પ્રકાશિત થઈ ચૂક્યા છે. સહલેખન અને સંપાદન કર્યું હોય તેવાં શિક્ષણનાં પુસ્તકો તો અનેક એમના સ્વતંત્ર પુસ્તકોમાં 'વિચાર અભિવ્યક્તિનું શિક્ષણ', 'માઈક્રોટીચિંગ : એક અભિગમ', 'ઇતિહાસ શિક્ષણ', 'રુસો-ડ્યૂઈ-ઠાકુરની શૈક્ષણિક વિચારધારા', 'માતૃભૂમિના મરજીવા', 'પુરુષાર્થીઓના પ્રેરણા-પ્રસંગો' વગેરે પ્રશંસા પામ્યાં છે. આકાશવાણી પર અનેક વખત અને ક્વચિત દૂરદર્શન દ્વારા તેમના વિચારો પ્રસારિત કર્યા છે. 'સાંપ્રત', 'મૈત્રી વિદ્યાપીઠ' અને 'ગતિશીલ શિક્ષણ' એમ ત્રણ સામયિકોનું સંપાદન : કેટલી જહેમત માંગી લે તેવી જવાબદારી છે !

તાજેતરમાં (૧૯૯૪) શિક્ષણ વિદ્યાશાખાના ડીન તરીકે ચૂંટાઈ આવી એમણે વળી એક વધુ ઊંચેરું શિખર સિદ્ધ કર્યું છે. સફળ વક્તા અને વિચારક મોતીભાઈ સાથેની ઘડીક વારની બેઠક પણ ઉપયોગી જીવન-પાથેય બંધાવી આપતી હોય છે. ચાલો મળીએ :

"મોતીભાઈ, હાલની શિક્ષણ-વ્યવસ્થા માટે સમાજમાં પ્રવર્તતા અવિશ્વાસ માટે કોણ જવાબદાર છે ?"

"શિક્ષકો જ જવાબદાર છે, તેવું નથી. જવાબદાર સમગ્ર સમાજ છે; ખાસ કરીને શિક્ષણ પરત્વેની તેની ઉદાસીનતા પરિસ્થિતિને વણસાવે છે."

"આ સ્થિતિમાં કયા ચિંતકોના વિચારો વિશેષ માર્ગદર્શક હોવાનું આપ માનો છો ?"

"ગાંધીજી અને જૉન ડ્યૂઈના. એમણે શિક્ષણને જીવન સાથે વણ્યું છે."

"સતત પરિશ્રમ કરતા હોવા છતાં આપ થાકતા કેમ નથી જણાતા ?"

"યુવાન વિદ્યાર્થી અને જી...વ...તા... માણસો સાથે કામ કરવાથી તાજગી મળી રહે છે. મારી પર પડી તેટલી વિટંબણાઓ હવે નહીં પડે તેથી ખૂબ સુખ અનુભવું છું. મિત્રો બનાવી શકું છું ને મૈત્રી નભાવી શકું છું એ જ નોળવેલ છે મારી."

"હાલના અને હવે પછીના શિક્ષકોને આપનો સંદેશ ?"

"શિક્ષકે સતત વાંચવું જોઈએ, વિચારતા રહેવું જોઈએ અને પોતાની વાણી અને વર્તન વચ્ચેનું અંતર ઓછામાં ઓછું રહે તે માટે સાવધ રહેવું જોઈએ."

"ખૂબ આભાર, મોતીભાઈ પ્રતિકૂળ સંજોગો છતાં સતત મથતા રહેવાથી તળેટીએથી દોટ મૂકીને કેવાં ને કેટલાં શિખરો સિદ્ધ થઈ શકે તે આપે જીવી બતાવ્યું છે. આપને માટે તો સ્કાય ઈઝ ધ લિમિટ !"

"ઈશ્વરભાઈ, સન્માનપત્ર વાંચો છો કે શ્રદ્ધાંજલિ !"

"ના, આ તો છે આદર સાથેની સલામ !"

# એક નિષ્ઠાવાન જીવંત શિક્ષક

હીરજીભાઈ નાકરાણી

મો. ૯૧૦૬૦૭૭૦૭૬



ચંદુ ભણીને કોઈ સંજોગોમાં શિક્ષક તો થવા નહોતો જ માંગતો છતાં શાળાંત પાસ થયા પછી વડીલો, શિક્ષકની નોકરી સ્વીકારી લેવાનો આગ્રહ કરતા હતા. પણ ચંદુને શિક્ષક થવામાં રસ નહોતો એટલે આ બાબત તે બેદરકાર હતો. શાળાના આચાર્ય શ્રી ભાનુભાઈ ઠાકર પણ શિક્ષક થવા સમજાવતા હતા, પણ ચંદુ તો હઠ લઈને બેઠો હતો. કોઈ પણ સંજોગોમાં શિક્ષક તો થવું જ નથી.

થોડાક દિવસ પછી એને ગમ્મત સૂઝી; લાવને અરજી તો કરું એમ કાંઈ શિક્ષકની નોકરી રેઢી પડી છે. સાદા કાગળમાં અરજી લખીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અમરેલીને મોકલી આપી. થોડા દિવસમાં ગાવડકા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે હાજર થવાનો ઓર્ડર આવ્યો. હવે કરવું શું ? લક્ષ્મી ચાંદલો કરવા આવે ને મૂરતિયો કપાળે કરેલ ચાંદલો ભૂસી નાખે એવો તો મૂર્ખ કોઈક જ હોય ને ! એમાંનો એક મૂર્ખ આ ચંદુડો હતો. એમણે તો કોઈને પણ જાણ કર્યા વગર ઓર્ડર ફાડીને કચરાટોપલીમાં નાખી દીધો. ઘો ગઈ. એને એવી ખબર નહોતી કે હસવામાંથી ફસવું થઈ જશે. થોથું થઈ જવાની આશા એ જ તીર લગાવી દીધું. તીર થોથું ન થયું અને બરાબર લાગી ગયું. સવાલ હવે ઊભો થયો.

ગાવડકાની શાળામાં ચંદુ આપેલ તારીખે હાજર ન થયો. કેમ કે શિક્ષક તો થવું જ નહોતું. અધિકારીને એમ સમજાણું કે ચંદુને ગાવડકા ગામ પસંદ નહીં હોય એટલે થોડા દિવસમાં તરવડાની શાળામાં હાજર થવાનો ઓર્ડર પર ઓર્ડર છૂટવા લાગ્યા. આમ છતાં ચંદુએ ઘરમાં કે શાળાના આચાર્યને વાત ન કરી. બધું છૂપું રાખી ઢાંકી દેવાનો મૂડ હતો. સામાન્ય રીતે નોકરી મળ્યાનો આનંદ હોવો જોઈએ તેને બદલે પોતે વિષાદમાં પડી ગયો. અર્જુનત્વએ તેના દિલ, દિમાગમાં પ્રવેશ કર્યો. કારણ એટલું જ કે શિક્ષક તો થવું નથી જ.

થયું એવું કે પોસ્ટમેને શાળાના આચાર્ય શ્રી ભાનુભાઈ ઠાકરને વાત કરી; ''સાહેબ, અમરેલી ખાખી કવર તમારા વિદ્યાર્થી ચંદુ બાવાજીનું આગળ પણ આવ્યું હતું અને આજે પણ આવ્યું છે. હું એને આપીને તમને જાણ કરવા માટે આવ્યો છું. હકીકત શું છે તે મને ખબર નથી પણ સરકારી કવર હતું એટલે કંઈક જરૂરી કામનું હશે એમ લાગે છે. તમે તપાસ તો કરી જુઓ એટલે તમને ખબર તો પડે.'' એમ કહી તે જતો રહ્યો.

તે દિવસે સાંજે શ્રી ભાનુભાઈ અચાનક જ ચંદુને ત્યાં ટપકી પડ્યા. સાહેબને જોઈને ચંદુ હતપ્રભ થઈ ગયો. ઘડીક તો સુનમુન બેસી રહ્યો. કંઈ જ ન બોલી શક્યો. સાહેબે પૂછ્યું; ચંદુ, અમરેલીથી કોઈ કવર આવ્યું છે ? ચંદુએ કવર જ સાહેબના હાથમાં ધરી દીધું. સાહેબે ખોલીને જોયું ને વાચ્યું તો મલક મલક હસી પડ્યા. ''અલ્યા ચંદુ, તું ફાવી ગયો. આ તો તારી નોકરીનો ઓર્ડર છે. જેટલો સાહેબને આનંદ અને ઉત્સાહ હતો તેમાંનો તલભારે ય ચંદુને આનંદ ઉત્સાહ નહોતો. તે કંઈજ બોલ્યો નહીં. મોં પર ખુશી આવવી જોઈએ તેને બદલે પોતે વિષાદમાં પડી ગયો. હવે કરવુ શું ? શિક્ષકની નોકરી નથી કરવાની વાત હૈયામાં ઘુંટાઈ ગયેલી હતી તે નષ્ટ હજું પણ થઈ નહોતી. તેમના આચાર્ય ચંદુની નારાજગી જાણી ગયા હતા. ''જો ચંદુ, લક્ષ્મી કપાળે ચાંદલો કરવા આવે ત્યારે કપાળ ધોવા ન જવાય. સમજ્યો ?'' એમ કહીને ઘરે જતા રહ્યા.

બીજા દિવસે સવારે સાઈકલ લઈને આચાર્ય પોતે ચંદુને ઘેર પહોંચ્યા. ચંદુને બૂમ મારીને બહાર બોલાવ્યો ને કહ્યું, ''ચંદુ, ચાલ મારી સાઈકલ પાછળ બેસી જા. હું તને

તરવડાની શાળામાં હાજર કરવા માટે લેવા આવ્યો છું. ચાલ, તૈયાર થઈ જા ને મારી પાછળ બેસી જા.'' ચંદુએ તો નનૈયો ભણ્યો. આચાર્ય બાહોશ અને કુશળ હતા. તેમણે ચંદુને પ્રેમથી સમજાવી, પટાવીને હાજર થવા માટે તૈયાર કરો. તરવડાની શાળામાં હાજર કરી પોતે સાઇકલ પર બેસીને નીકળ્યા તો અચાનક ચંદુ દોડીને તેમની પાછળ ચડી બેઠો. સાહેબે સાઇકલ થંભાવી. ચંદુને પ્રેમથી પટાવીને સાઇકલ પરથી નીચે ઉતાર્યો ને કહ્યું; ''ચંદુ, તું પણ અમારી જેમ આજે શિક્ષક થઈ ગયો છે. તારે રોકાઈ જવું પડશે.'' ચંદુ એમ માને એવો ક્યાં હતો ? તે સાઇકલ પરથી નીચે ઉતર્યો જ નહીં. બેસી રહ્યો. હઠીલો તો હતો જ.

ત્રીજા દિવસે આચાર્યશ્રી ચંદુને લઈને તરવડા મૂકી ગયા. ચંદુ લખે છે, ''આમ હું નોકરી કરતો થઈ ગયો. તરવડાની શાળામાં ચંદુએ ખંતથી કામ કર્યું. બાળકોમાં તે પ્રિય થઈ પડ્યો. હવે તો ચંદુને પણ બાળકોનાં નેહનો નેડો લાગી ગયો. વાલીઓમાં પણ માન મેળવતો થઈ ગયો.

તરવડામાં શેત્રુંજીને કાંઠે પ્રગતિશીલ ખેડૂત શ્રી ઈસ્માઇલભાઈ નાગોરીનું ફાર્મ હાઉસ હતું. તેમના નાનભાઈ અકબરભાઈ નાગોરીનો પુત્ર અનવર ચંદુ પાસે ભણ્યો. તે આગળ જતાં આઈ.એ.એસ. થયો. ડી.ડી.ઓ. અને કલેક્ટર સુધી પહોંચ્યો. તેનું ગૌરવ ચંદુ જરૂર અનુભવે છે.

તરવડાની બાજુના ગામ મેડીમાં ચંદુને ફરજ બજાવવાનું થયું. અહીં શાળાનો પ્રેમ પણ તેણે જીતી લીધો હતો. અહીંના હરીજનની એક દીકરી મુંગલી તે આગળ ભણીને ડૉક્ટર થઈ અને મનિષા નામે પ્રસિદ્ધ થઈ તે દિલ્હી પહોંચી.

અમરેલી જિલ્લાના ગ્રામીણ સમાજના મશાલચી તરીકે જિલ્લા પ્રાથમિક સંઘના શિક્ષક મિત્રોએ શ્રી ગુણવંતભાઈ પુરોહિત અને તેમના ધર્મપત્ની શ્રીમતી હસુમતિબહેન પુરોહિતનું સન્માન કરવાનું નક્કી કર્યું. તેમાં ગુજરાતના ગવર્નર શ્રી નવલકિશોર શર્માની નીશ્રામાં સન્માન સમારંભમાં ૨૦૦૪ના ૨૭ ઓક્ટોબરના દિવસે ગોઠવાયો. આ સમારંભમાં જિલ્લાભરના પ્રાથમિક શિક્ષકો અને કાર્યકરોને નિમંત્ર્યા. આ મંગલ સમારંભમાં પેલી મુંગલી (મનિષા) પણ આવેલી. સમારંભ પતી ગયા પછી આ મુંગલી ઉર્ફે ડૉ. મનિષા પણ દિલ્હીથી આવેલી તેણે ચંદુને બેઠેલો જોયો એટલે પ્રણામ કરવા નજીક આવીને પગે લાગી. ચંદુ તો જોઈ જ રહ્યો એને ઓળખાણ ન પડી એટલે ડૉ. મનિષા બોલી, ''હું મેડીમાં તમારી પાસે ભણેલી.'' ચંદુને નવાઈ લાગી. આટલા મોટા સમારંભમાં ઘણા વરસે ગુરુ-શિષ્યાનો ભેટો થયો. બન્ને ભાવવિભોર બની ગયા. પ્રેક્ષકો જોઈ રહ્યા. બસ આ જ સાચા શિક્ષકની સાચી મૂડી.

ઘણો સમય તરવડામાં નોકરી તેમને સરકારી ખર્ચે ચાલુ નોકરીએ ટ્રેનિંગ લેવા ગુંદીની પી.ટી.સી. કૉલેજમાં જવાનું થયું. તાલીમ પૂરી થયે તેને અમરેલી જિલ્લાના બગસરા ગામે મૂકવામાં આવ્યો. અહીં પંદરેક દિવસ નોકરી કરી. ચંદુએ જિલ્લા ફેરની માગણી કરેલી એટલે જૂન-૧૬ ૧૯૬૨માં સૂત્રાપાડા બદલવામાં આવ્યો. નિવૃત્તિકાળ સુધી તેમણે સૂત્રાપાડા અને આસપાસના ગામોમાં નિષ્ઠાવાન શિક્ષક તરીકેની છાપ ઊભી કરી જે શિક્ષક થવા જ નહોતો માગતો તેણે બાળચાહના અને લોકચાહના એટલી મેળવી લીધી કે જિલ્લાના અધિકારીઓનો પ્રેમ જીતી લીધો. તેણે શેરીએ શેરીએ જઈને ગામના લોકોને શિક્ષણની ભૂખ જગાડી. રજાના દિવસોમાં અને વેકેશનના દિવસોમાં પણ નવરાશનો ઉપયોગ તેણે શિક્ષણ સેવામાં જ કર્યો. આમ રજાના દિવસોમાં પણ બાળકો રમાડતો અને જરૂર હોય તેને ભણાવતો પણ ખરો.

એક દિવસ તે બજારે ચાલ્યો જતો હતો ત્યારે કુંભારના એક ડોશીમા મળી ગયા. ડોશીમા ચંદુ સામે જોઈ રહ્યા એટલે પૂછવાનું મન થયું.

''હે માડી, મારા બાપા ક્યાં છે ?''

''એ તો કે દુનો મરી ગયો છે અને અમને બન્ને

બહેનોને રંડાપો આપતો ગયો છે.''

''મા, તમે કહો છે તે મને સમજાતું નથી.''

''જો ભઈલા, હું સાસરે આવી પછી મને બાળક ન થયું એટલે મારા ધણીએ મને મારી કાઢી મૂકી. મારી નાની બહેનના લગ્ન થતાં નહોતા એટલે અમે બન્ને બહેનોએ મળીને મારા ધણી પાસે વાત મૂકી. તેમણે હા ભણી એટલે મં કહ્યું, ''હું તમારી સાથે રહીને મજૂરી કરીશ. મારી બહેનને તમે ઘરવાળી બનાવો એમાં હું રાજી છું. તેઓની સંમતિએ અમે ત્રણે સાથે રહેવા લાગ્યા. અમારી ખુશીનો કોઈ પાર નહોતો પણ ઈશ્વરને મંજૂર નહીં હોય. અમારો ધણી ગુજરી ગયો. અમે બન્ને બહેનોને રંડાપો આવ્યો. અમારી હવે ઉંમર થવાને કારણે મજૂરી થતી નથી. આજુ-બાજુના લોકો જમી લીધા પછી વધ્યું ધાન અમને આપી જાય છે. એનાથી અમારો ગુજારો થાય છે. આ રીતે દિવસો કાઢીએ છીએ.''

આ સાંભળી ચંદુનું દિલ દ્રવી ઊઠ્યું. અંતરની વેદનાએ મનોમંથન કરવાનું શરૂ કર્યું. તેણે ઘેર જઈને તેની ઘરવાળીને અથતિ વાત કરી. સાંભળીને તે પણ ભાવવિભોર થઈ ગઈ. બન્ને એ આ બે માજીની વેદના સમજી લીધી. બીજા દિવસે ટીફીન લઈને ચંદુ આપવા આવ્યો ને કહ્યું, 'હવે તમે અમારા મા. બન્ને ટાઈમ તમને ટીફીન પહોંચી જશે. હવે તમારે કોઈનું એંઠું, જૂઠું ખાવાનું નહીં.' આ બન્નેને વિધવા પેન્શન અપાવવાનો ચંદુએ વિચાર કર્યો ને પેન્શન અપાવ્યું પણ ખરું. પછી તો ગામની અને આસપાસના ૬૦ જેટલી વિધવા બહેનોને સરકારી પેન્શન ગોઠવી દીધું. આ રીતે સમાજ સેવાનું કામ ઉપાડ્યું. જેમાં તેને લોકોનો સાથ સહકાર ખૂબ મળવા લાગ્યો.

ચંદુને માયલો સતત ટકોર કરતો રહ્યો. એક દિવસ એને વિચાર આવ્યો કે સૂત્રાપાડાની શાળામાં ભણવા આવતા બાળકો સિવાય જેવો પોતાની વાડીમાં રહે છે. તેમના બાળકોને ગામની શાળા દૂર પડતી હોવાથી તેઓના બાળકો ભણ્યા વગરના રહી જાય છે. સતત મનોમંથન થયા પછી નવનીત બહાર આવ્યું; સીમશાળા શરૂ કરવાનું નક્કી કરી લીધું. તે માટે ઉનાળાના લાંબા વેકેશનમાં સીમ સર્વે શરૂ થયો. શાળામાં ન જઈ શકતા બાળકોની યાદી કરી. તેને એક જગાએ ભેગા કરીને પૂછ્યું, ''તમે બધા કઈ નિશાળે ભણવા જાવ છો ?'' જવાબ મળ્યો, ''વાડી વિસ્તારથી સૂત્રાપાડા ગામ ઘણું દૂર થાય છે, એટલે અમે ભણવા કેમ જઈએ ?'' ચંદુએ બાળકોના વાલીઓને એકઠા કર્યા પૂછ્યું, તમારા આ બાળકો ભણ્યા વગરના રહી જાય છે. તેમને ભણાવવા માટે સીમશાળા શરૂ કરીએ તો કેમ ? તમે બધા સહકાર આપશો ? સૌએ એક સાથા 'હા' ભણી. આખું વેકેશન એક વિશાળ વડની શીતળ છાયામાં ભણાવ્યા. નાસ્તો પણ સ્વખર્ચે આપ્યો. આમ બાળકો અને વાલીઓમાં ભણવાની ભૂખ જગાડી.

વેકેશન પૂરું થયું. શાળાઓ શરૂ થઈ ગઈ. ચંદુએ ૧૯૯૧માં સૂત્રાપાડાની પ્રથમ સીમશાળા બેથી અઢી કિ.મી. દૂર ઉત્તરમાં શરૂ કરાવી. ચિત્રકૂટ સીમશાળા ૧૯૯૩માં શરૂ કરાવી, ધારની સીમશાળા ૧૯૯૬માં અને વૃંદાવન સીમશાળા ૧૯૯૮માં શરૂ કરાવી. આમ આટ વર્ષમાં કુલ ચાર સીમશાળાઓ શરૂ થઈ ગઈ. શાળાના મેદાનમાં બગીચા, છાંયો આપતા વૃક્ષો રોપાવી આજે વાતાવરણ હરિયાળુંને આહ્લાદ બની રહ્યું છે.

ચંદુલાલે બહુ જ પુણ્યનું કામ લોકોના દિલ જીતી લીધા. હું કહું છું કે, જેના દિલમાં બાળકોના શિક્ષણની આગ પ્રજવળે છે અને સ્વપ્નને સિદ્ધ કરી બતાવવાની સક્રિય-સહાનુભૂતિ ધરાવે છે તેને હું નિત્ય નાવિન્ય આપતો જીવંત શિક્ષક કહું છુ, જે અભણ બાળકોની વેદના સતત સતાવતી હોય છે.

વળી એક નવો વિચાર, જે બાળકોની માતા ગુજરી ગઈ હોય તેની સ્મૃતિમાં એ બાળકના હસ્તે વૃક્ષારોપણ કરાવી તે વૃક્ષ પર માતાની તકતી લગાવી દેવામાં આવતી અને આ વૃક્ષને નિત્ય પાણી પાવાની ને યોગ્ય કાળજી લઈ

ઉછેરવાની જવાબદારી તે બાળકને આપવામાં આવતી હતી. પોતાની માનું નામ વૃક્ષ સાથે જોડાતા બાળક વૃક્ષપ્રેમ વધી જતો તેથી વિશેષ કાળજી લેવામાં આવતી હતી.

આ ચારે સીમશાળામાં ભણતા બાળકોની વિધવા માતાઓને દર વરસે દશેરા અને દિવાળીના તહેવારોમાં ચાર દિવસ સુધી મીઠાઈઓ અને ફરસાણ પહોંચાડવાની જવાબદારી ચંદુના મિત્રોએ ઉપાડી લીધી. આ ઉપરાંત દરેક માતાને કાપડું, નવું ઓઢણું અને પેયણું (પહેરવાનું વસ્ત્ર) આપવામાં આવતું હતું. ગામના પરગજુ યુવાન મિત્રો શ્રી મહેરામણભાઈ શ્રીરામ લાલા, રાઘવભાઈ, ગીગાભાઈ કંસારા અને અરસીભાઈ માંડા તથા હરિભાઈ દરજીની સહભાગીદારીએ કામ થતું હતું.

એક વખત એવો રમૂજી પ્રસંગ બન્યો.

કાળીમાના ભાગમાં ચુરમાનો લાડુ આવ્યો. લાડુ કઠણ લાકડા જેવો. કાળીમાંથી ભાંગ્યો નહીં એટલે તેણે હાથમાં પથ્થર લઈ લાડુ પર પછાડ્યો તો લાડુ છટકીને દૂર પડ્યો. હવે આ લાડુ કાળીમાને કોણ લાવી આપે ? તેનાથી તો ચલાતું નહોતું. કોઈ નીકળી તેની રાહમાં બેઠા હતા ત્યાં એક કૂતરું નીકળ્યું. મોંમાં લાડુ લઈને ભાગી ગયું. કાળીમાં લાડુ ખાધા વગર રહી ગયી.

બીજા દિવસે ચંદુની મંડળી વૃદ્ધ માતાઓની મુલાકાતે નીકળી. તેઓએ કાળીમાના મોંમાંથી આખી કહાની સાંભળી. સૌ હસી પડ્યા. પણ કાળીમા મીઠાઈ વગર રહી જાય એ કેમ ચાલે ? તરત પેંડાનું બૉક્સ મંગાવી તેમને રાજી કર્યા.

ગામની વિધવા માતાઓ બીમાર પડે તો તેની દવા કોણ લાવી આપે ? ચંદુના ત્રણ ડૉક્ટર મિત્રોને વાત કરી તો તેમણે ફ્રી સેવા તથા દવા વગેરે સારવાર ખર્ચ ઉપાડી લેવાની જવાબદારી ડૉ. સુભાષભાઈ, ડૉ. જાની સાહેબ અને વાલભાઈના સાથ સહકારથી વિધવા માતાઓ ખુશ-ખુશાલ થઈ ગયા.

ચંદુ પહેલાથી જ સાહસિક, હિંમતવાન અને પરગડુ હતો. તે પોતાના ગામ બાબાપુરની સર્વોદય મંદિરની પોસ્ટબેઝીક હાઈસ્કૂલમાં ભણતો હતો. ત્યારે સંસ્થાની પાસે એક ખેડૂતની વાડીના કૂવામાં બળદ પડી ગયો. ખેડૂતે દેકારો બોલાવ્યો. ગામના માણસો ભેગા થઈ ગયા. નિશાળીયાઓ પણ બહાર નીકળી પડ્યા. બળદને કેમ બહાર કાઢવો તે અંગે તર્કવિતર્ક થવા લાગ્યા, પણ કોઈ હિંમત કરી કૂવામાં ઉતરવાનું અને બળદના શીંગડામાં નાડુ બાંધવાની કોઈ હિંમત કરે નહીં, ચંદુ પણ દોડી આવ્યો. તેણે હિંમત કરી કેમકે શ્રીમતી હસુમતિબહેન પુરોહિત ચંદુને બરાબર જાણતા હતા એટલે કહે, ‘ચંદુ, તારા સિવાય કોઈનું કામ નહીં. તારે જ કૂવામાં ઊતરવું પડશે.’ ચંદુ દોરડું પકડીને સડસડાટ કૂવામાં ઊતરી ગયો. બળદના બન્ને શિંગડામાં દોરડું કચકચાવીને બાંધી દઈને બહાર આવી ગયો. પછી તો દોરડું પકડીને યુવાનિયો હિસ્સો, હિસ્સો કરીને બળદને બહાર ખેંચી લીધો.

આખી જિંદગીમાં આવા સાહસના અનેક કામ તેના સાહસે કર્યા હતા. તેનું નામ પણ પ્રખ્યાત થઈ ગયું. ચંદુના કર્મયોગે સેવાના અનેક કામો થતા રહ્યા. સાથે સાથે શિક્ષણની જ્ઞાનધારા પણ વહેતી રહી.

શિક્ષક નહીં બનવાની હઠ પકડી રહેલા ચંદુનું ત્રીજું નેત્ર જ્ઞાનનું ખૂલી જતા તેમણે શિક્ષણની વ્યવસાય કે ફરજ ગણીને કોઈ કાર્ય કર્યું જ નહોતુ. તેમણે તો શિક્ષણને ધર્મકાર્ય સમજીને જ સેવા નિવૃત્તિના છેલ્લા શ્વાસ સુધી માનવતાની જ્યોત પ્રગટાવતો જ રહ્યો છે. તે પોતાના હૈયાની વાત શબ્દોમાં ઉતારતા લખે છે, “પૂ. ગુણવંતદાદા ક્યારેક અમારી પાસે આવતા અને કહેતા કે છોકરાઓ ભણ્યા પછી નોકરી ધંધામાં જોડાઈ જાવ અને સારું કામ કરો. સાથે સાથે એકબીજાને ઉપયોગી થવાનું ભૂલતા નહીં અને નીડર બનો.”

આ સંદેશો જૂનાગઢની આરજી હકૂમતના સેનાપતિ શ્રી રતુભાઈ અદાણીના અદના સૈનિક શ્રી ગુણવંતરાય પુરોહિતનો છે.

# ઓનલાઈન એજ્યુકેશનના લેખાજોખાં

રણછોડ શાહ

મેનેજિંગ ટ્રસ્ટી, એમિટી સ્કૂલ, ભરૂચ.
સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧





કોવીડ—૧૯ના અચાનક આક્રમણ અને ત્યારબાદના સંક્રમણે વિશ્વની સમાજવ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરી નાંખી છે. રોજબરોજના જીવન વ્યવહાર, કામકાજ અને સંબંધોમાં અકલ્પનીય આંચકો — ફેરફાર આવી ગયો. માનવ જીવનમાં ધરતીકંપ આવી ગયો. માણસોને આ બાબતે સહેજપણ વિચારણા કરવાનો સમય કે તક જ ન મળ્યા. લોકડાઉને માનવીને તમામ ક્ષેત્રે 'રૂકજાવ'નો આદેશ આપી દીધો. પુખ્તો અને વયસ્કો તો કદાચ આ ધક્કાને સહન કરી શકે પરંતુ શાળાના ભૂલકાંઓ અને વિદ્યાર્થીઓ માટે આ આંચકો સમજ બહારનો હતો. શૈક્ષણિક સંસ્થાઓ તાત્કાલિક અસરથી બંધ થઈ ગઈ. ઘર બહાર નીકળવા ઉપર પાબંદી આવી ગઈ. મિત્રો સાથે હળવા મળવાનું બંધ થઈ ગયું. પ્રવૃત્તિવિહીન પરિસ્થિતિમાં સમય કેવી રીતે પસાર કરવો તે એક વિકરાળ સમસ્યા શાળાના બાળકો માટે ઊભી થઈ ગઈ. શરૂઆતમાં બે—ત્રણ અઠવાડિયા તો થોડુંક સારું લાગ્યું. ઘરકામની થોડીક પ્રવૃત્તિઓમાં મદદરૂપ બન્યા. ક્યારેક લાંબો સમય ફોન કરી મિત્રો અને સગાવાહલાંઓનો સંપર્ક કર્યો. ખૂબ લાંબી નિંદ્રા માણી. ટી.વી. સાથે લાંબા સમય સુધી સત્સંગ કર્યો. પરંતુ ધીમે—ધીમે સમય આગળ વધતાં અકળામણ અનુભવવા લાગી. આ સંજોગોમાં **"ઓનલાઈન એજ્યુકેશન"**ની શરૂઆત થઈ.

વર્ગખંડના શિક્ષણમાંથી ઓનલાઈનના શિક્ષણ ઉપર જવાની વચ્ચે કોઈ સમયગાળો નહોતો. બાળકો થોડા કે વધુ સમય માટે વ્યસ્ત રહે તે માટે આ રસ્તો પસંદ કરવો પડયો. આ તબક્કે શિક્ષકો આ પદ્ધતિથી શિક્ષણ આપવા માટે સક્ષમ નહોતા. જેને જેટલું અને જેવું આવડે તેવું શીખવતા. ટેકનોલોજીના થોડાંઘણાં પણ જાણકાર શિક્ષકોને સહેલાઈથી ફાવટ આવી ગઈ. અન્ય શિક્ષકો દેખાદેખી અને પૂછપરછથી ઘરેથી ઓનલાઈન એજ્યુકેશન આપવા માંડયા. શિક્ષકોની આવડત બાબતે થોડીક કચાશ હોઈ શકે પરંતુ તેમની નિષ્ઠા બાબતે સહેજ પણ શંકા નહોતી. ભૂલ અને પ્રયત્ન (Trial and Error) દ્વારા શિક્ષણ કાર્ય કરતાં હતાં. એકાદ બે માસમાં મોટાભાગનાને હથોટી આવી ગઈ. આ તબક્કે વાલીઓ પણ આ પ્રકારના શિક્ષણથી અજાણ હતા. શાળાઓએ મોબાઈલ શાળામાં લાવવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. તેથી વાલીઓ ગભરાતાં ગભરાતાં બાળકોને મોબાઈલ મુકરર સમય માટે આપતા હતા. વાલીઓ પણ મોબાઈલનો ઉપયોગ શૈક્ષણિક કાર્ય માટે થઈ શકે તે બાબતે અજાણ હતા. અનેક પ્રકારની સમસ્યાઓ અને મૂંઝવણો હતી. ક્યારેક બે બાળકો વચ્ચે એક જ મોબાઈલ હોય તેવી સ્થિતિ હતી. શિક્ષકો અને વાલીઓ એકબીજા સાથે વિચારવિમર્શ કરી શૈક્ષણિક કાર્ય આગળ વધારતા હતા. લગભગ જૂન—૨૦૨૦નો અંત આવતા સુધીમાં વાલીઓ અને શિક્ષકો આ રીતે શિક્ષણ લેવા—આપવાનું જરૂરીયાત પૂરતું શીખી ગયા.



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સ્વાભાવિક રીતે જ જીવનમાં એક પ્રશ્નનો ઉકેલ આવે ત્યાં સુધીમાં બીજી સમસ્યા ઊભી ન થાય તેવું ભાગ્યે જ બને. હવે જૂજ વાલીઓને એમ લાગ્યું કે શાળાઓ ફી ઉઘરાવવા માટે ઓનલાઈન એજ્યુકેશન આપવાનો દેખાડો કરી રહી છે. તો કેટલાક શાળા સંચાલકોને એમ લાગ્યું અને લાગે છે કે વાલીઓએ ફી ન ભરવી પડે માટે ઓનલાઈનનો વિરોધ કરી રહ્યા છે. બંને પક્ષોએ પોતપોતાની અનુકૂળતા પ્રમાણેની દલીલો કરવા માંડયા. તટસ્થતાપૂર્વક ઓનલાઈન એજ્યુકેશન અંગેની ચર્ચાએ સ્થાન જ ન લીધું. **સૌએ સમજી અને સ્વીકારી લેવાની હકીકત એ છે કે વર્ગખંડના સીધા શિક્ષણનું સ્થાન ઓનલાઈન એજ્યુકેશન લઈ શકે જ નહીં.** શિક્ષણ તો પ્રત્યાયનનો વિષય છે. તેની સાથે લાગણી, સંવેદના, આંખોનું મિલન, હાવભાવ, વર્ગખંડનું વાતાવરણ શાળાનું ભાવવરણ તથા બીજી અનેક સજીવ અને નિર્જીવ હકીકતો અને બનાવો જોડાયેલ હોવાથી પ્રત્યક્ષ શિક્ષણનું મહત્વ આગવું છે. પરોક્ષ શિક્ષણમાં આવી અનેક બાબતોનો છેદ ઊડી જાય છે. પરંતુ વર્તમાન સંજોગોમાં પ્રત્યક્ષ શિક્ષણની પરિસ્થિતિ નજીકના ભવિષ્યમાં શકય દેખાતી નથી. એટલું જ નહીં ટૂંક સમયમાં બાળકો શાળામાં આવી શિક્ષણ પ્રાપ્ત કરી શકશે તેવી પરિસ્થિતિ નજરે પડતી નથી. આ સંજોગોમાં ઓનલાઈન એજ્યુકેશન એક જ વિકલ્પ છે ત્યારે આપણે તેને ઉત્તમોત્તમ બનાવીએ તેમાં જ બાળકોનું શ્રેય છે. વિદ્યાર્થીઓને કાર્ય વિનાના રાખવાથી અકલ્પનીય હોય તેવા દૂષણોનો તેઓ ભોગ બની શકે. આળસુ મગજ તો સેતાનનું કારખાનું છે.

વર્તમાન સમયમાં નીચેના જેવા પ્રશ્નો ઓનલાઈન શિક્ષણ સંબંધે સમાજમાં ઊઠી રહ્યા છે:

**(૧) ઓનલાઈન એજ્યુકેશન કઈ ઉંમરથી અને કયા ધોરણથી શરૂ કરવું જોઈએ?**

હાલમાં તમામ બાળકો ઘરે જ રહે છે. કોરોનાને કારણે તેમને સમાજમાં ભળવા ઉપર પાબંદી છે. સોસાયટી કે ફળિયામાં જઈ શકતા નથી. આ સંજોગોમાં તમામ બાળકો માટે ઓનલાઈન એજ્યુકેશન હોવું જોઈએ. તેમની એકલતા દૂર કરવામાં આ પ્રકારની કામગીરી ખૂબ ઉપયોગી બનશે. તેઓ પાસે હાલ ઘરમાં કોઈકામ નથી. આટલી નાની ઉંમરે કોઈ ખાસ શોખ વિકસીત થયો હોય તેવું બહુ જ ઓછા દાખલાઓમાં શકય બને. વર્તમાન સમયમાં મોટાભાગે પ્રત્યેક ઘરમાં વધુમાં વધુ બે બાળકો છે. તેવા સંજોગોમાં થોડો ઘણો સમય પણ ઓનલાઈન એજ્યુકેશન આપવાથી બાળકની નિષ્ક્રિયતા અને એકલતા દૂર થશે. તેમને કોઈના સાથની જરૂર છે. તેવા સંજોગોમાં થોડા સમય માટે પણ પ્રવૃત્તિમાં સાંકળવા અત્યંત આવશ્યક છે. નિયમિત શાળાના સમયગાળામાં તેમની પાસે સમય પસાર કરવાના ઘણા રસ્તાઓ ખૂલ્લા હતા. હાલમાં તે શકય નથી. અત્યારના કપરા સંજોગોમાં તો તેઓ કોઈપણ નાની મોટી પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે તે માત્ર જરૂરી જ નહીં પરંતુ અત્યંત આવશ્યક છે. કદાચ ઓનલાઈન એજ્યુકેશનને તે નજરે જોવા પ્રયત્ન કરવો તેમાં શાણપણ છે.

**(૨) જુદા–જુદા ધોરણો અને વયજૂથ પ્રમાણે ઓનલાઈન એજ્યુકેશન કેટલા સમયનું હોવું જોઈએ?**

આ પ્રશ્ન તો એવો છે કે બાળકને શિક્ષણ કયારથી આપવું જોઈએ? કોઈપણ પ્રકાર અને પદ્ધતિથી અપાતું શિક્ષણ તમામ બાળકોને આપવવું જ જોઈએ. અલબત્ત બાળકની ઉંમર અને ગ્રહણશકિતને સીધો સંબંધ હોવાથી શિક્ષણના સમય બાબતે ઉંમરને ધ્યાનમાં રાખવી જોઈએ. બાળકની વય અને કક્ષાને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવો જોઈએ. અત્યારની વર્ગખંડની શિક્ષણ વ્યવસ્થામાં બાલમંદિરનો સમય લગભગ ત્રણ કલાકનો અને ધોરણ–૧ થી ૧૨ નો સમય પાંચ થી છ કલાકનો છે. પરંતુ ઓનલાઈન એજ્યુકેશનમાં આટલો લાંબો સમય રાખવો શકય નથી અને જરૂરી પણ નથી. વય અને કક્ષાને ધ્યાનમાં રાખીને વિષયવસ્તુ (Content), પદ્ધતિ (Methods) અને શૈક્ષણિક સાધન (Teaching Aids) અંગે વિચારવું જોઈએ. વળી આ ત્રણે બાબતો પણ સમયે–સમયે અને સ્થળે–

સ્થળે બદલાતી રહી છે અને રહેશે. આ જ બાબત ઓનલાઈન શિક્ષણમાં લાગુ પડે છે. હાલના સંજોગોમાં બાલમંદિર થી ધોરણ–૨ સુધીના બાળકો માટે લગભગ એક કલાક સુધીનું શિક્ષણ હોઈ શકે. આ કક્ષાએ શિક્ષણ માત્ર પ્રવૃત્તિના સ્વરૂપે જેટલું વધારે રાખી શકાય તેટલું રાખવું સારું. ધોરણ–૩ થી ૬ માટે એક થી દોઢ કલાક, ધોરણ–૭ અને ૮ માટે બે કલાક, ધોરણ–૯ અને ૧૦ માટે લગભગ ત્રણ કલાક અને ધોરણ–૧૧ અને ૧૨ માટે લગભગ ચાર કલાકનું શિક્ષણ રાખી શકાય. અલબત્ત આ સમયમાં જરૂરીયાત પ્રમાણે વધારો–ઘટાડો કરી શકાય. વળી શરૂઆતમાં ઓછો સમય રાખી ક્રમિક વધારો પણ થઈ શકે. અહીંયા કોઈપણ પ્રકારની કઠોરતા (Rigidity) ચાલી શકશે નહીં. નરમાશતા (Flexibility) રાખવી પડશે.

**(૩) ઓનલાઈન એજ્યુકેશન શૈક્ષણિક દ્રષ્ટિએ કેટલું અસરકારક છે?**

દ્રશ્યશ્રાવ્ય પદ્ધતિ શિક્ષણની સૌથી અસરકારક પદ્ધતિ સમગ્ર વિશ્વમાં સાબિત થઈ ચૂકી છે. શિક્ષકો ઓનલાઈન એજ્યુકેશનમાં મહત્તમ આ પદ્ધતિનો જ ઉપયોગ કરે છે, કદાચ કરવો પડે છે. તેઓ ગુગલ મારફત માહિતી મેળવી વિદ્યાર્થીઓને શકય તેટલી રસપ્રદ અને અસરકારક રીતે પહોંચાડે છે. ગ્રાફ તથા અન્ય આકૃતિઓ બતાવવાનું અને બનાવવાનું સરળ બને છે. વિદ્યાર્થીઓ જૂએ પણ છે અને સાંભળે પણ છે. હાલમાં આપણા સારસ્વતો નવીન પદ્ધતિઓ શોધી–શોધીને પોતાના શિક્ષણને વધુને વધુ અસરકારક અને રસપ્રદ બનાવવા અત્યંત પ્રવૃત્તિશીલ છે. વળી હાલમાં શિક્ષકો પાસે સમયની પણ અનુકૂળતા છે, ઉત્સાહ છે, નૂતન કામગીરીના પડકારોને પહોંચી વળવાની ધગશ છે તેથી ઓનલાઈન એજ્યુકેશન અત્યંત અસરકારક બની રહ્યું છે. આત્યંતિક લાગે તો પણ કહેવું જોઈએ કે શિક્ષણના કેટલાક મુદ્દાઓમાં તો વર્ગખંડના શિક્ષણ કરતાં પણ વધુ અસરકારક પૂરવાર થયું છે.

**(૪) બાળકોના શરીર અને મગજ ઉપર ઓનલાઈન એજ્યુકેશનની કેવી અસર થાય છે?**

કોરોનાને કારણે જીવનવ્યવહાર અને પદ્ધતિ બંને બદલાઈ ગયા છે. બાળકો માટે આ નવીન પદ્ધતિ દ્વારા શિક્ષણ અપાતું હોવાથી તેઓ પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત થયા છે. બાળકોને હંમેશા નવું–નવું વિશેષ ગમતું હોય છે. તેમના શરીર અને વયને સાંકળીને જોવામાં આવે તો શિક્ષણનો અભ્યાસક્રમ તો નિયમિત શિક્ષણવાળો જ છે તેથી તેમના શરીર ઉપર કોઈ વિપરીત અસર પડવાનો પ્રશ્ન જ ઉપસ્થિતિ થતો નથી. મગજ તો જે નિયમિત શિક્ષણમાં વાપરવાનું હતું તે જ ઓનલાઈન એજ્યુકેશનમાં પણ છે. બાળકોને નૂતન પદ્ધતિ હોવાથી કદાચ વધારે રસ, આનંદ, જીજ્ઞાસા અને કૂતહલ પોસાય છે. તે સંજોગોમાં ઓનલાઈન એજ્યુકેશન બાળકોના મગજ અને શરીર માટે વધારે અસરકારક પૂરવાર થશે તેવું વર્તમાન પરિસ્થિતિ જોતાં લાગે છે.

**(૫) ગુજરાતની બધી શાળાઓ માટે ઓનલાઈન એજ્યુકેશનનો સમય એક સાથે રાખવો જોઈએ?**

વર્ગખંડની શિક્ષણ પદ્ધતિમાં ગુજરાતની તમામ શાળાઓમાં લગભગ એક સરખો જ સમય છે. જયાં બે પાળીમાં શાળાઓ ચલાવવાની ફરજ પડે છે ત્યાં સવાર અને બપોરની શાળા છે. પરંતુ શાળાનો સમય જે તે સ્થળની પરિસ્થિતિ ઉપર આધારિત હોય છે. આ સંજોગોમાં તમામ શાળાઓનો સમય સાથે રાખવામાં કશી હરકત હોય તેવું લાગતું નથી. પરંતુ સમય બાબતે ચુસ્તતા રાખવામાં કોઈ વિશેષ તર્ક પણ નજરે પડતો નથી. આ સંજોગોમાં ઓનલાઈન એજ્યુકેશન બાબતે શાળાઓને સમય બાબતે સ્વતંત્ર નિર્ણય કરવા દેવા માટેનું પગલું કદાચ વધારે હિતપૂર્વકનું રહેશે.

**(૬) નાનાં બાળકો ઓનલાઈન એજ્યુકેશનની સાથે વિડિયોગેઈમની લતે ચડી જાય છે, એનો ઉપાય શું?**

અગાઉના સમયમાં મોબાઈલ વાપરવા ઉપર શાળામાં અને અન્ય ઓફિસોમાં પણ પ્રતિબંધ હતો. કારણ

કે તેનો દૂરઉપયોગ થશે તેવી શંકા રહેતી. ધીમે–ધીમે ઓફિસમાં પણ મોબાઈલ લાવવા ઉપર અને તેના વોટસ્એપ ગ્રુપ બનાવી ત્વરીત માહિતી પહોંચાડવામાં ઉપયોગ થવા લાગ્યો. શિક્ષણની અને અન્ય તમામ સંસ્થાઓમાં મોબાઈલનો ઉપયોગ અનિવાર્ય લાગતાં તેના ઉપરનો પ્રતિબંધ ઈચ્છા કે અનિઈચ્છાએ ઊઠાવી લેવો પડયો. આ પરિસ્થિતિમાં સૌ તેનો સદ્ઉપયોગ જ કરશે તેવી ધારણા અને વિશ્વાસ રાખવામાં આવે છે. કર્મચારીઓને વિશ્વાસમાં લઈ તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે સમજાવવા પડશે. ધીમે–ધીમે સૌ આ બાબતે સમંત થશે જ. બાળકો બાબતે પણ આવું જ બનશે. શરૂઆતમાં જે ભય સેવાયો છે તેવું કદાચ બને. પરંતુ મોબાઈલમાં ટેકનોલોજીની મદદથી વિડીયોગેઈમને દૂર કરી શકાય, તેને ડિલિટ કરી શકાય. બાળકોને કાઉન્સીલીંગ કરી સમજાવી શકાય. પરંતુ આ કાલ્પનિક ભય રાખી શિક્ષણથી થતી પ્રગતિને રોકી રાખવી જોઈએ નહીં.

**(૭) પ્રશ્નોત્તરી અને વાર્તાલાપને કેવો અવકાશ ઓનલાઈન એજ્યુકેશનમાં છે?**

ઓનલાઈન એજયુકેશનમાં પ્રશ્નોત્તરી અને વાર્તાલાપને સંપૂર્ણ અવકાશ છે, કદાચ સામાન્ય શિક્ષણ પદ્ધતિ કરતાં વિશેષ છે. એક ઉદાહરણ દ્વારા આ બાબતે વધુ સ્પષ્ટ થઈએ. વર્ગખંડમાં કોઈ વિદ્યાર્થીએ પ્રશ્ન પૂછવો હોય તો તે વિચારે છે કે મારો પ્રશ્ન સાંભળી અન્ય વિદ્યાર્થીઓ હસી પડશે તો શું? લઘુતાગ્રંથિ ધરાવતા વિદ્યાર્થીઓ તો પ્રશ્ન પૂછવાથી ડરતા હોય છે. ઓનલાઈન એજ્યુકેશનમાં તો પ્રશ્ન પૂછનાર વિદ્યાર્થી જે તે સમયે એકલો જ હોવાથી નિર્ભિક બનીને શિક્ષકને પ્રશ્ન પૂછી શકે છે કારણ કે અન્ય વિદ્યાર્થીઓ તેના તરફ કઈ દ્રષ્ટિથી જૂએ છે તે તરફ તેને લક્ષ્ય આપવાની જરૂર નથી. ઓનલાઈન પદ્ધતિમાં તો લઘુતાગ્રંથિ બહુ જ ઝડપથી દૂર થઈ જાય છે. વાર્તાલાપને ખૂબ મોટા પ્રમાણમાં અવકાશ છે. અત્યારે જ્યાં ઓનલાઈન એજ્યુકેશન અપાય છે તેવી સંસ્થાઓના વિદ્યાર્થીઓને શિક્ષક વચ્ચે ઘણું વધારે પ્રત્યાયન થાય છે. વર્ગખંડમાં ઉપસ્થિત થતા અવાજ અને અવ્યવસ્થાના પ્રશ્નો ઓનલાઈન એજ્યુકેશનમાં ઉપસ્થિત જ થતા નથી. વિદ્યાર્થીઓમાં ઉપસ્થિત થતી શિસ્તની સમસ્યાનો ઓનલાઈન એજયુકેશનમાં સદતંર છેદ ઊડી જાય છે.

'કદાચ ઓનલાઈન એજ્યુકેશન નિયમિત વર્ગખંડના શિક્ષણ કરતાં વધારે અસરકારક પૂરવાર થઈ શકે' – પરંતુ આવું વિધાન કરવું અત્યંત ઉતાવળીયું છે, તેને સંશોધનનો કોઈ સચોટ આધાર પણ નથી. બે–પાંચ વર્ષ પછી આ બાબતે નિર્ણય ઉપર આવી શકાય.

**ઓનલાઈન એજ્યુકેશનની મર્યાદાઓ :**

ઓનલાઈન એજયુકેશનમાં શિક્ષક અને શિષ્યનું પ્રત્યક્ષ મિલન શકય ન હોવાથી પ્રેમ, લાગણી, સન્માન, કરૂણા, દયા જેવા અનેક માનવીય ગુણોનો છેદ ઊડી જાય છે. શિક્ષકોની ખભા ઉપર અપાતી શાબાશી કે શીર ઉપર આશીર્વાદ આપતી મુદ્રા કયારેય ઓનલાઈનમાં પ્રાપ્ત થતી નથી. શિક્ષક તરફથી વિદ્યાર્થીઓનું માન–સન્માન વ્યકત કરવાની નજીવી તકો પ્રાપ્ત થાય છે. કયારેક ખોળામાં બેસાડી અપાતા શિક્ષણનું વહાલસભરનું દ્રશ્ય નજરે પડશે નહીં. શિક્ષિકાની સાડીનો છેડો પકડી શાળામાં ફરતું ભૂલકું જોવા મળશે નહીં. મિત્રોની મિત્રતા અને વ્હાલ ભાવિ યુવાનોના જીવનમાંથી અદ્રશ્ય થઈ જાય તેવો ભય છે. નાસ્તાના સમય દરમિયાન કરવામાં આવતા વિવિધ ઘરના સ્વાદોનો લ્હાવો ઓનલાઈન શિક્ષણને કારણે બાળકો પાસેથી ઝૂંટવાઈ જશે. ભવિષ્યના યુવાનો આ બધી તકોથી દૂર રહેતાં સામાજિક એકતા અને અખંડિતતા સમાજમાંથી ઘટતી જાય તેવું પણ જોવા મળે. બાળકો સમુહજીવન નહીં શીખી શકે.

***નોંધ : આ લેખ ઍમિટી શાળા, ભરૂચ અને ઍમિકસ ઈન્ટરનેશનલ સ્કૂલ, ભરૂચ અને વડોદરાના સારસ્વત મિત્રોએ ત્રણ માસ સુધી સઘન ઓનલાઈન શિક્ષણ આપ્યું તેના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. તેમના અનુભવો પાયામાં રહેલા છે.***

# હું શિક્ષક હતો ત્યારે...

- રવજી ગાબાણી



ધોરણ ૬માં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ, મને કરેલા એક વેધક પ્રશ્નની વાત કરતી હૃદયદ્રાવક સત્યકથા આપ સૌ સામે મૂકું છું. (ફોટો હમણાના પાઠ્યપુસ્તકનો છે.)

**ઓ હિંદ દેવભૂમિ !**



આ વાત ઈ.સ.૧૯૯૪-૯૫ની છે. એ સમયે હું બોટાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતો હતો.મારી નોકરીના એ શરૂઆતના દિવસો હતા. અમારી શાળા નં.૩ના આચાર્ય અબ્દુલભાઈ હતા. સરળ પ્રકૃતિના બાહોશ માણસ એવા અબ્દુલભાઈનો ત્યારે ભારે દબદબો હતો. ન.પ્રા.શિ.સમિતિમાં અને તમામ આચાર્યો તથા શિક્ષકોમાં એમની ભારે પહોંચ અને પ્રભાવ હતો. ગુજરાત રાજ્ય ન.પ્રા.શિ.સંઘ (ઘટક)ના તેઓ પ્રમુખ પણ હતા. એટલે એમના વડપણ હેઠળની શાળામાં નોકરી કરવા સમયે અનેક અનુભવો થયાં, જેમાંથી ઘણું બધું શીખવા મળ્યું.“ એ સમયે ત્યાં બાબુભાઈ કાકડિયા પણ શિક્ષક તરીકે કામ કરતા હતા. બા.ના કાકડિયાને સૌ બા.ના.કહીને સંબોધે. નિયમો અને પગાર બાંધણી, ફિક્શેસન, પેન્શન જેવી વહીવટી બાબતોના ખાં કહી શકાય એવા બા.ના. કાકડિયાએ ફીક્સ કરેલ પગાર બાંધણી કે પેન્શનમાં કોઈની તાકાત નહીં કે ભૂલ કાઢી શકે.વળી, સરકાર પક્ષે એક પણ રૂપિયાનું નુકસાન જાય એ બા.ના.કાકડિયા હરગીજ સાંખી ન લે. જાણે કે સરકારી તિજોરી નો પહેરેગીર હોય, એ રીતે સરકારી નાણાનો દુર્વ્યય ન થાય એ માટે ચીવટ રાખે. પોતે તૈયાર કરેલ પગારબીલ કે ફિક્શેશનમાં કોઈ ભૂલ કાઢી આપે તો સામેવાળો કહે, તે શરત હારી જવા તૈયાર રહેતા આ માણસના અક્ષર પણ મોતીના દાણા જેવા હતા. લગભગ તમામ નિયમો બા.ના.કાકડિયાને મોઢે જ હોય. ટૂંકમાં નિયમોના ખાં એમ કહેવું હોય તો કહી શકાય.

હું બોટાદ ન.પ્રા.શા.નં.૧૭માં નોકરી કરતો હતો, પણ અબ્દુલભાઈ નવા અને મહેનતું શિક્ષક તરીકેની મારી વાતો સાંભળીને મારો ઓર્ડર એમની સ્કૂલમાં કરાવીને લઈ ગયેલા. એ સમયે અબ્દુલભાઈ ધારે એની ધારે એ સ્કૂલમાં બદલી કરાવી શકતા હતાં એટલે મને પણ એ બીજી સ્કૂલમાંથી અહીં ખેંચી લાવેલા.

મારા ભાગે છઠ્ઠુ ધોરણ આવેલું. જૂનમાં વેકેશન ખૂલ્યા પછીના શરૂઆતના દિવસો હતા. ૬૩ જેટલા વિદ્યાર્થીઓનો મારો વર્ગ હતો. એક વિદ્યાર્થી બ્રાહ્મણ જ્ઞાતિનો હતો. ૨૫ વિદ્યાર્થીઓ સથવારા જ્ઞાતિમાંથી અને ૧૮ વિદ્યાર્થીઓ અનુ.જાતિમાંથી આવતા હતા. બાકીના વિદ્યાર્થીઓ મુસ્લિમ પરિવારમાંથી આવતા હતા.

એ સમયે એક હૃદયદ્રાવક ઘટના બનેલી. પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા જનરલ કાસ્ટના વિદ્યાર્થીઓ સિવાય બાકીના વિદ્યાર્થીઓને મફત પાઠય પુસ્તકો આપવાની ગુજરાત સરકારની એ સમયે યોજના હતી.(આજે બધા જ વિદ્યાર્થીઓને મફત પુસ્તકો મળે છે.) ૬૩ વિદ્યાર્થીઓના વર્ગમાં એક જ છોકરો જનરલ (બ્રાહ્મણ) જ્ઞાતિનો હતો. એ છોકરો એકદમ ગરીબ પરિવારમાંથી આવતો હતો. એના પિતા આંગડિયા પેઢીમાં

ડિલીવરી મેન તરીકે સામાન્ય પગારમાં નોકરી કરતા હતા. એમને સોડાબાટલીના કાચ જેવડા જાડા કાચના ચશ્મા પહેરવા પડતા હતા, એટલે બીજું કામ એ કરી શકે એમ નહોતા. છોકરાને પણ આંખમાં ખૂબ જ વધુ નંબર હોવાથી એ પણ જાડા કાચના ચશ્મા પહેરતો હતો.

નિયમ પ્રમાણે મારા વર્ગ માટે મને ધો-૬ના પુસ્તકોના ૬૨ સેટ મળેલા. જેનું બીજા દિવસથી વિદ્યાર્થી અને વાલીઓની પહોંચબૂકમાં સહી લઈ મારે વિતરણ કરવાનું હતું.

બે દિવસમાં મેં વિદ્યાર્થીઓને લગભગ બધા સેટનું વિતરણ કરી સહીઓ મેળવી લીધી હતી. ફક્ત પાંચ સેટ વિદ્યાર્થીઓ ગેરહાજર હોવાના કારણે વિતરિત નહોતા થઈ શકયા, જે પછીથી વિતરણ કરવાના હતા. અમારી સૌની નજર સામે નજર ચોરીને પેલો જાડા કાચના ચશ્મા પહેરીને બેઠેલો બ્રાહ્મણનો છોકરો બે દિવસથી કશુંક જોઈ રહ્યો હતો. એને પણ પુસ્તક મળે એ માટે પોતાના વારાની વાટ હતી. પણ, એનો વારો ન આવતા રિસેસ સમયે એનાથી ન રહેવાતા મને પૂછી લીધું.

"સર, મને ચોપડા નહીં મળે ?"

'ના, બેટા! તને નહીં મળે.'

"કેમ ?" એનાથી ડરના ભાવ સાથે પૂછાઈ ગયું.

'જો બેટા ! તું બિનઅનામતમાં આવે છે ને ! એટલે તને નહીં મળે, થોડા દિવસ રાહ જો. હું કાંઈક રસ્તો નીકળે અને એકાદ સેટ વધે તો તને કાઢી ને વ્યવસ્થા કરી આપીશ.' મેં એના માથે હાથ મૂકી આશ્વાસન આપ્યું. એ છોકરો કોઈ અગમ્ય ભાવો સાથે રિસેસમાં જતો રહ્યો. એ પણ વ્યાકુળ હતો અને હું પણ વ્યાકુળ હતો. સેટ તો ૬૨ જ આવ્યા હતા. ૬૩મો સેટ મારે કાઢવો ક્યાંથી ? મારી વ્યગ્રતા અને વ્યાકુળતા વધતી જતી હતી. વિચારના અંતે મેં નક્કી કર્યું કે કોઈ વિદ્યાર્થી કોઈ કારણો સર અન્યત્ર ભણવા શાળા છોડી જાય અથવા ગેરહાજર વિદ્યાર્થીનું નામ કમી થાય તો આ બાળકને બચેલો એ સેટ આપવો. એમ ન થઈ શકે તો નવો સેટ ખરીદીને આ બાળકને આપવો. બાળકના ચહેરા પરની વિહવળતા જાઈને મારું મન સતત ઉદ્વેગમાં રહેતું હોવાથી આમ કરવા મેં વિચારી લીધેલું.

પુસ્તકો બધાને વિતરિત થઈ ગયા હોવાથી અને સત્ર ચાલું થઈ ગયું હોવાથી બધાની હાજરી પૂરી મેં વર્ગકાર્ય ચાલું કર્યુ.

"ચાલો, બાળકો, આજથી આપણે હવે ભણવાની શરૂઆત કરીએ છીએ. બધાને પુસ્તકો મળી ગયા છે એટલે બધા ગુજરાતીનું પુસ્તક કાઢો. આપણે હવે પહેલો પાઠ કે જે કવિતા છે એના ગાનથી ભણવાની શરૂઆત કરીએ."

બધા જ વિદ્યાર્થીઓએ પોતાને મળેલ ગુજરાતીનું પાઠયપુસ્તક કાઢયું. પેલા એકમાત્ર વિદ્યાર્થી પાસે પુસ્તક નહોતું.એ બાજુમાં બેઠેલા વિદ્યાર્થીની બુકમાં ડોક લાંબી કરીને જોઈ રહ્યો હતો.

મેં "હિંદમાતાને સંબોધન" કાવ્ય કાઢી એનું ગાન શરૂ કર્યું.

*ઓ હિંદ દેવભૂમિ ! સંતાન સૌ તમારા !*
*કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારા !*
*હિન્દુ અને મુસલમિન, વિશ્વાસી, પારસી, જિનઃ*
*દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારા.*
*સૌની સમાન માતા, સૌએ સમાન તેથી;*
*ના ઉચ્ચ-નીચ કોઈ, સંતાન સૌ તમારા.*

કાવ્યનું ગાન પૂરું થતાં મણીશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'ની આ કવિતાનો ભાવાનુવાદ મેં બાળકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો. વચમાં-વચમાં હું પૂછું પણ ખરો !

"સમજાય છે ને બધાને ? આપણે સૌ ભારતમાતાના બાળકો છીએ. આપણે કોઈ ઉચ્ચ નથી, કોઈ નીચ નથી. આપણે સૌ સમાન છીએ. માના ખોળે તો સૌ સરખા જ હોયને ! સમજાયું ને ?"

'હા...હા...'નો બાળકોએ એકી સાથે અવાજ કર્યો. ને એ રીતે મારું કવિતા ભણાવવાનું પૂરું થયું. ત્યાં જ રિસેસનો બેલ પડતા બધા બાળકો રિસેસ માટે એક પછી એક વર્ગમાંથી બહાર નીકળ્યાં. હવે વર્ગમાં હું અને જાડા કાચના ચશ્મા પહેરેલ બાળક બે જ વધ્યા.

"સાહેબ ! એક વાત પૂછું ?"ના અચાનક આવેલા પ્રશ્નથી હું ચોંક્યો.

"સાહેબ, અમે બધા ભારત માતાના સંતાન છીએ અને અમે કોઈ ઉચ્ચ-નીચ નથી અને બધા સમાન છીએ એવું ભણવામાં તો આવ્યું. પણ, સાહેબ ! મને ચોપડા આપવા માટે કેમ બધા સાથે સમાન ન ગણ્યો ? મને ચોપડા નહીં મળે ?"

મેં ૮ રિક્ટર સ્કેલનો ભૂકંપ થયો હોય એવું અનુભવ્યું. કાપો તો લોહી ન નીકળે એવી મારી હાલત હતી. આ બાળકનો નિર્દોષ અને વાજબી પ્રશ્ન મને અંદરથી હચમચાવી રહ્યો હતો. બાળક મારી સામે અનિમેષ તાકીને ઊભો હતો.

'મળશેને બેટા ! હમણા જ તને ચોપડા મળી જશે.' મેં જેમ તેમ કરી સ્વસ્થતા જાળવવાનો પ્રયાસ કરતા ઉત્તર આપ્યો. છોકરો સંતોષ પામી રિસેસમાં ગયો એટલે હું સાઈકલ લઈને ગામમાં ઉપડ્યો. (ત્યારે હું ઘરેથી સ્કૂલે આવવા માટે સાઈકલનો ઉપયોગ કરતો હતો.) સ્ટેશનરીની દુકાને જઈને મેં ધો-૬ના પાઠ્ય પુસ્તકો ખરીદ્યા. હું ઝટપટ સ્કૂલે આવ્યો. પાણી પીને સ્વસ્થ થયો. મને હજુ પેલા બાળકનો નિર્દોષ પ્રશ્ન સતાવી રહ્યો હતો.

રિસેસ પૂરી થતાં બધા બાળકો વર્ગમાં ગોઠવાયા કે તરત મેં પેલા બાળકને ખરીદીને લાવેલ ધોરણ ૬ના પાઠ્ય પુસ્તકો આપ્યા. બાળકે એ પુસ્તકો લઈને પોતાના દફતરમાં મૂક્યા. મારો બોજ હળવો થતો હોય એવું હું અનુભવી રહ્યો હતો.

સાંજ પડતા શાળા છૂટવાનો સમય થયો. બેલ વાગતા સૌ બાળકોએ વર્ગમાંથી ઘર તરફ દોટ મૂકી. પેલો બાળક સ્વભાવ મુજબ હંમેશા છેલ્લો જ નીકળતો. છેલ્લે હું અને એ બે જ વધ્યા. મૈં બાળકને પ્રેમથી કહ્યું કે, 'કાલે વ્યવસ્થિત પૂંઠા ચડાવી લેજે એટલે પુસ્તકો સારી રીતે સચવાય.'" "હા..." કહેતાક એ બાળકે મારી સામે જોયું અને ફરી એના મોઢેથી પ્રશ્ન ઉદ્‌ભવ્યો.

સર ! મારા બધા ચોપડામાં 'ગુજરાત રાજ્યની વિનામૂલ્યે પાઠ્યપુસ્તક પૂરા પાડવાની યોજના હેઠળ' એવું કેમ નથી લખેલું ? સર તમે આ ચોપડા વેચાતા લાવ્યા છો ને ?

હું અવાક અને નિરુત્તર બની રહ્યો. મને સમજાતું નહોતું કે હું આ બાળકને શું જવાબ આપું ? છતાં મારે એને કાંઈક જવાબ તો આપવો જ પડશે એવું લાગતા મેં એને કહ્યું,

'હા, એ મારા તરફથી તને ભેટ છે.પાંચમાં ધોરણમાં તારો પ્રથમ નંબર આવેલો એની ભેટ છે. તું મહેનત કરજે. ખૂબ ભણજે.'એમ કહી મેં એના માથા પર હાથ મૂક્યો." એણે ધીમે-ધીમે દફતર સંકોર્યું અને પછી ખભે વળગાડી ચાલવા માંડ્યું. હું એની સામે જોઈ રહ્યો હતો. એના બાળ મનમાં ત્યારે કદાચ એક જ પંક્તિઓ ગુંજી રહી હશે !

*ઓ હિંદ દેવ ભૂમિ ! સંતાન સૌ તમારી !*
*ના ઉચ્ચ- નીચ કોઈ સંતાન સૌ તમારા !*

નોંધ :- આજે ગુજરાત સરકાર સરકારી શાળામાં ભણતા તમામ બાળકોને વિનામૂલ્યે પુસ્તકો પૂરા પાડી રહી છે એ આનંદની વાત છે.

---

### વૈજ્ઞાનિકવલણ અને શિક્ષક

**જીવન અને વિજ્ઞાનને જોડે –** વૈજ્ઞાનિક અનુભવો મેળવીને જીવનમાં વિજ્ઞાન ક્યાં ? તે સમજાવી શકે. વિજ્ઞાન જીવનમાં કયા લાભ આપે, કયા ગેરલાભ કરાવે તે અંગે પણ સ્પષ્ટતા કરે. વર્તમાનકાળે વિજ્ઞાનની શોધોને કારણે જીવનમાં કેવા પરિવર્તનો આવ્યા અને તેના લાભ-ગેરલાભ શું ? વિચારે-સમજાવે.

**જિજ્ઞાસુ હોય –** કંઈકને કંઈક જાણવાની તત્પરતા હોય. નિરીક્ષણ કરે, પ્રશ્નો પૂછે, દલીલો કરે, તથ્ય સુધી પહોંચવા પ્રયાસ કરતો રહે જેથી અન્ય પામી શકે.

**જાગૃતિ ફેલાવે –** સમાજમાં ચાલતી અંધશ્રદ્ધા, વહેમ, માન્યતાઓ, કુરિવાજો અંગે પરિક્ષણ કરી જે સત્ય છે તે સમાજમાં પ્રગટ કરી, પ્રસરણ કરીને જાગૃતિ ફેલાવે. પરીક્ષણાં અન્યોને પણ જોડે તો જાગૃતિ સરળતાથી લાવી શકાય છે.

આમ શિક્ષક વૈજ્ઞાનિક વલણવાળો હોય તો સમાજથી શરૂ કરી કુટુંબથી શરૂ કરી વિશ્વના ક્ષેત્ર સુધી વૈજ્ઞાનિકતાના પ્રસાર થાય અને તેને કારણે જાગૃતિ આવતા વિશ્વ એક કુટુંબ બની રહે.

# વૈજ્ઞાનિકવલણ અને શિક્ષક

– ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

વૈજ્ઞાનિક વલણ વિજ્ઞાન સાથે જોડતો અભિગમ છે. પણ ફક્ત વિજ્ઞાનમાં રસ હોય તેઓને જ નહીં પણ સૌ તેમાં જોડાય તે આજની માંગ છે. વૈજ્ઞાનિક અભિગમમાં કોઈપણ ઘટના કે સમસ્યાને સમજવા કે ઉકેલવા માટે તેની તપાસ કરવાની હોય છે. તપાસ માટે પ્રશ્નો પૂછવા, પ્રયોગ કરવા, કારણોની કલ્પના કરવી, ચકાસણી કરવી પડે છે. ઘટના કે સમસ્યાને ઉપજાવનારાં પરિબળો શોધીને તે બન્ને વચ્ચે કાર્યકારણ સંબંધ શું છે ? તે સમજવાનું છે. ઘટના કે સમસ્યા સંબંધી પુરાવા, માહિતી કે વિગતો એકઠી કરીને તટસ્થતાથી તેની ચકાસણી કરવી જરૂરી છે. તટસ્થ, નિરપેક્ષ અને હેતુલક્ષી દૃષ્ટિકોણથી ચકાસણી થાય તો સત્ય પ્રાપ્ત થાય છે. વારંવાર તપાસ, ચકાસણી કે પ્રયોગને અંતે જે સત્ય પ્રાપ્ત થાય તે સાર્વત્રિક નિયમ બની રહે છે.

◆ **વૈજ્ઞાનિક વલણ એટલે...**

– ઘટનાનું નિરીક્ષણ સર્વગ્રાહી રીતે કરવું.
– ઘટના વિશે એકત્ર કરેલા પુરાવાઓમાંથીતેને સમજવા માટેના કારણોની કલ્પના કરવી.
– જે પરિબળને કારણભૂત માનવામાં આવેછે તેની સાથે ઘટનાના સંબંધો તપાસવા. સંબંધો અનિવાર્ય છે ? તે તપાસવું.
– સાબિતી અથવા પરિણામાં વિશ્વાસ રાખવો – જરૂર જણાય તો પુનઃચકાસણી, પ્રયોગ કરીને સાબિતી મેળવવી.
– સંશોધકની વારંવાર તપાસને અંતે અથવાઅન્ય સંશોધકની તપાસના અંતે પરિણામ એક જ આવે. એક સરખું આવે તો સ્વીકારવું.

◆ **વૈજ્ઞાનિક વલણ સમાજમાં વિકસે તો...**

– ખોટી માન્યતાઓ, રીતરિવાજો, ભૂતપ્રેત, ચુડેલ, ડાકણ, નજર બાંધવી, મૂઠ મારવી વગેરેના સત્ય સમજાતાં જે યોગ નથી તે ફેર થશે.
– સમાજમાં જરૂરી પરિવર્તન આવે.
– સ્વાતંત્ર્યની સાચી સમજ પ્રગટે.
– વસ્તુ-વ્યક્તિની મહત્તાનો ઊંચો ખ્યાલ વિકસે.
– દરેક પ્રત્યે સન્માન, પ્રેમની ભાવના પ્રગટતા દયની એકતા આવે.
– ભેદભાવો દૂર થાય. વિશ્વ એક કુટુંબ બને.

બાળકોમાં વૈજ્ઞાનિક વલણ કેળવવા માટે શિક્ષકોમાં પણ તે વલણ વિકસેલું હોવું જોઈએ. વૈજ્ઞાનિક વલણવાળો શિક્ષક હંમેશાં બાળકોને તે વલણ તરફ દોરી જવા પ્રયાસશીલ રહેતો હોય છે.

◆ **વૈજ્ઞાનિક વલણ વાળો શિક્ષક...**

**પરિવર્તનોને સ્વીકારતો હોય છે –** કારણ કે સૃષ્ટિનો નિયમ છે કે આજે જે છે તે કાલે પરિવર્તન પામવાનું છે. જ્ઞાન અને શોધો બન્નેમાં પરિવર્તન આવશે. બ્રહ્માંડની બાબતના રહસ્યો દરરોજ બદલાય છે. પહેલાં તૈયાર થયેલું કમ્પ્યૂટર અને આજના કમ્પ્યૂટરમાં પરિવર્તન આવ્યું છે. જે આ સ્વીકારે તેનામાં વૈજ્ઞાનિક અભિગમ છે.

**કોઈ પણ - કંઈ પણનું વિશ્લેષણ કરે –** જ્યાં શંકાસ્પદ જણાય ત્યાં તેનો સીધો સ્વીકાર ન કરે પણ તેના સંદર્ભે વિશ્લેષણ કરે, સ્પષ્ટીકરણો રચે, કરે, નવા અર્થઘટનો કરે. સત્યને સ્વીકારવા વિશ્લેષણ જરૂરી છે.

**શોધ વૃત્તિ કેળવે –** જ્યાં જ્યાં મતભેદો સર્જાય. માહિતી સાચી કે ખોટી છે તેવો સંશય જાગે ત્યાં શોધ-તપાસ કરે. શું સાચું છે ? તે સાબિત કરવા પુરાવા એકઠાં કરી સત્યતા સ્થાપે.

**કાર્યકારણ સંબંધ શોધે –** ઘટના-સમસ્યા સંદર્ભે કારણો અંગે વિચારણા કરશે. અન્ય પાસે પણ વિચારણા કરાવશે. અન્ય સાથે ચર્ચા કરશે. વિદ્યાર્થીઓને તેમાં જોડશે અને પછી તે બન્ને વચ્ચેનો કાર્યકારણ સંબંધ શોધીને સ્પષ્ટતા કરશે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ ઉપર)

# શિશુવિહારનો ઘેઘૂર વડલો

માનભાઈ ભટ્ટ

ભાવનગરનાં શિશુવિહારના કલ્પક, સ્થાપક, પોષક, સંવર્ધક અને આધારસ્તંભ એવા શ્રી માનશંકર ન. ભટ્ટ (માનભાઈ)ની જીવનકથા 'હાથે લોઢું, હૈયે મીણ' તેમની ૯૨ વર્ષની ઉંમર વખતે મીરાબહેન ભટ્ટ દ્વારા લખાયેલી છે. પ્રા. તખ્તસિંહ પરમાર માનભાઈને ભાવનગરનાં જંગમ તીર્થરૂપ ગણાવતા નોંધે છે કે – 'અબાલવૃદ્ધ સૌ કોઈ એમને જાણે, માત્ર ભાવનગર નહીં સમગ્ર ગુજરાતના જાહેર જીવન સાથે સંકળાયેલ સાંસ્કારિક પ્રવૃત્તિમાં રસ લેનાર ભાઈ-બહેનો એમને જાણે; અરે ગુજરાતના સીમાડા ઓળંગીને સમગ્ર ભારતમાં અને ભારતની બહાર વસનાર ગુજરાતીઓ એમને જાણે છે.' (પૃ. ૪)

જે જમીનમાં ખાડા-ટેકરા હતા, ગંદકીનું કેન્દ્રસ્થાન હતી, ત્યાં ૭૫ વર્ષ પહેલા થોડી જમીનને સમથળ કરી, એકાદ હીંચકો નાખી, અખાડાનો આરંભ કર્યો. ભાવનગરનાં મહારાજા, કૃષ્ણકુમારસિંહજીને વાત કરીને જમીન મેળવી બાળમંદિર, ચિત્રવર્ગ, સંગીતવર્ગ, રેડક્રૉસની પ્રવૃત્તિ, નેત્રદાન, દેહદાન જેવી પ્રવૃત્તિ આરંભી. બધુસભા, પુસ્તકાલય, રમકડાંઘર, સ્કાઉટ, કવયિત્રી કાવ્યસ્પર્ધા આદિ પ્રવૃત્તિઓ ફૂલેલી-ફાલેલી. તેથી જ દાતાઓ શિશુવિહાર પર ધનની વર્ષા કરતા રહે છે.

પ્રસિદ્ધિથી દૂર ભાગનાર માનભાઈ નવોઢા જેવા શરમાળ હતા. હૈયે મીણ હોવાથી પીગળી જાય તેવા બહુ ભણેલ નહીં પણ ગણેલા ઘણું. આપસૂઝ ઘણી. ગજબના સંવેદનશીલ. ભાષાનું પોત ધરાવે પણ આત્મકથા ન લખી. પોતાનાં જીવન અંગે નોંધો કરેલી તેના પરથી આચાર્ય જયેન્દ્રભાઈ ત્રિવેદીએ જીવનકથા લખવાની શરૂ કરેલી, પણ જયેન્દ્રભાઈએ મહાપ્રયાણ કર્યું અને કામ ખોરંભે પડ્યું. પછી મીરાબહેને આ કામ હાથમાં લીધું અને 'હાથે લોઢું, હૈયે મીણ' નામે આ જીવનકથા લખી. આ કથામાંથી માનભાઈનું જે ચિત્ર ઊપસે છે તે એક આગ્રહી, દૃઢ નિર્ધારવાળા, હૈયાસૂઝવાળા, પ્રવૃત્તિ પરાયણ, દીન હિતચિંતક, આકરા, દેશભક્ત પુરુષનું છે. તેમનામાં નિસ્પૃહતા અને સંન્યાસવૃત્તિ હતી તેનો ખ્યાલ પણ આ જીવનકથામાંથી મળે છે. પૂ. સ્વામીશ્રી ચિદાનંદજી સરસ્વતી માનભાઈને આદશર્મય અને ચુસ્ત સિદ્ધાંતમય જીવન વીતાવનારા રત્ન સમા ગણાવે છે.

શ્રી મીરાંબહેન ભટ્ટ નોંધે છે તેમ, 'સંતોનું જીવન તારક હોય છે. જયારે માટીમાંથી માનવ થયેલા આવા માનવોનું જીવન પ્રેરક હોય છે. ચારિત્ર્ય-ઘડતરનો ભરપૂર મસાલો એમાંથી મળી શકે તેમ હોય છે.' (પૃ. ૬) સાવ સામાન્ય, સર્વ સાધારણ માણસ પોતાના જીવનમાં અસાધારણ કર્મપુંજ ખડો કરી દે છે અને વળી પાછો એ બધી કર્મણ્યતાને બાજુ પર સેરવી દઈ પોતે સાવ નિસ્પૃહ-નિજાનંદી રહી શકે છે, એ માનભાઈની વિરલ કમાણી છે. માનભાઈનું શિશુવિહાર એટલે ''દાતણની ચીર ફેંકી અને ઊગી ગયો વડલો'' જેવું ગણાય છે. શ્રી મીરાબહેન આ વડલા પાછળ માનભાઈના ચારિત્ર્ય-ઘડતરની જે ગુપ્તગંગા વહે છે તે બતાવી આપે છે. દીર્ઘ જીવનસાધનાને દર્શાવી આપે છે.

છ ફૂટથી વધુ ઊંચાઈને કારણે ઘણા બધા લોકો વચ્ચે માનભાઈ જુદા તરી આવે, તે જ રીતે એમનું આંતર-વ્યક્તિત્વ પણ અનેકોમાં જુદું કરી આવે એવું આગવું હતું. તા. ૨૮-૮-૧૯૦૮ના રોજ તળાજામાં તેમનો જન્મ થયેલો. પિતા નરભેશંકર અને માતા માણેકબા. પિતાની ફોજદાર તરીકેની સરકારી નોકરી, પાંચ વર્ષની વયે માતુશ્રીનું અવસાન, એટલે માતા-વિહોણા ત્રણેય બાળકોના ઉછેરની જવાબદારી દાદાજી પર આવી પડી. સૌથી મોટી બહેન અનોપ, ત્યાર પછી માનભાઈ અને સૌથી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

નાનો પ્રેમશંકર. માનભાઈને દાદાજી દ્વારા પાયાના સંસ્કાર મળેલા. પિતા તો નોકરીને કારણે ભાવનગર રહેતા.

દાદાજીના પિતા મહાશંકરભાઈ હનુમાનજીના પરમભક્ત હતા. દોરાધાગા કરતા. દાદાજીને પિતાની આ વાત ન ગમતી. દાદાજી નાનપણથી જ આર્યસમાજના રંગે રંગાઈ ગયેલા. કવિતાઓ પણ કરતા. દાદાજીના લગ્ન ચૌદ વર્ષની વયે થયેલા. પિતાનો દોરાધાગા સામે વિરોધ કર્યો તો પિતાએ ઘરમાંથી કાઢી મૂક્યા. પત્નીને લઈ ભાડાની ઓરડીમાં દાદાજીએ સંસાર વસાવ્યો. ટ્યુશન કરે, કવિતાની ચોપડીઓ છપાવીને વહેંચે. એક અમલદાર કવિતાઓ સાંભળી દાદાજી અંબાશંકરને નોકરી અપાવે. જમાદાર અને ફોજદાર તરીકે દાદાજીએ ત્રીસ વર્ષ નોકરી કરી અને ત્રીસે વર્ષ પેન્શન ખાધું.

ટૂંકા પગારમાં દાદાજીએ ચાર પુત્રોને પરણાવ્યા. ઘર બંધાવી આવ્યા અને પોતે જેને ઘેર રહે તેને દર મહિને રૂપિયા ખર્ચના આપતા. રોજ એક પૈસો તમાકુનો અને બે પૈસા પરચૂરણના પોતાની પાસે રાખતા. નિશાળમાં ગયેલા નહીં તો પણ સંસ્કૃત શ્લોકોના ગુજરાતીમાં અનુવાદ કરતા. બંગાળી ભાષા પણ શીખેલા. માનભાઈ પાસે બે વખત 'સત્યપ્રકાશ' વંચાવેલું. દાદાજીએ બાળકોને કેળવ્યા. ઘડતર માટે દાદાજીએ 'કામ' અને 'શ્રમ'ને જ માધ્યમ બનાવ્યા. નાનપણથી જ સ્વાશ્રય અને જાતમહેનતના પાઠ માનભાઈ દાદાજી પાસે શીખ્યા હતા.

નાનપણમાં દાદાજીનાં હાથે માનભાઈનું જે રીતે ઘડતર થયું તેનું ચિત્ર જોવા જેવું છે. કામ એટલે વેઠ નહીં કે જેમતેમ પૂરું કરીને પાર પાડી દીધું. એક-એક કામમાં ઝીણી ચીવટ અને ચોકસાઈ ! ચૂલો સળગાવવો હોય તો ક્યારેય બીજી દીવાસળી સળગાવવાનો વારો ન આવવો જોઈએ. તેમાંય વળી વપરાયેલી સળી પણ સાચવી રાખવાની, જેથી બીજું કાંઈ સળગાવવું હોય તો કામ લાગે. બહાર આગ ન જાય તે માટે બહાર બળતા લાકડાં પર પાણી છંટકોરતા રહેવાનું. લોટ છાપામાં જ ચળાય, જેથી લોટનો કણ પણ નકામો ન જાય. મેથી-કોથમીર વગેરેના દાંડલા સૂકવી તેનો ભૂકો શાક-દાળમાં નાંખવાનો ! તપેલીને કંટેવાળી કર્યા સિવાય ચૂલે ન ચડાવાય.

હાથમાં સોય-દોરો પકડાવીને કપડામાં ઝડકો ભરવાનું, ટેભા લેવાનું, સલ્લા લેવાનું પણ શીખવ્યું. ગાર કરવી, ખડી પલાળીને ધોળ કરવો, માથે ઈંઢોળી મૂકી તેના પર હાંડો અને ઘડો ચઢાવી પાણી ઘેર લાવવું, કૂવે કપડાં ધોવા જવું, સીંચણિયા સાથે ડોલ બાંધી પાણી ખેંચવું – આમ પ્રત્યેક કામમાં ચીવટ, ચોકસાઈ, ખંત, કૌશલ્ય અને કરકસરની દૃષ્ટિ આપવાનું પાયાનું શિક્ષણકાર્ય દાદાજી દ્વારા થયું હતું.

રાત્રે સૂતા પહેલા દાદાજી માનભાઈ પાસે રોજ ઈતરવાંચન કરાવતા. માત્ર શાળાકીય પુસ્તકો જ નહીં, પણ એ જમાનાના સસ્તું સાહિત્યના ચારિત્ર્ય-ઘડતર કરે તેવા ઉત્તમ પુસ્તકોનું વાંચન કરાવતા. માનભાઈને નિશાળનું ભણતર લગીરે પલ્લે ન પડ્યું. પણ આ બધા વાંચનને કારણે પાસ થવા જેટલા ગુણ મળી જતા. પાડોશી સિકંદરખાંને કારણે કુરાન શીખવાનું બન્યું. કવિ ખબરદાર, રાષ્ટ્રમાતા કસ્તૂરબા, કવિવર રવીન્દ્રનાથ ટાગોર વગેરે ભાવનગર પાધારેલા તેનો પણ મનમાં પ્રભાવ પડેલો.

બાળપણના પ્રસંગોમાં, સૌના કામ કરી આપનાર તત્પર સૈનિક જેવા માનભાઈનું ચિત્ર ઊપસે છે. તોફાનો, તહેવારોની ઉજવણી વગેરેના ચિત્રો પણ આલેખાયાં છે. માનભાઈ ચાર ધોરણ ભણ્યા પછી દાદાજી તેને દક્ષિણામૂર્તિ મોકલે છે. નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ ત્રિવેદી, ફરામજી માસ્તર, અમૃતલાલ દાણી જેવા દિગ્ગજ કેળવણીકારો પાસે ભણવાનું મળ્યું. દક્ષિણામૂર્તિમાં પણ તોફાનો ચાલુ રહ્યા. દક્ષિણામૂર્તિ પછી ત્રણ-ચાર વર્ષ સનાતન શાળામાં કાઢ્યા, પરંતુ સાવ રસકસ વગરના. ભણતરમાં લગીરે મન ચોંટે જ નહીં. બધું નિષ્પ્રાણ લાગતું. ઈતરપ્રવૃત્તિઓમાં તન-મન વધારે પ્રવૃત્ત રહેતાં. ચિત્તમાં કશુંક સર્જન કરવાની ચટપટી થયા કરે. પિતાની ઈચ્છા એવી કે પુત્ર માનભાઈ એક વાર મેટ્રિક પાસ થઈ જાય તો હું તેને પોસ્ટ-પોલીસ કે રેલવે ખાતામાં દાખલ કરાવી દઈશ. માનભાઈનું નાનપણનું નામ બાબુ હતું.

દાદાજી ધ્યાન-સંધ્યા-જપ વગેરેને મહત્ત્વ ન આપતા. પરંતુ પિતાજીને સાધુ-બાવાની સંગતમાં રસ. પિતાજીની ઈચ્છા કે મૅટ્રિક થઈ જાય પછી સરસ નોકરી મળી જાય. પરંતુ માનભાઈ તો એક દિવસ પિતાજીની પેટી ખોલી, જેટલા પૈસા હતા તે ઉપાડી લઈ પહેરેલે કપડે સ્ટેશન પહોંચ્યા. સાત રૂપિયા હતા. સામે ટ્રેઈન ઊભી હતી. ટિકિટબારીમાં આગળનાં મુસાફરે સુરતની ટિકિટ માંગી, તો માનભાઈએ પણ સુરતની ટિકિટ માંગી. સુરત ઊતરી દુકાને-દુકાને નોકરીની તપાસ આદરી. નાની ઉંમર, મેલાં-ઘેલાં કપડાં તેથી કોણ હા પાડે ? છેવટે એક હૉટલના શેઠે ચોકડીમાં કરાબી-પ્યાલા વિંછળળા બેસાડી દીધા.

હિન્દુઓના પિત્તળના અને મુસલમાનોના કાચના કપ-રકાબી ! બેઉના સ્ટેન્ડ જુદાં ! સરસ મજાનાં ધોઈને હારબંધ ગોઠવી દીધાં. પણ હૉટેલવાળાએ ગાળો દીધી. અપમાન કર્યું. દેશવટે નીકળેલ માનભાઈ ખૂણે બેસીને રડે છે. ફોટા-ફ્રેમવાળાની નોકરી અને ઓથ મળી. ઘરે માનભાઈની શોધ ચાલે. શેઠના ગુરુ રામદાસજી માનભાઈને ઓળખી ગયા. તેમણે કહ્યું, “તારા દાદા-પિતા, ભાઈ-ભાંડુ ધ્રૂસકે-ધ્રૂસકે રડે છે. આમ ભાગી જવાય ?” ત્યારે શેઠને ખબર પડી કે આ તો પોલીસ અમલદારનું ફરજંદ છે અને ઘરે સૌ દીકરાની રાહ જુએ છે. શેઠે ભાવનગર પત્ર લખ્યો. દીકરાની લગીરે ચિંતા ન કરવાનું જણાવ્યું.

બહેનની હારોહાર સામસામાના સાટામાં નાનપણથી જ માનભાઈનું સગપણ થઈ ગયેલું. હવે પિતાએ કહેવરાવ્યું કે, ‘તારાં લગ્ન લેવાનાં છે, એટલે આવી પહોંચ.’ ઉંમર પ્રમાણમાં નાની પણ ‘વહુ’ના નામે, ન સમજાય તેવી મોહિની મન છવાઈ ગઈ અને એક મહિનાની રજા લઈ ભાવનગર આવ્યા. જૂના ભાઈબંધને ‘ભાગેડુંની પરાક્રમકથા’ કહી સંભળાવી. જીવનનું એક પ્રકરણ પૂરું થયું. દાદાજીની છત્રછાયા હેઠળ જે સારાં-નરસાં સંસ્કારબીજ નંખાયા. જે કાંઈ પુરુષાર્થ-પરાક્રમ થયાં. તે બધાનાં પરીણામે જીવનની દિશાનો કાંઈક ઉઘાડ થયો. સોળ વર્ષ પૂરાં થયા અને ‘સોળે સાન’ પણ આવી.

પિતા નરભેશંકર ધરમ ધ્યાનમાં માને. અત્યંત નિર્ભય. પોલીસ ખાતામાં જ આખી જિંદગી ગઈ, એટલે રાજ્યાશ્રય અને રાજભક્તિ લોહીમાં વણાઈ ગઈ હતી. પત્નીના અકાળ અવસાન વખતે ઉંમર નાની હતી પણ પોતાને ત્રણ સંતાન છે, એટલે એમાં સમાધાન સેવી સાંસારિક જીવનનું પૂર્ણવિરામ મૂકી દીધું હતું. માનભાઈ પાંચ વર્ષના હતા. માની તબિયત લથડી. વોરા દાક્તર આવતા. માને બ્રિટાનિયા બિસ્કિટ ખવડાવવાનું કહેતા આટલું માનભાઈને યાદ છે. ૯૨ વર્ષનાં માનભાઈને બ્રિટાનિયા નામ યાદ આવતા માનું નામ હૈયે ચડી જતું. બસ, માના ઝાઝા સંભારણાં નથી.

માનભાઈને ગાંધીનો રંગ લાગ્યો, તે પિતાને ગમે નહીં. ખાદીનાં કપડાં અને ટોપી જુએ ત્યાં અકળાય. વિધુર થયા પછી પિતા હાથે જ રસોઈ કરતા. બહાર ગામ જાય ત્યારે શીંગ-ગોળ ખાઈ લે, કદીય કોઈને ત્યાં, પિતાનો પાટલો ન પડે. સ્વમાની સ્વભાવ ફોજદાર તરીકે એમની છાપ અત્યંત કડક માણસની હતી. માંદગીને કારણે ચાલુ નોકરીએ જ પિતો દેહ છોડ્યો. પિતા પાછળ કોઈ ક્રિયાકાંડ ન કરવાનું માનભાઈ તથા તેમના ભાઈએ નક્કી કર્યું. તેથી સગાંવહાલાંનાં રોષનો સામનો કરવો પડ્યો. પિતાએ પોતાના કારજ માટેની રકમ અલગ રાખી મૂકેલી, એ રકમમાંથી બેઉ ભાઈઓએ સેવા-સમિતિ દ્વારા ‘સાદું અને સરળ વૈદક’ નામનું પુસ્તક છપાવ્યું. પિતા પાછળ આવું લોકોપયોગી તર્પણ એ જમાનામાં કર્યું.

બહેન અનોપ ભાઈઓને સાચવતી. નાની ઉંમરે શીકામાંથી રોટલા ઊંચી થઈને લેવા ગઈ ત્યાં નીચે સળગતા ચૂલાની ઝાળ લાગી ગઈ અને અનોપ સળગવા લાગેલી. ભાઈઓએ બૂમાબૂમ કરી. બાજુના ઘરેથી કાકીમા દોડતા આવ્યા. અનોપ બચી ગઈ. બન્ને સાથળ પર દાઝ્યાના ડાઘ રહી ગયા. અનોપને નાની ઉંમરે પરણાવી દીધેલી. સાસરિયામાં દુઃખ ભોગવી યુવાવસ્થામાં જ બે વર્ષ પછી ગુજરી ગઈ. નાનાભાઈ પ્રેમભાઈનો સ્વભાવ નાનપણથી જ શાંત અને સૌમ્ય. માનભાઈ માટે જેમ બહેન હૈયાનો

હાર, એ જ રીતે નાનોભાઈ પણ માથાનો મુગટ હતો.

સામાજિક જીવનમાં ભાઈને ભાઈ સાથે બને, એ તો નવી નવાઈની વાત જ કહેવાય ! મોટે ભાગે, ભાઈનો મોટો દુશ્મન ભાઈ જ હોય ! પણ આ બંને ભાઈઓ તો જાણે રામ-લક્ષ્મણની જોડી. પ્રેમશંકર ભાઈનો 'માનભાઈ મારો ભાઈ !' લેખ વાંચતા બંને ભાઈએ યથાર્થ રીતે સહોદર નીવડેલા જણાય છે. મા વિનાનાં બેઉ ભાઈ દાદાજીને ખોળે સાથે ઉછર્યા, સાથે જ જાતમહેનત દ્વારા આપકર્મી, સ્વાશ્રયી જીવન જીવતા શીખ્યા. પછી પ્રેમશંકરભાઈનું જીવનવહેણ બદલાયું, શિક્ષણ, સાહિત્ય કળા જેવા વિષોમાં મન ઊંડું ઊતરી ગયું. કેળવણીને લગતી પ્રવૃત્તિઓ જ જીવનધર્મ બની ગયો. બાળ શિક્ષણની જીવનદીક્ષા લીધી. બાળમંદિર ચલાવ્યું. શિશુવિહારનું શૈક્ષણિક કામ સંભાળ્યું.

માનભાઈનાં લગ્ન નાનપણમાં જ થઈ ગયેલાં. બાલિકા ગિરજા પિયરમાં જ હતી અને ઉંમરમાં આવતા એને સાસરે તેડાવી. માનભાઈનો ઘર સંસાર શરૂ થયો. એ જમાનામાં ગળે ન ઊતરે તેવું માનભાઈએ કર્યું. પરણેલી સ્ત્રીને મહિલા વિદ્યાલયમાં દાખલ કરી. પત્નીની બીજી પ્રસૂતિ વખતે પણ કસુવાવડ થઈ. બીમારી વધી. પત્નીનું અવસાન થયું. જનારની પૂરી સેવા કરી એટલો સંતોષ હૈયામાં સંઘરી અંતિમવિધિ કરી. 'સ્વ. ગિરિજા સ્મારક પુસ્તકાલય' બનાવી પત્નીને શ્રદ્ધાંજલિ અર્પી. દેવું ચડી ગયેલું તે મહેનત કરી ચૂકતે કર્યું.

દાદાજીને જુવાનજોધ માનભાઈની ચિંતા રહેવા લાગી. દાદાજીએ કન્યા શોધી. અત્યંત ગરીબ કુટુંબની પાંચ દીકરીઓમાંની એક, વાને શામળી. પત્ની હીરાએ લગ્નની પ્રથમ રાત્રિએ માનભાઈને પ્રશ્ન પૂછેલો કે, "તમે મને ક્યારેય મારશો તો નહીં ને ?" માનભાઈએ ક્યારેય આંગળી અડાડી ન હતી. હીરાબહેન ઝાઝું ભણેલાં નહીં, સાસરે આવીને એ ભણ્યાં. હીરાબહેન સાથે માનભાઈનો સગવડિયો સંબંધ હોય તેવું લાગે. લગોલગ જીવ્યા, પણ સાવ અલગ પણે જીવ્યાં. છોકરાઓ પ્રત્યે પણ કાંઈ વિશેષ ધ્યાન માનભાઈ ન આપે. થાળીમાં જે કાંઈ પીરસાય તે માનભાઈ જમી લે. કદી કોઈ ફરિયાદ નહીં, કદી કોઈ વિશેષ માંગ નહીં. કરકસરથી રહે. થોડામાં સાદાઈપૂર્વક, સંતોષથી જીવે. બધાં સંતાનોને ભણાવી-ગણાવી પગભર કર્યા. ગૃહસ્થ જીવનમાં કોઈ વાતે ય દુઃખ કે અભાવ નહીં, પણ બેઉ પંખીડાંએ સાથે બેસીને કદી હૈયાગોઠડી માંડી હોય તેવું બન્યું નથી. બસ, પરસ્પર અવિરોધી બનીને બેઉ સાથે જીવ્યાં. માનભાઈનાં જીવનમાં આ વાતનો અભાવ કદાચ નહીં સાલ્યો હોય, પણ હીરાબહેનને આ અભાવ સાલ્યો છે, એવું વર્તી શકાય. અશોક ગોંધિયા ઍવૉર્ડ લેવા માનભાઈને રાજકોટ જવાનું હતું. સ્વાભાવિક છે કે જીવનસંગિની પણ સાથે જાય. પણ જ્યારે કોઈએ પૂછ્યું કે, "તમે પણ રાજકોટ જશો ને ?" ત્યારે હીરાબહેનથી બોલાઈ જવાયું, "આપણે કોઈ દિવસ એમની હારે ભળ્યા નથી અને હવે ભળવુંય નથી !" પતિની આવી નિર્મમતા, નિઃસ્પૃહતા મનમાં બેસતી નથી. માનભાઈ પત્નીની કદર કરતા.

માનભાઈને ત્યાં અવનવી વિશેષતાઓ લઈને શક્તિશાળી સંતાનો પેદા થયા અને માનભાઈનું કુળ ઉજાળે, તેવાં કુળદીવડા સિદ્ધ થયા. માનભાઈ પોતે દાદાજીની હૂંફાળી ગોદમાં ઉછર્યા, પરંતુ આવી હૂંફ અને સારસંભાળ એમણે પોતાનાં સંતાનોને આપી હોય તેવું લાગતું નથી. પૈસાટકા આપીને છૂટી જતા હશે તેવું લાગે, બધો બોજો હીરાબહેને એકલે હાથે પાર પાડ્યો. માત્ર નિઃસ્પૃહતા કે ઉદાસીનતા હોય તો એક વાત, પણ અહીં તો પાછો મિજાજી સ્વભાવ હતો. માનભાઈ પોતે સંસ્થાના માણસ. સંસ્થાની નિશ્રામાં એમનું જીવન ફૂલ્યું-ફાલ્યું અને પાંગર્યું. સંસ્થાની શિસ્ત-અનુશાસનને ઘર પર ઠોકી બેસાડવાનો અભિગમ દાખવ્યો. એટલે 'ઘરમાં જે સંસ્થાનું કામ કરે તે જ માનભાઈને ગમે.' અથવા તો 'અમારે તો નકરી મજૂરી જ કરવાની ને ?' એવા ભાવો ક્યારેક પેદા થતાં કે લાગણીની માત્રા ઓછી રહી. સૌ એકબીજાને ઘરે જાય, જરૂર પડે ત્યારે અડધી રાતે ય જઈને ઊભા રહે, પરંતુ 'અમથું-અમથું, નાહક-નાહક' મળવાનું મન થાય, એવો સંબંધ ખીલી ન શક્યો. માનભાઈ અને પ્રેમભાઈમાં જે

પરસ્પર લાગણીનો સંબંધ હતો તેવો તેમના સંતાનોમાં પરસ્પર ન હતો. માનભાઈએ જાણે સંસ્થાના વિકાસ માટે કુટુંબીજનોને વાપરવાનો ઉપયોગિતાવાદ અજમાવ્યો, તેવું પણ કેટલાકને લાગે.

હીરાબહેને એક-એક બાળકોને સરસ રીતે ઉછરીને મોટા કર્યા. બાકી માનભાઈ તો કહે, "આઠ ધોરણ સુધી ભણાવવાની મારી ફરજ, પછી છોકરા નોકરી કરે, મજૂરી કરે કે ગમે તે કરે, પણ પગભર થઈ જવા જોઈએ." માનભાઈ શિસ્ત-વ્યવસ્થાના આગ્રહી, થોડી પણ શરતચૂક થાય તો છોકરાને માર પડે જ. બાળકો જન્મ્યાં નહોતાં, ત્યારે ઘરની દીવાલો પર ગિજુભાઈનાં સૂત્રો ટાંગેલા ! "બાળકોને મારશો મા ! બાળકો તો દેવ કહેવાય !" પણ પોતાના બાળકો થયાં ત્યારે નાના સરખા વાંક માટે શિક્ષા કરતા ત્યારે હીરાબહેન કહેતા, "હવે ભીંત પરનાં પોસ્ટરો કાઢી નાંખો." પહેલા બે સંતાન જ્યોતિ અને જતીનને દક્ષિણામૂર્તિ ભણવા મૂકેલાં, કેટલાક છોકરા પોતાની મેળે પરણ્યા; કેટલાંકનાં લગ્ન હીરાબહેનની વહેવાર સૂઝે થયા.

છોકરાએ પોતાની મેળે ખૂબ ભણ્યા અને આજે પણ સુખી છે. પરંતુ માનભાઈ માટે તો દીકરા-દીકરીઓ પણ દૂરનાં. ત્રીજો પુત્ર જતીન નાનપણથી ભારે તોફાની તેથી તે કહે, "ભાઈનો માર સહન કરી લીધો હોય તેને બીજાથી બીવાની જરૂર જ નહીં !" માનભાઈ સંતાનોને મારે ત્યારે ભાન ભૂલીને મારે; પહેલા પેટ ભરીને મારે અને પછી પેટ ભરીને પસ્તાય. જાહેર કાર્ય કરતા, સામાજિક સંસ્થાઓ સંભાળતા સેવકો પોતાના જાહેર કાર્યના મૂલ્યો પરિવાર પર જાણતા-અજાણતા લાદી દે છે.

ભાવનગર એક નાનકડું બંદર છે. ત્યાં ફેરી વર્કશોપ હતું. ઈ.સ. ૧૯૨૫માં માનભા અહીં પોર્ટ ઑફિસરનાં બંગલે નોકરી શોધવા ગયેલાં. ગોરા સાહેબે વર્કશોપમાં લુહારની કોઢ પર માનભાઈને બેસાડી દીધા. લોખંડ નામની ધાતુમાંથી વિવિધ ઘાટ ઘડવાની કળા પહેલી વાર જોવા મળી. બઢતી મેળવી ફોરમૅન બન્યા. સાથીદારોનું એક મંડળ બનાવ્યું. 'આનંદમંગળ'ની કામગીરી દ્વારા માનભાઈએ સૌનો પ્રેમ જીતી લીધો અને સૌનાં વહાલસોયા 'ભાઈ' બની ગયા. 'મરનાર પાછળ કારજ નહીં' અને 'યુવાન વિધવા ફરી પરણી શકે તેવી છૂટ આપવી' – આ બે મુદ્દા પર પ્રચાર શરૂ કર્યો. કામદારોની લડત ઊપાડી અને ઈ.સ. ૧૯૩૮માં 'ફૅક્ટરી ઍક્ટ' કરાવ્યો. વ્યસનમુક્તિ, રાત્રિશાળાઓ, રમતગમતની પ્રવૃત્તિઓ કરી. હસ્તલિખિત અઠવાડિક પણ શરૂ કર્યું. સાહસ અને હિંમત એ માનભાઈના જીવનનો પ્રાણવાયુ હતો. કામદારોને પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી, પેન્શન, રજા, ઘરનાં ઘર વગેરે ઈ.સ. ૧૯૪૯માં માનભાઈનાં પ્રયત્નોથી મળેલા.

ઈ.સ. ૧૯૪૮માં સિંધી હિજરતીઓની સ્ટીમર ભાવનગર આવી. તેની છાવણીની તમામ જવાબદારી માનભાઈના શિરે ગૃહપ્રધાન ઘનશ્યામભાઈ ઠક્કરે નાંખી. આઠ છૈયા-છોકરાની જવાબદારી હતી પણ નોકરીમાંથી છૂટા થયા પછી નિવૃત્તિ લીધી. પૅન્શન મંજૂર થયું. માનભાઈની બંદર પરની કારકિર્દી એ બાબત પર પ્રકાશ નાખે છે કે – પેટ ભરવું છે, પણ આત્મ-સન્માનના ભોગે કદાપિ નહીં. આનિષ્ઠા માનભાઈને કદીય લાચાર બનવા દેતી નથી.

નોકરી પછીના સમયમાં બાળકો માટે ક્રીડાંગણો, બાલમંદિરો, રાત્રિશાળા, પ્રૌઢશિક્ષણ વગેરે ચલાવવાનું ઈઇ.સ. ૧૯૩૦થી શરૂ કરેલું. ઈ.સ.૧૯૩૮માં 'નવજીવન બાળમંદિર' શરૂ કર્યું. ફરતું પુસ્તકાલય, શ્રવણવર્ગો વગેરે ચલાવી લોકશિક્ષક બન્યાં. જ્ઞાનમાળી બન્યા. સ્વરાજ્ય-ઘડતર માટે અખાડા પ્રવૃત્તિ શરૂ કરી. 'બજરંગ વ્યાયામશાળા' શરૂ કરી. સ્વરાજ્યની લડતમાં જોડાયા. પત્રિકાઓ વહેંચવી. ભાંગફોડ કરવી, બૉમ્બ બનાવવો, 'હરિજનબંધુ'નો પ્રચાર કરવો વગેરે પ્રવૃત્તિ કરી. સાધનશુદ્ધિનો આગ્રહ નહીં, પણ ગાંધીબાપુ માટે અપાર શ્રદ્ધા. સ્વરાજ્ય આવ્યા પછી રાજકારણને નવ ગજનાં નમસ્કાર કરી દીધા. માનભાઈ ઈલેક્શન નહીં પણ સિલેક્શનમાં માનનારાં. મનસ્વી સ્વભાવને કારણે રાજકારણથી દૂર રહ્યા.

માનભાઈએ જ્ઞાન દીવો પ્રગટાવવા પ્રૌઢશિક્ષણની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પ્રવૃત્તિ શરૂ કરી. રાત્રિશાળાઓમાં રસ લેવા લાગ્યા. ઠક્કરબાપાના સાંનિધ્યમાં નવી પ્રવૃત્તિઓ શરૂ કરી. ઠક્કરબાપાની અર્ધોપરાંતની મરણમૂડી શિશુવિહારને મળી. ઠક્કરબાપાના અવસાન બાદ તેમના સ્મૃતિગ્રંથની રકમમાંથી પણ શિશુવિહારને ડ્રાફ્ટ મળ્યો. માનભાઈએ સ્થાપેલ શિશુવિહારનાં વડલા પર શિશુઓનું કલરવગાન સાંભળવા ભાવનગરમાં આજે પણ મહાનુભાવો પધારે છે. મૃત્યુ પછી પોતાના શરીરની રાખને શિશુવિહારના આંગણામાં વેરવાની ઈચ્છા પાછળનું કારણ એ છે કે તેના પર સેંકડો બાળુડાંની પગલીઓ રોજેરોજ પડતી રહે. લોખંડ ટીપતો મજૂર બાળકો માટે હૈયું પાથરી દે છે.

સરદાર વલ્લભભાઈ કહેતા કે સ્વરાજ મળે પછી એકેએક ગામના પાદરે ક્રીડાંગણ તો હોવું જ જોઈએ ! આ વાતમાંથી પ્રેરણા લઈને માનભાઈએ ઈ.સ. ૧૯૩૮માં 'શિશુવિહાર'ની સ્થાપના કરી, ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી માનશંકરની કામગીરીથી આનંદિત થઈ રાજ્યની જમીન શિશુવિહારને દાનમાં આપે છે. શિશુવિહારનું ક્રીડાંગણ એ ભાગવતકથાના બાળકાંડ જેવું સ્થાન ભોગવે છે. 'ભાવનગરનાં શિશુઓની મા' માનભાઈ દ્વારા પછી ઉદ્યોગમંદિર સ્થપાયું. શિશુવિહારના બાળકોનાં સર્વાંગી વિકાસ માટે 'વ્યાયામ' અનિવાર્ય હતો. વ્યાયામશાળા અને સ્કાઉટ-ગાઈડની પ્રવૃત્તિ શરૂ કરી. પુસ્તકાલય શરૂ કર્યા. ઈ.સ. ૧૯૫૭માં 'મોંઘીબહેન બાળમંદિર' શરૂ કર્યું.

બાળપ્રવૃત્તિમાં શિક્ષણની પ્રવૃત્તિ વહેલી-મોડી આવીને ઊભી જ રહે. બાળમંદિર પછી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પણ કાળક્રમે ચાલુ થઈઇ. બહેનો માટે સીવણ-ભરત ઉપરાંત વિવિધ હસ્તકળાનાં વર્ગો પણ ચાલતાં. સંગીતના તાલીમ વર્ગ શરૂ થયા. ચિત્રકળાના વર્ગો શરૂ થયા. નાટકો ભજવ્યાં. પત્રિકાઓ દ્વારા લોકશિક્ષણ કર્યું. વિવિધ પ્રકાશનો કર્યા. જ્ઞાનગંગોત્રી સમી લગભગ બસો જેટલી પુસ્તિકાઓ શિશુવિહાર દ્વારા પ્રગટ થઈ છે. 'શિશુવિહાર' નામની માસિકપત્રિકા પણ વર્ષોથી ચાલે છે. પ્રા. તખ્તસિંહ પરમારના સંચાલન-સંયોજન હેઠળ 'બુધસભા' શરૂ થઈ. 'નીરક્ષીર'નું પ્રકાશન આરંભાયું. ઠક્કરબાપા અતિથિગૃહ અને ગોવિંદભવન રમકડાંઘર શરૂ થયાં. રક્તદાન, ચક્ષુદાન, દેહદાન, પ્રાથમિક સારવાર, મોક્ષવાહિનીની સેવા વગેરે પ્રવૃત્તિથી શિશુવિહારનો વડલો ઘેઘૂર બન્યો.

સામાન્યપણે માણસ એના ચહેરા-મહોરાંથી ઓળખાય, પણ શિશુવિહારનાં માનભાઈ તો એના બરડા પરથી ઓળખાય. ઊંચી કદાવર કાયા, માથે નાની બાબરી, આંખે ચશ્માં, સાઈકલ પર સવારી અને બરડા પર લાંબું લટકણિયું – એના પર લખાણ વાંચવા મળે. સાઈકલ પર ચોપાનિયાની લહાણી કરે. પોતે ક્યાંક સારું વાંચ્યું હોય તો તરત ચોપાનિયા દ્વારા તેની લહાણી કરે, 'બાવડા એ જ બજેટ' માની બને એટલા કામ બાવડાના જોરે જ કરી લેવાની વૃત્તિ. હાથ તો ના છૂટકે જ લાંબો થાય ! મોટા ભાગે તો, સામે ચાલીને જ શ્રી આવી પહોંચે ! અલગારી સેવક વજુભાઈ ઠક્કર સાથે મળી સ્મશાનની પણ સેવા કરે !

ભાવનગરની કોઈ પણ સમસ્યા હોય, એના નિરાકરણની ખેવના માનભાઈને રહે. તેઓ માનતા, કે 'આપણા કામથી સામાજિક જીવનમાં મોટો ફરક આવી જવાનો છે, તેવું ન માનવું જોઈએ. બળતી દુનિયામાંથી એકાદ તણખલું પણ બચાવી શકાય, તો મને એ વાતનો સંતોષ છે અને તેમાંથી મને તાકાત મળી રહે છે. બાકી દુનિયાને સુધારી નાંખવાનું આપણું શું ગજું અને વળી આપણો શો ઈજારો ?' (પૃ. ૧૮૭) ઘરની કોઈ ચીજ ક્યારે કોને આપી દેશે, કોઈ અંદાજ ન રહે. જ્ઞાતિ, કોમ, પંથ, પક્ષ કે ધર્મના વાડાથી પર હોવાને કારણે કોઈકે એમને 'માનભાઈ'ને બદલે 'માનવભાઈ' ગણાવવાનું ઉચિત માનેલું. જીવનનાં કસબી માનભાઈ, પોતાની મર્યાદાઓ પણ સારી પેઠે જાણતા હતા. નિત્ય વર્ધમાન રહીને પોતાની વૃદ્ધાવસ્થાને શોભાવી. ઘડીભર પણ જે માણસ નવરો ન બેસે, તેના જીવનમાં કૃતિઓનો કેવો મહાસાગર ઘૂઘવતા

(અનુસંધાન પૃષ્ઠ ૩૩ ઉપર)

## અપેક્ષા

– દમયંતી પંડ્યા
૨૧, મેઘાનગર, પવનચક્કી ચોક, નડિયાદ-૨
મો. ૯૪૨૮૬૯૯૮૫૪

નારીના 'માસિક ધર્મ' વિશે આપણા સમાજમાં ઘણી ખોટી માન્યતાઓ પ્રચલિત થયેલી જણાય છે. મા આનંદમૂર્તિ ગુરુમાએ એમના એક લેખમાં એમના વિચારો પ્રગટ કર્યા છે, મહિલાઓના 'માસિક ધર્મ' વિશે.

તેઓ લખે છે કે વિશ્વના તમામ ધર્મોનો પ્રારંભ પુરુષોએ કર્યો છે. આ ધર્માચાર્યોને નારીના દેહની રચનાનું જ્ઞાન નો'તું; એટલે જ્યારે એમને મહિલાઓના માસિક ધર્મની જાણ પહેલી વાર થઈ હશે ત્યારે એમણે હળવો આંચકો અનુભવ્યો હશે. મહિલાઓ રજસ્વાલા સાથી બને છે એની કશી જાણ એમને નો'તી, એ કારણે બધાએ એવી વાત ઉપજાવી કાઢી કે મહિલાઓ પરના ઈશ્વરના શાપને પ્રતાપે તેઓ રજસ્વાલા બને છે.

મહિલાઓને શરમિંદી કરવા તેઓ ગુનેગાર છે. એવું એમને feel કરાવવા તથા એ બહાને એમનું દમન કરવા એમના મગજમાં એવું ઠસાવવામાં આવ્યું કે તેઓ શાપિત છે, અશુદ્ધ અને અપવિત્ર છે.

ગુરુમા આગળ લખે છે કે ધાર્મિક અને સામાજિક રૂઢિઓ, માન્યતાઓની ભોગ બનતી મહિલાઓએ ચૂપ ન રહેવું જોઈએ. 'માસિક ધર્મ' દરમિયાન તેઓ શાપિત છે, અશુદ્ધ અને અપવિત્ર છે એવા સમાજના વલણનો એમણે વિરોધ કરવો જોઈએ. રજસ્વાલા મહિલા અશુદ્ધ, અપવિત્ર છે એમ માનવા માટે ધર્માચાર્યો પાસે શાં પ્રમાણ છે એમ મહિલાઓએ એમને પૂછવું જોઈએ.

હિન્દુ ધર્મની સર્વે દેવીઓ નારી સ્વરૂપે જ પ્રગટ થઈ છે. એ બધી દેવીઓને પણ ધર્મગુરુઓ અશુદ્ધ કહેશે ? દેવીઓ સદા વિશુદ્ધ રહેતી હોય તો મહિલાઓ કેમ નહીં ? ગુરુમા કહે છે કે રજસ્વાલા સ્ત્રી પણ શુદ્ધ હોય છે.

ગુરુમાનું કહેવું છે કે 'માસિક ધર્મ' દરમિયાન પણ મહિલાઓએ એમના ધાર્મિક ક્રિયાઓ જારી રાખવી જોઈએ. એકવીસમી સદીમાંથી ધર્માચાર્યો મહિલાઓને પુરુષો કરતાં નીચી કોટિની લેખી રહ્યા છે. મહિલાઓએ 'ૐ' નો ઉચ્ચાર ન કરવો જોઈએ. કારણ કે માસિક ધર્મ દરમિયાન તેઓ અશુદ્ધ, અપવિત્ર હોય છે એવું એમનું માનવું છે.

મૃત્યુ ક્યારે આવશે એ કોઈ કહી શકતું નથી. ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે કે અંત ઘડીએ વ્યક્તિ જેવા વિચારો કરતી હોય છે એવો એનો આગળનો જન્મ થાય છે, એટલે 'માસિક ધર્મ' દરમિયાન પણ મહિલાઓએ એમની ધાર્મિક ક્રિયાઓ ચાલુ રાખવી જોઈએ જેથી એમનો હવે પછીનો જન્મ સુધરી જાય.

પુરુષોએ મહિલાઓનો સન્માનભેર જીવવાનો તથા શિક્ષણનો અધિકાર છીનવી લીધે છે. શું મહિલાઓને તરવરાટભરી જિંદગી જીવવાનો અધિકાર નથી ?

માસિક ધર્મ તો નારીની ફળદ્રુપતા સૂચવે છે. એ જો રજસ્વાલા ન બને તો કદી માતૃત્વ પ્રાપ્ત ન કરી શકે. 'માસિક ધર્મ'તો પ્રકૃતિએ નારી અર્પેલી અમૂલ્ય ભેટ છે. પ્રકૃતિઓ બક્ષેલી ભેટ અશુદ્ધ શી રીતે હોઈ શકે ?

માસિક ધર્મ દરમિયાન મહિલાઓ અશુદ્ધ હોય છે એમ માનનારાઓન માનસિકતા અશુદ્ધ હોય છે.

ગુરુમા કહે છે કે રક્ત કદી અશુદ્ધ ન હોઈ શકે. એ તો આપણા સૌની નસોમાં સદા વહેતું રહે છે. નસોમાં વહેતા રુધિરને તમે અશુદ્ધ લેખો છો ખરા ? માનવીમાં રહેલ ક્રોધ, ઈર્ષ્યા, નફરત, ણજ્ઞાન જેવા દુર્ગુણો અશુદ્ધ છે, રક્ત નહીં.

પુરાતન કાળમાં સેનેટરી નેપકીન જેવા કશાનો આવિષ્કાર નો'તો થયો એટલે 'માસિક ધર્મ' દરમિયાન મહિલાઓને ઘરમાં ભરાઈ રહેવું પડતું. આ ઘટનાને પુરુષ પ્રધાન સમાજે રિવાજનું સ્વરૂપ આપી દીધું.

સેનેટરી નેપકીન આવ્યા પછી મહિલા રજસ્વાલા હોય

તોયે એનો ખ્યાલ કોઈ આવી ન શકે. એ સંજોગોમાં માહિલા 'માસિક ધર્મ'માં હોય તો પણ એની રોજિંદી કામગીરી વિના રોકટોકે બજાવી શકે છે. એનું નિત્યકર્મ આટોપવામાં એણે શરમ, સંકોચ અનુભવવાની જરૂર નથી, એવું ગુરુમાનું કહેવું છે.

હરેક નારી એની યુવાવસ્થામાં ત્રણ-ચાર દિવસ દરમિયાન માસિક ધર્મમાં હોય છે. વર્ષો પહેલાં આ પીરિયડમાં એની સાથે એ અછૂત હોય એવો વહેવાર કરવામાં આવતો. રજસ્વાલા મહિલા રસોઈ ન કરી શકે. અરે, પોતાના રસોડામાંય પ્રવેશી ન શકે. એનાથી દેવદર્શને ન જઈ શકાય. સત્યનારાયણની કથા કે નવચંડી જેવા ધાર્મિક પ્રસંગોમાં એ હાજરી ન આપી શકે. લગ્ન કે ઉપવિત જેવા સામાજિક સમારંભોમાં એ ભાગ ન લઈ શકે. એને ઘરના એક ખૂણામાં ભરાઈ રહેવાનું, શણના કોથળા પર બેસવાનું, કંતાનના ગાદલા પર સૂવાનું અને ફાટેલ-તૂટેલ ઊની કામળો ઓઢવાનો. એને સ્પર્શ કરનારને માથાબોળ નહાવું પડતું. એનું પાણી પીવાનું પ્યાલુ તથા થાળી, વાટકો અલગ રાખવા પજતાં. એણે આ સમય દરમિયાન એને સમગ્ર પરિવારના ઢગલો કપડાં ધોવાના અને એંઠા વાસણો માંજવાના. રક્તસ્રાવને કારણે એ નબળાઈ અનુભવતી હોય અને એ કારણે એને આરામની જરૂર હોય, પણ એવું બધું વિચારવાનો સમય અને સૂઝ આપણા પુરુષ પ્રધાન સમાજને ક્યાંથી હોય !

આજે, જો કે સમય બદલાયો છે. છતાં આ સદીમાંય ઘણા પરિવારોમાં રજસ્વાલા નારી તરફનો વહેવાર, વર્તન અગાઉના જેવો જ રહ્યો છે. એ ખેદની વાત છે. એ પરિવારોમાં રજસ્વાલા નારી પ્રતિ એમના વલણમાં બદલાવ એવું આપણે અપેક્ષિયે.

---

**શિશુવિહારનો ઘેઘૂર વડલો**

મારે, તે જોવું હોય તો તે માનભાઈનું જીવન છે.

માનભાઈનો પંચોતેરમો જન્મદિવસ ઊજવવાનું નક્કી થયું, પણ આવું બધું તેને ગમે નહીં. વીરનગરનાં ડૉ. શિવાનંદ અધ્વર્યુના સંગમાં આ જન્મદિવસ ઊજવવાનું સૌએ નક્કી કર્યું એટલે સવારે ઘેર ચિઠ્ઠી લખીને ભાઈ તો બહાર નીકળી ગયા. સંત સંતનાં અંતરને સારી રીતે પિછાણે, તેથી ડૉ. શિવાનંદ અધ્વર્યુને લગારે અડવું કે વિચિત્ર ન લાગ્યું. માનભાઈ કાંધ પર જોતરું વ્હોરી પરસેવો પાડી મહેનત-મજૂરી કરીને સ્વાશ્રયી થયાં. માંદગીના બિછાનેથી પણ શિશુવિહાર જવા તૈયાર થઈ જાય. માનભાઈનું વ્યક્તિગત અને સામાજિક જીવન વૃક્ષની જેમ નિજલીલા જેવું છે. એમના જીવન વિકાસમાં ચેતો વિસ્તારનું પ્રાગટ્ય જોવા મળે છે. માનભાઈ જેવી વ્યક્તિ કોઈ બીબામાં ન ઢળી શકે. નકશેકદમ પર ન ચાલે. એ પોતાની રીતે અને પોતાની શરતે જ જીવે અને વિહરે. તેમનામાં સહજ જીવનદૃષ્ટિ ખીલી છે. તેમનું જીવન એક ધબકતું જીવન છે.

આ જીવનકથા આપણને માનભાઈના વ્યક્તિત્વની ખૂબ સમીપ પહોંચાડે છે. માનભાઈને અંતરથી જાણી શકાય છે. એમની મહાનતાને માણી શકાય છે અને તેમની નિખાલસતા, નિર્વ્યાજ પ્રવૃત્તિથી તેઓને પારખી શકાય છે. કોઈ સત્યનિષ્ઠ સાહસવીરને જેમ સફળતા અને સિદ્ધિઓ શોધતી આવે તેવું શ્રી માનબાઈના જીવનમાં પણ બન્યું છે. સમાજસેવા અને લોકકલ્યાણની જે પ્રવૃત્તિઓ તેમણે આરંભી, વિકસાવી, સમાજમાં પ્રતિષ્ઠિત બનાવી અને સફળતાપૂર્વક પાર પાડી તે તેમને શ્રમવીર તરીકે પ્રતિષ્ઠા આપે છે. સ્વામી તદ્રુપાનંદ નોંધે છે તેમ, 'જીવનભર શ્રમયોગી હોવા છતાં, લોઢા સાથે જ કાર્ય કરવા છતાં, એમનું  દય મીણથી પણ કોમળ છે અને બાળઉછેર, દર્દીસેવા, નારીઉદ્ધાર કે શ્રમજીવીના કલ્યાણ માટે દ્રવી ઊઠે છે.' (પૃ. ૧૨)

(**'હાથે લોઢું, હૈયે મીણ'** (**શ્રી માનભાઈ ભટ્ટનું જીવનચરિત્ર**) લેખિકા : **મીરાં ભટ્ટ**, ૨૨૩પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯, પ્રકાશક : શિશુવિહાર, ભાવનગર)

# કાટ ખાઈ ગયેલા સિક્કા

— ફાધર વાલેસ

અનુ. ડંકેશ ઓઝા

ગાંધીએ ભારતીય સ્ત્રીઓ પાસેથી તેમના ઘરેણાં માગ્યાં તો બાકીના પાસેથી શું માગ્યું ? તેઓ જાણતા હતા કે તમે કશું આપો છો તો એ આદર્શ પ્રત્યેની તમારી પ્રતિબદ્ધતા, તમારું અનુસરણ, તમારો તેની સાથેનો લગાવ દૃઢ બને છે, તે માટે લડવાનું જોર વધે છે. તેથી તેઓ માગતા જ રહ્યા. જે મૂલ્યવાન હતું જે આપવાનું સૌથી અઘરું હતું, જે પોતાનું અને પ્યારું હતું તેની જ માંગણી તેમણે કરી. પરિણામે આપનારને તેમણે સૈનિક બનાવી દીધો, સ્વયંસેવક બનાવી દીધો અને દેશની લડતનો મુક્ત અને કાયમી સભ્ય બનાવી દીધો. દેશના કામ માટે ત્યાગ અને બલિદાનની આ ઝુંબેશ હતી, તે પવિત્ર પણ હતી.

જેઓ સરકારી નોકરીમાં હતા તેમને તે નોકરીઓ છોડી દેવા કહ્યું. જે નોકરી આજીવિકા પૂરી પાડે છે તે છોડવાનું સહેલું હોતું નથી, પરંતુ કર્મચારીઓ જે સરકાર માટે કામ કરતા હતા તે તો વિદેશ સરકાર હતી. તેવી નોકરી છોડવી તે પ્રતિકારનું અને મુક્તિનું કાર્ય હતું. હજારો નોકરોએ પણ તેમ જ માન્યું. રાષ્ટ્રભાવનાના આદર્શ માટે સલામત નોકરીઓ છોડી દેવા તેઓ તૈયાર થયા.

જે વિદ્યાર્થીઓ સરકારી કૉલેજમાં ભણતા હતા તેમને અભ્યાસ છોડી દેવા કહ્યું. આ એક રીતે તો સહેલું હતું પણ બીજી રીતે જોખમી પણ હતું, ગાંધીજીની આવી હાકલથી ટાગોર બહુ ચિંતિત થઈ ગયા. આમ કરવાથી તો પેઢીઓ અભણ નહીં રહી જાય ? પરંતુ ગાંધીને તો વિદ્યાર્થીઓ પણ, યુવાનો પણ શાંતિસૈનિક તરીકે જોતા હતા. એમને ખબર હતી કે વિદ્યાર્થીઓની સૌથી મોટી મહત્ત્વકાંક્ષા કૉલેજની ડિગ્રી પ્રાપ્ત કરવાની હોય છે જેનાથી નોકરીની બાંહેધરી મળે અને સામાજિક પ્રતિષ્ઠા મળે. આમ અભ્યાસ છોડવાનું તો સહેલું હતું પણ મહત્ત્વાકાંક્ષી યુવાન માટે આવી અપેક્ષા સંતોષવી એ બહુ મુશ્કેલ પણ હતું; અને ગાંધીની માંગણી તો એની જ હતી. વર્ગખંડો ખાલી થઈ ગયા. હું મારા મિત્રો તરફ નજર કરું છું જેઓ ઊંચું જ્ઞાન અને સંસ્કાર ધરાવે છે પણ તેમની પાસે કોઈ શૈક્ષણિક ડિગ્રી નથી, કારણ એટલું જ કે ગાંધીએ જ્યારે હાકલ કરી ત્યારે તેઓ કૉલેજમાં હતા. તેમણે અભ્યાસ છોડી દીધો, પોતાના જીવનનાં ઉત્તમ વર્ષો ગાંધીને ચરણે ધરી દીધાં. પાછળથી તેઓ જાતે તૈયાર થયાં, શીખ્યા, ભણ્યાં અને સમાજના મૂલ્યવાન અને ઉપયોગી સભ્યો પુરવાર થઈ રહ્યાં.

ગાંધીએ લોકોને જે કંઈ વ્યસન હોય તે છોડવા પણ આગ્રહ કર્યો, શાંતિપૂર્ણ સમજાવટથી. દારૂની દુકાનો પર મહિલાઓએ પિકેટિંગ કર્યું. ભારતીય સંસ્કારમાં નશાકારક ચીજોનું સેવન કરવું તે હીણ મનાયું છે, દારૂનું સેવન કરવું એ તો દેખીતી ગુલામી જ. ગાંધીજી અને તેમના અનુયાયીઓએ વ્યસનોથી દૂર રહેવાનો પ્રચાર કર્યો તે પછી આઝાદ ભારતની સરકારે સંપૂર્ણ દારૂબંધી જાહેર કરેલી. આમાં એ જ ચેષ્ટા હતી કે જે અઘરું છે તે છોડવું. બંધનમાંથી વૈયક્તિક મુક્તિ.

તો પછી, જેની પાસે આપવા માટે કશું જ નથી તેમની પાસે ગાંધીએ શું માંગ્યું, સમૃદ્ધ લોકોને તો કહ્યું કે તમે ગરીબોની સહાય કરો. પણ હવે ગરીબોને તો શું કરવાનું કહે ? દેશની આઝાદીની લડતના મહાન કાર્યમાં તેમને પણ સાથે જોડવાના તો હતા. તેમણે પણ સહયોગ કરવાનો કરવાનો હતો, પોતાનું જે કંઈ હોય તે આપવાનું હતું. તેમણે ગરીબીમાં પણ, આપવા માટે કશું ન હોવા છતાં પણ, બધાં સાથે જોડાયેલા રહીને દેશના સામૂહિક પ્રયાસમાં વ્યાપક બલિદાન આપવાનું હતું. ગાંધીએ તેમને એમ જ જણાવ્યું કે તમારી પાસે કાંઈ નથી, તમારે ઘણું જોઈએ છે. તેમ છતાં તમે પૂરા હક્કથી આ ચળવળમાં જોડાઈ શકો છો, માથું ઊંચું રાખીને, ગૌરવપૂર્વક સમાનતા ધોરણે આઝાદીની લડતમાં શરૂઆતથી જ સાથે જોડાઈ શકો છો. પોતે શું કરી રહ્યાં છે તે વિશે ગાંધી પૂરા સભાન હતા. ગરીબોની પીડા અનુભવવામાં તેઓ સૌથી પહેલાં હતાં. ગરીબમાં ગરીબ માણસ પાસે દેશ માટે તેમણે ભીખ માગી,

આ જ બાબત કાલલેકરના સ્પર્શી જતા શબ્દોમાં જોઈએ :

'૧૯૨૬નું વર્ષ હતું. ગાંધીએ દક્ષિણ ભારતની મુસાફરી પૂરી કરી હતી. જ્યાં તેમણે લોકોમાં દેશભક્તિનો જુવાળ અનુભવ્યો હતો. હવે તેઓ ઉત્તર ભારતના ઓરિસ્સા પ્રાંતમાં હતા. તેઓ ઈતામતિ ગામે પહોંચ્યા, ત્યાંના લોકોને સંબોધન કર્યું. ગાંધીની માગણી મુજબ, જવાબરૂપે તેમની પાસે જે કંઈ હતું કે તેઓ લઈને આવ્યા, કોઈ કાકડી લાવ્યું, તો કોઈ રીંગણું, તો બીજા કોઈ બીજા શાકભાજી. કોઈએ ચીંથરે બાંધેલા સિક્કા લઈ આવવાનું પસંદ કર્યું. હું ટોળામાં ફરીને લોકો જે આપતા હતા તે એકઠું કરી રહ્યો હતો. ફળો અને શાકભાજી એક બાજુ અને સિક્કા બીજી બાજુ એમ હું તારવતો હતો. કેટલાક સિક્કા એવા કટાઈ ગયેલા હતા કે જે કપડામાં તે વીંટળેલા હતા તે પણ ડાઘાવાળા હતા. હવે એ કાટના ડાઘા મારા હાથને પણ રંગી રહ્યાં હતા. ગાંધીને મેં મારી હથેળીઓ બતાવી, હું વધુ કાંઈ ન બોલી શક્યો.'

ગાંધીએ એ સિક્કા સ્વીકારી લીધા. મૂલ્યવાન આઝાદીની આ મોટી કિંમત હતી. કરોડપતિના ચેકથી પણ વધુ મૂલ્યવાન, રાષ્ટ્રભક્તિનું સ્મૃતિચિહ્ન, ખાનદાનીનું આભૂષણ. રાષ્ટ્રીય ચળવળ માટેના ફંડનો ખજાનો. ગાંધીને પણ તે સ્વીકારતાં દુઃખ થયું. પરંતુ વ્યથિત લોકોની વ્યથામાં એકરૂપ થવાના ભાવથી તેમણે તે સ્વીકાર્યા.

ગાંધીની જીવવાની રીતભાત અને તેમનું  દય સદાય ગરીબોની સાથે હતાં. અમદાવાદમાં તે ખુલ્લા ચોતરા પર રહેતા જે તેમનું કામ, તેમની મુલાકાતીઓ, તેમની મિટિંગોને જોતા અપૂરતો જ ગણાય. જમનાલાલ બજાજ જેઓ મોટો ઉદ્યોગપતિ હતાં, તેમણે દરખાસ્ત કરેલી કે વધુ એક માળ તેમને બાંધી આપીએ જેથી વધુ સગવડતા રહે. ગાંધીને તે વાજબી પણ લાગેલું, સંમત થવાની અણી પર પણ હતાં પણ પછી તેમણે લાગણીશીલતાથી તેમને કહ્યું :

'હું આ ભૂમિનું સંતાન છું, અમારા પ્રદેશમાં તો ખેડૂતો ભૂમિ પર જ રહે. ત્યાં જ સૂઈ જાય, ત્યાં જ કામ કરે, ત્યાં જ રમે. મારી ઈચ્છા પણ એ રીતે જ રહેવાની છે. પ્રજાના સેવક તરીકે હું માતા પૃથ્વીનો સંપર્ક કાપી ન શકું. ઉપરના માળે રહેવા ન જઈ શકું. હું તો હંમેશાં મને જે નાનો ઓરડો મળ્યો છે તેમાં જ રહેવાનો એ થોડો ઓછો સગવડદાયી છે પણ મને એ વાતે સંતોષ છે કે હું મારા ભાઈઓ સાથે રહું છું અને તેમના સંપર્કમાં છું.'

બાળકો પણ ગાંધી પ્રત્યે ઘણું આકર્ષણ અનુભવતાં અને તેમને ઘેરી વળતાં. એ પણ દેશના ઊછરી રહેલા નાગરિકો હતાં. જે દેશ પોતાનો માર્ગ કંડારી રહ્યો હતો તેઓ ભૂમિની ભાષા બીજા કરતાં વધુ સારી રીતે સમજતા હતા. ગાંધી તરફ તેઓ કેમ સહજપણે ખેંચાતા હતા તેની એક વાત જાણવા જેવી છે :

'ગાંધી એક વેળા નિશાળની મુલાકાતે ગયા. ગાંધી બાળકોને ચાહતા તેથી તેમને ખબર હતી કે તેમના જેવા કેવી રીતે થવું, તેમની સાથે કેવી ઢબે વાતચીત કરવી. તેમણે બાળકોને વાર્તા કહેવાનું શરૂ કર્યું. પછી સવાલ પૂછવા તેમને પ્રોત્સાહિત કર્યા.'

બાળકોમાંથી એક બાળકે બાળસહજ નિર્દોષતાથી પૂછ્યું તમે અમને કહો કે તમે અંગરખું કેમ નથી પહેરતા ? ગાંધી જવાબ આપે તે પહેલાં એ બાળકે આગળ આવીને કહ્યું કે જો મારી મા તમને એક અંગરખું સીવી આપે તો તમે એ પહેરવાના કે ?

ગાંધીએ તક બરાબર ઝડપી પોતાને મનગમતી શીખ આ ઊગતાં બાળકોને આપવાનો તેમને અવસર સાંપડ્યો હતો. તેમણે બહુ તાદૃશ અને કલ્પનાતીત રીતે તેનો ઉપયોગ કર્યો. પેલા બાળક સાથે ચાલતા સંવાદને આગળ ધપાવતાં તેમણે કહ્યું, 'હા જરૂર, તારી મા જો મને અંગરખું સીવી આપવાની હોય તો ખુશીથી હું તે પહેરીશ.'

બાળક તો આનંદથી કૂદવા લાગ્યું. તેના ભાઈબંધોએ પણ તાળીઓ પાડી. ગાંધી તેમને જોઈને હસતાં રહ્યાં પછી થોડાં ગંભીર થયા અને એકાએક ભુલાઈ ગયેલી વાત યાદ આવી હોય તેમ કહેવા લાગ્યા : 'પણ સવાલ એક જ છે જો હું તને તે સમજાવું. કોઈ તને એક રમકડું આપે અને તારા

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)

# શિક્ષણ-કેળવણી-ભણતર

**મહેન્દ્ર ભાટિયા**
ઠે. ભાટિયા ટેકરી, શ્રમ સાફલ્ય,
મુ.પો.તા.સંતરામપુર, જિ. મહિસાગર-૩૮૯૨૬૦.
ફોન : (૦૨૬૭૫) ૨૨૦૨૮૬ મો. ૯૪૨૭૦૭૮૬૧૭



૨૦૨૦. વિશ્વ મહામારી કોરોના ભયંકર રોગના ભરડાએ, જનજીવન અસ્તવ્યસ્ત કરી દીધું. વળી શિક્ષણ-કેળવણી-ભણતર સાવ ઠપ્પ થઈ ગયું. બાળકો, શિક્ષકો, શાળાઓ જાણે કે શિક્ષણ મુક્ત બની, કોઈક અલગારા વિશ્વમાં સૌ સરી ગયા. ભય, આદેશ, સાવચેતી, સૂચના.

માર્ચ-૨૦૨૦થી આલેખ લખુ છું. પહેલી ઓક્ટોબર-૨૦૨૦ લગભગ સાત માસના સમયગાળામાં શિક્ષણ-કેળવણી-ભણતર સાવ બંધ. વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઘરમાં અને શાળાઓને ખંભાતી. મહામારી રોગ કોરોનાથી બચવું અને સરકારશ્રીન આ ભયંકર રોગથી જનતાને બચાવવા માટે. શિક્ષણ અને શિક્ષણ સંસ્થાઓ બંધ કરવા માત્ર એક વિકલ્પ બન્યો. હજુ આ મહામારી કોરોના તેની ભયંકરતા ક્યારે સમાપ્ત કરે છે તે અકલ્પિત છે.

શિક્ષણ એટલે કેળવણી, ભણતર. શિક્ષા એટલે ઉપદેશ, જ્ઞાન, બોધ, શિખામણ, શિક્ષણ મેળવી શિક્ષિત થવાય. કેળવણી માપી કેળવાય. અભ્યાસ, અધ્યયન, મહાવરો, ધ્યાન, મનન, ઉધમ, ચિવટાઈ, પુનરાવર્તન, અભ્યાસના વિષયોની યાદી. શિક્ષણના અંગો છે. ''શિક્ષણ એટલે બાળકના જીવનનું ઘડતર, કેળવણી.'' એક તત્ત્વચિંતક 'મીલે' કહે છે કે સ્વસ્થ શિક્ષિત માથું એકસો સશક્ત હાથો કરતાં ચડિયાતું છે.

વિદ્યાર્થી જ શિક્ષણનો સાચો અધ્યેતા છે. વિદ્યાર્થી શિક્ષણનું કેન્દ્રબિંદુ છે. વિદ્યાર્થી સમગ્ર શિક્ષણ પ્રક્રિયાનું મધ્યબિંદુ છે. શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષક, પાઠ્યપુસ્તક, માતા-પિતા, વાલી, શિક્ષણ સંસ્થા, સંચાલક મંડળ, સરકાર શિક્ષણના આધારસ્તંભ છે.

શિક્ષણ બાળકોનો માનસિક, શારીરિક, આધ્યાત્મિક વિકાસ કરે છે. પરંતુ તેમાં વિદ્યાર્થીની ઉધમશીલતા મહત્ત્વની હોય છે. ઉધમ એટલે નિર્ધારિત સાચા માર્ગે આગળ વધવા માટે સતત પુરુષાર્થ, પ્રયત્ન કરવો જોઈએ. હોશિયાર, ચતુર, મહેનતુ, શિક્ષણપ્રિય, જીવનઉત્કર્ષ કરનાર વિદ્યાર્થી આવા કપરા દિવસોમાં ઘરમાં રહીને પણ પોતાના અભ્યાસની સારી તૈયારી સ્વઅધ્યયનથી કરી શકે. કેટલી તૈયારી કરવી, કેટલું વાંચવું, કેટલું લખવું, કેટલું ચિંતન અને મન કરવું ? સઘળી સમજણ કેળવીને વિશ્વસાહિત્ય રૂપ અણમોલ ગ્રંથોનું વાચન કરી વિશ્વ અને તેની કલા, સંસ્કૃતિની જાણકારી મેળવી શકે છે.

ગુજરાતીમાં એક પંક્તિ છે. ''વિપત પડે ન નવલખીએ, વલખે વિપત ન જાય. વિપતે ઉધમ કીજીએ ઉધમ વિપતને ખાય.'' વળી સંસ્કૃતમાં એક શુભાશિતાની છે. ''ઉધમે નહીં સિદ્ધન્તિ કાર્યાણિ ન મનોરથે, નહીં સુપ્તસ્ય સિંહસ્ય પ્રવિશન્તિ મુખે મૃગાઃ'' વિપત્તિ, આફત, દુઃખને નજીક ન જ આવવા દેવું હોય તો ખૂબ જ પુરુષાર્થ કરવો પડે. અવિરત શ્રમ કરવાથી વિપત્તિ, આફત, દુઃખ દૂર થઈ શકે છે. મહાન વિચારક 'મીલ' કહે છે કે, ''વૈતિયા નાગરિકોથી મહાન રાષ્ટ્ર ઉભું કરી શકાતું નથી. આળસુ, કામચોર, અકર્મણ્ય, પુરુષાર્થહીન પ્રજા મહાન રાષ્ટ્ર ઉભું કરી શકતી નથી.''

લોગાનથી અરલેસ સ્મિથ કહે છે કે, ''કોઈ પણ ધંધામાં રહેલી મજૂરી, મહેનત, પ્રત્યેનો પ્રેમ એ જ ધંધાની કસોટી છે.'' વિદ્યાર્થીઓએ નિર્ભય, નિડર, અભય બનવું જરૂરી છે. કોરોનાથી ભય બરાબર છે. પરંતુ ઘરમાં રહીને સ્વઅધ્યયન કરી પોતાની કક્ષાનો અભ્યાસ, સમયનો સદ્ઉપયોગ કરીને કરી શકાય. દરેક વિષયો, માર્ગદર્શિકાની મદદ વડે અને શાળાના વિષય શિક્ષકોને ફોન દ્વારા સંપર્ક કરી પોતાની ગૂંચ ઉકેલી શકાય. કોઈક આપણા સહાધ્યાયી હોશિયાર મિત્રની મદદ લઈને પણ પોતાની મૂંઝવણ દૂર કરી શકાય અને સારો અભ્યાસ


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કરવાનો પ્રયાસ થઈ શકે. નિર્ભય એ જ હોઈ શકે જે સબળ છે. સબળ બનવા અભય થવું પડે. આપણા સ્વતંત્ર ભારતની ચાર સિંહની મુદ્રામાં "સત્ય મેવ જયતે" લખેલ છે. સત્યતે નિર્ભયનો, અને નિર્ભયને સત્યનો પર્યાય છે.

સોનાને શુદ્ધ થવા તપવું પડે છે. તેવી જ રીતે માનવ જીવનમાં પણ ધ્રુવ, પ્રહ્લાદ, નિચકેતા, વશિષ્ટ, વિશ્વામિત્ર, પરાશર, અગસત્ય, આઈનસ્ટાઈન, આદિ તપ કરીને, પુરુષાર્થ કરીને, સિદ્ધિ પ્રાપ્ત કરી નામાંકિત થઈ ગયેલ છે. જેમણે માનવ સમાજનું કલ્યાણ કરવા માટે અથાગ પરિશ્રમ કરેલ છે. માનવ જીવનનાં પ્રથમ બાર વર્ષને તપનાં વર્ષ કહેવામાં આવે છે. ઉત્સાહથી કરેલ કાર્ય, તપ સમાન હોય છે. આધુનિક યુગના માનવને કદાચ, અધિક શ્રમ કરવો ગમશે નહીં, પરંતુ આપણા ખેડૂતો, વૈજ્ઞાનિકો, સાહિત્યકારો, વિચારકો, તત્ત્વચિંતકો, ડૉક્ટરો, એન્જિનિયરો, વકીલો, તમામ ઉચ્ચ હોદ્દેદારો, આઈ.એ.એસ., આઈ.પી.એસ. બનનાર વ્યક્તિઓ શ્રમ, તપસ્યા કર્યા સિવાય બની શકતા નથી.

સ્વાધ્યાય રોજિંદા કાર્યનું અવિભાજ્ય અંગ છે. જેના વડે શિક્ષણમાં વૃદ્ધિ કરી શકાય છે. સ્વાધ્યાયથી વ્યક્તિ સતત પોતાના શૈક્ષણિક કાર્યમાં વ્યસ્ત રહે છે. એક શુભાશિતાની છે. "પઢતા પંડિત નિપજે, લખતાં લહિયો થાય, ચાર ગાઉ ચાલતા લાંબો પંથ કપાય." કહેવાય છે કે મન હોય તો માળવે જવાય. વળી " કાયરોને ક્યાંય રસ્તો જડતો નથી, અને અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી." અંગ્રેજીમાં એક કહેવત છે. "A will will find a way. There is a will There is a way.

વિદ્યાર્થી જીવનમાં નિયમિતતા જરૂરી છે. દરેક કાર્યમાં સમયસર કામ કરવું. શિક્ષણ માટે ઘણું જ અગત્યનું અને અનિવાર્ય અંગ છે. સમયને ચોક્કસતામાં અનુબંધ કરવાથી, નિષ્ફળતા કદી પણ મળતી નથી. નિયમિતતા અસરકારક તત્ત્વ છે. જેનાથી ઝડપી પ્રગતી કરી શકાય છે. તેમાં બધા જ ગુણ સમાયેલા છે. સમયનું આયોજન, વિદ્યાર્થીને સફળતાના માર્ગે સડસડાટ આગળ વધવા ગતિ આપે છે. વિદ્યાર્થી જીવનમાં બીજો મુદ્દો પ્રતિજ્ઞા, ધ્યેય, નિશ્ચય, એક રાજમાર્ગ છે. જેના વડે બાળક કદી પણ પાછો પડતો નથી. ત્રીજો મુદ્દો પુરુષાર્થનો છે. કહેવાય છે કે, "પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું." સદ્‌વિચાર અને ઉત્તમ ધ્યેય માટે સતત અવિરત પ્રયત્ન કરવા પડે. પુરુષાર્થ વડે માનવ આકાશ, પાતાળનો તાગ મેળવી શકે. પુરુષાર્થથી ભાગ્ય ખુલી જાય છે.

શિક્ષણનો હેતુ બાળકોને સાચા નાગરિક બનાવવાનો છે. શિક્ષણનો મૂળહેતુ સમાજમાં પ્રકાશ પાથરવાનો છે. શિક્ષણ એ વ્યક્તિ અને સમાજમાં સુખદ પરિવર્તનથી સમાજ સમૃદ્ધ બનાવે છે. શિક્ષણ, કેળવણી એ માનવીય અભિગમોને જાગૃત કરવાનું કાર્ય કરે છે. શિક્ષણમાં સદ્‌ગુણોને આવરી લેવામાં આવે છે. કુટુંબજીવન અને શાળાજીવન, એ બાળકોના ગુણ વિકાસનું અંગ છે. વળી શિક્ષણ એ વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો અતૂટ નાતો છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે સંવાદનો સેતુ હોય છે. વિદ્યાર્થીના જ્ઞાન વિકાસમાં તેની જિજ્ઞાસા, અનુકરણ, અગત્યનો ભાગ ભજવે છે.

મહેનતુ, કુશાગ્રબુદ્ધિ, વિદ્યાભ્યાસુ, વિદ્યાર્થીને પોતાના વિકાસમાં કોઈ અવરોધ નડતો નથી, શિસ્ત માનવ સંવેદન સાથે જોડાયેલ તત્ત્વ છે. શિક્ષણ દેશાભિમાન, સ્વદેશ ગૌરવ, રાષ્ટ્રપ્રેમ બાળકમાં જાગૃત કરે છે. શિક્ષણ વિનય, વિવેક, વાણી, વર્તન, વ્યવહાર તેમજ જીવન ઉપયોગી બાબતો શિખવે છે. "જીવનના મૂલ્યોનું જતન કરવામાં આવે એ જ સાચું શિક્ષણ છે." જેનાથી સરળ, વિનમ્ર અને સમજદાર વ્યક્તિનું નિર્માણ થાય છે. શિક્ષણમાં સજીવ બાળકો સાથે કામ કરવાનું હોવાથી, તેમાં નીતીમત્તા અને મૂલ્યોની જરૂરત પડે છે. બાળકોના શિક્ષણની ગુણવત્તા જાણવા, સમજવા, વાલીઓએ સભાનતા કેળવવી પડશે. શિક્ષણ સંસ્થાઓ, કેવળ શિક્ષણની ફેક્ટરીઓ નથી. શિક્ષણ સંસ્થાઓની પણ જવાબદારી છે. બાળકોની વાસ્તવિકતાથી વાલીઓને વાકેફ કરતા રહેવું પડે. વાલીઓએ બાળકોનાં ગુણપત્રક નહીં, પરંતુ

બાળકોના શિક્ષણની ગુણવત્તા નિહાળવી જોઈએ.

વિદ્યાર્થીઓ અને વાલીઓનો આત્મવિશ્વાસ સફળ બનાવે શિક્ષણ. માનવ જીવનનું મહત્ત્વનું પરિબળ શિક્ષણ છે. બાળકોની કોઠાસૂઝ અને તેમનો સખત પુરુષાર્થ તેમના જીવનને આગળ લઈ જાય છે. શિક્ષણમાં બાળકોનું પરીક્ષણ અત્યંત મહત્ત્વનું છે. તેમાં તેજસ્વી બાળકોને તેમની ક્ષમતા પ્રમાણે આગળ વધવાની સંપૂર્ણ તક મળવી જોઈએ.

ઉચ્ચવિચાર, સખત મહેનત અને પાકો ઈરાદો. આ ત્રણ તત્ત્વો શિક્ષણમાં પ્રગતી કરવા માટે મહત્ત્વની શક્તિ પૂરી પાડે છે. કેટલાક વિદ્યાર્થીઓ પોતાના ભાવીને નજર સમક્ષ રાખીને પોતાનો અભ્યાસ કરતા હોય છે.

શિક્ષણ એટલે જાણવું, શિખવુ અને આચરવું.

— જે. કૃષ્ણમૂર્તિ

જેઓ સાચું ભણતર ભણશે તેમના હાથમાં, પગમાં, આંખોમાં, કાનમાં, લોહીના ટીપે ટીપે, રોમરોમમાં, મનમાં અને  દયમાં ચેતના જાગૃત થશે. — જુગતરામ દવે

હું નકરમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ. કેમ કે તેનામાં એવી શક્તિ છે કે જ્યાં જ્યાં જશે ત્યાં, આપોઆપ સ્વર્ગ બની જશે. — લોકમાન્ય તિલક.

કેળવણી એટલે મગજનો કાબૂ કે આત્મવિશ્વાસ ગુમાવ્યા વિના બધું જ સંભાળી શકવાની શક્તિ.

— રોબર્ટ ફ્રોસ્ટ

શિક્ષણ ફક્ત પુસ્તકોમાંથી જ નહીં, પણ જીવનની સમગ્ર પ્રક્રિયાઓમાંથી શીખવાની કળા છે. શિક્ષણ શબ્દમાં જાણવું, શીખવું અને આચરવું આ ત્રણ અર્થોનો સમાવેશ થાય છે. — શિક્ષણવિદ.

વિદ્યાર્થી કાગડા જેવો ચતુર, બગલા જેવો ધ્યાનમગ્ન અને કૂતરા જેવી ચપળ ઊંઘ વાળો હોવો જોઈએ. તે અલ્પાહારી હોવો જોઈએ. — સુભાશિતાની.

પરીક્ષામાં પાસ થવું, ઉપાધિ મેળવવી, નોકરી મેળવવી, પરણી જવું, કમાણી કરવી, જીવન સ્થિર કરવું એટલું જ માત્ર શિક્ષણ નથી. શિક્ષણનો વ્યાપ બહુ જ વિશાળ છે. — અનભિજ્ઞ.

**કાટ ખાઈ ગયેલા સિક્કા**

ભાઈબંધોને તે ન આપે તો એમને કેવું લાગે, ખરું કે નહિ ? મારું પણ એવું જ છે. તારી મા માને એક પહેરણ સીવી આપે, અને મારા બંધુઓને માટે ન આપે તો એમને ખરાબ લાગવાનું ને ! સમજ્યો કે નહિ ?'

બાળક કંઈ સહેલાઈથી હાર માની લે તેવો ન હતો. એણે તો બેવડા ઉત્સાહથી લાગલું કહ્યું : 'એનો કંઈ વાંધો નહિ, મારી માને હું કહીશ કે તમારા બધા બંધુઓ માટે એક એક સીવી આપે. તમે મને કહો, તમારે ભાઈ કેટલા છે ?'

ગાંધીએ થોડી વાર પ્રશ્નને હવામાં લટકતો રહેવા દીધો પણ ધીમેથી હસ્યાં અને બાળકને પંપાળી થોડા દર્દ સાથે કહ્યું, 'દીકરા મારા, તારી માને તો બહુ બધાં પહેરણ બનાવવા પડશે. તને ખબર છે ? મારે તો ૪૦ કરોડ ભાઈઓ છે.'

નિશાળમાં કદી નહિ શીખવાડ્યા હોય એવો પાઠ ગાંધીએ તે દિવસે શીખવ્યો. એ અને બાકીનાં બાળકો એ પાછ કદી ભૂલવાના નહિ, ૪૦ કરોડ ભાઈઓ. બધા આપણા ભાઈઓ. ગરીબ પણ આપણા ભાઈઓ. આપણે પણ એમાના એક. એક જબરો પાઠ બહુ સરસ રીતે નિશાળમાં તે દિવસ ભણાવાયો. સ્વભાવે અને વ્યવસાયે ગાંધી એક શિક્ષક જ હતા.

પત્રકારના બે ઔપચારિક સવાલોના ગાંધીએ ગજબના ઊંડાણથી જવાબ વાળેલા.

'તમને જીવનમાં શક્તિ ક્યાંથી પ્રાપ્ત છે ?'

'ગરીબોની શ્રદ્ધામાંથી.'

'તમને સૌથી વધુ ચિંતા કઈ છે ?'

'સમૃદ્ધોની અસંવેદનશીલતાની.'

કાલેલકર મે કહેતાં હતાં કે જ્યારે ગાંધીને આ બે જવાબો આપતા સાંભળેલા તે આખી રાત મને નીંદર આવી ન હતી.

(ફાધર વાલેસ લિખિત અને નવજીવન પ્રકાશિત અંગ્રેજી પુસ્તક Gandhi-the alternative to violenceમાંથી એક પ્રકરણ)

'અકાલ પુરુષ' જુલાઈ-૨૦૨૦માંથી સાભાર

# ભારતીય બંધારણની કલમ-૨૧ : પ્રાણ અને દૈહિક સ્વતંત્રતાનું સંરક્ષણ – 'રાઈટ ટુ લાઈફ શું છે ?


પ્રા. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ

મુ. રંગાઈપુરા, પોસ્ટવાળું ફળિયું,
તા. પેટલાદ, જિ. આણંદ.
મો. ૯૭૨૪૧૩૭૮૫૧




ભારતનું બંધારણ તેના દૃષ્ટિકોણ અને પ્રસ્તુતીની દૃષ્ટિએ એક નોવેલ જેવું છે. ભારત એક વિશાળ અને વૈવિધ્યતાભર્યો દેશ હોવાને કારણે ઘણા બધા પાસા અને મુદ્દાઓ પર ધ્યાન આપવું જરૂરી છે. ભારત જેવા ધર્મનિરપેક્ષ, લોકશાહી ગણરાજ્યમાં તેનો નાગરિક સૌથી અગત્યનો છે અને તે કાયદો બનાવનારાઓનું કર્તવ્ય છે કે તેઓ નક્કી કરે છે તે કાયદો કોઈ પણ વર્ગીકરણ જેમ કે જાતિ, રંગ કે પંથની વ્યક્તિનું સમાનપણે રક્ષણ કરતો હોય.

ભારતનું બંધારણ ભાગ III જીવન જીવવાનો અવિકાર (રાઇટ ટુ લાઇફ) અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર આપે છે. કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા અનુસાર જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર ભારતીય બંધારણની કલમ ૨૧ દ્વારા આપવામાં આવ્યો છે. આ અધિકાર નાગરિકો અને બિનનાગરિકો બંને માટે ઉપલબ્ધ છે.

**'રાઈટ ટુ લાઈફ' શું છે ?**

કલમ ૨૧, જે જીવન અને સ્વતંત્રતાના હકનું પ્રતીક છે. તેવો અધિકાર છે જેમાંથી અન્ય બધા અધિકાર આવે છે. જીવન અને સ્વતંત્રતાનો અધિકાર વગર, અન્ય બધા મૌલિક અધિકાર સાવ નિરર્થક છે. જ્યારે આપણે કલમ ૨૧ના અર્થ અને ગર્ભિત અર્થોનું વિશ્લેષણ કરીએ છીએ તો આપણે તેના પર વિચાર કરી શકીએ કે આ બે અલગ-અલગ અધિકારોનું પ્રતિક છે, જે ખરેખર અવિભાજ્ય છે અને સાથો-સાથો ચાલે છે. આ બે અધિકાર છે (૧) જીવનનો અધિકાર (૨) વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર.

કલમ ૨૧ હેઠળ ઉલ્લેખિત જીવન ફક્ત જીવવાનો કે શ્વાસ લેવાની શારીરિક ક્રિયાને જ નથી દર્શાવતો, ભારતીય બંધારણમાં તેનો ગૂઢ અર્થ છે જે તેની સાથે બીજા હકોને જોડે છે. જેવાં કે માનવ ગરિમાની સાથે જીવવાનો અધિકાર, આજીવિકાનો અધિકાર, સ્વાસ્થ્યનો અધિકાર, પ્રદૂષણમુક્ત હવાનો અધિકાર, ગુણવત્તાપૂર્ણ જીવન જીવવાનો અધિકાર, વિદેશ જવાનો અધિકાર, એકાન્તનો અધિકાર, એકાન્ત કારાવાસની વિરુદ્ધનો અધિકાર, વિલંબિત પરિણામ વિરુદ્ધનો અધિકાર, આશ્રયનો અધિકાર, જેલવાસમાં મૃત્યુ વિરુદ્ધનો અધિકાર, સાર્વજનિક ફાંસી વિરુદ્ધનો અધિકાર તથા એ બધું જ જે એક ગરિમાપૂર્ણ જીવનના માપદંડોને પૂરો કરે છે.

એક અર્થમાં કલમ ૨૧નો વિસ્તાર અસીમ છે કારણ કે આ બધું જ એ વાત પર નિર્ભર કરે છે કે મનુષ્યને ગુણવત્તાપૂર્ણ જીવન જીવવાની જરૂર છે. જેથી તે પોતાના જીવનનો વધારે સારું વધુ ફળદાયક અને સુરક્ષિત બનાવવાની તકોનું વહન કરી શકે.

જીવન જીવવાના અધિકાર પરના એક ઐતિહાસિક નિર્ણયમાં માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે અન્ય વાતોની સાથે એ પણ કહ્યું કે અહીં સમાવેશ કરવામાં આવેલું જીવન કંઈક અલગ છે જે ફક્ત પશુ અસ્તિત્વ કરતાં વધારે છે. એટલે જીવન જીવવાના અધિકારમાં માનવ ગરિમાની સાથે જીવવાનો અધિકાર સામિલ છે અને તે બધાનો તેમાં સમાવેશ થાય છે એટલે કે જીવન જીવવાની જરૂરિયાતો જેવા પૂરતું પોષણ, કપડાં, આશ્રય અને આત્માની અભિવ્યક્તિની સુવિધાઓ જેવી કે ભણવું, લખવું અને વ્યક્ત કરવું, સ્વયંને વિવિધ રૂપોમાં સ્વતંત્ર રૂપે સમાજ સાથે ભેળવવા. આમ આપણે જોઈએ છીએ કે કલમ ૨૧માં ખાતરીપૂર્વક જીવન જીવવાનો અધિકાર, સંપૂર્ણપણે એ અધિકારો અને જવાબદારીઓનો ગુલદસ્તો છે. જે સ્વતંત્રતા અને ગરિમાપૂર્ણ જીવનની ખાતરી આપે છે.

કાયદા દ્વારા નિર્ધારિત પ્રક્રિયા શું છે. જે કલમ-૨૧માં લખેલ છે. અમે પહેલાં જ કલમના પ્રથમ ભાગનું વિશ્લેષણ કર્યું છે જે જણાવે છે દરેક વ્યક્તિ ત્યાં સુધી મૌલિકરૂપે તેમના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાની હકદાર છે. જ્યાં સુધી કાયદાની યોગ્ય પ્રક્રિયા દ્વારા તેને વંચિત કરવામાં નથી આવતી. પુનરાવૃત્તી કરવા માટે કલમ-૨૧માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે "કાયદા હેઠળ સ્થાપિત પ્રક્રિયાઓ અનુસાર કોઈ પણ વ્યક્તિ તેમના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત ન હોય. અભિવ્યક્તિ 'કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા' વિવિધ ઐતિહાસિક બાબતોમાં તપાસને આધીન રહી છે અને સર્વસંમતી એવી છે કે કાયદા દ્વારા કોઈ વ્યક્તિને તેના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાથી વંચિત કરવા માટે નિર્ધારિત પ્રત્રિયા યોગ્ય ન્યાયસંગત અને નિષ્પક્ષ હોવી જોઈએ નહીં કે મન ફાવે તેવી કાલ્પનિક અને દમનકારી અન્યથા તે સીધું કલમ-૨૧નું ઉલ્લંઘન હશે.

કલમ-૨૧નો પ્રભાવ આપણા બંધારણની કલમ ૨૧ તેના વિસ્તાર અને પરોક્ષમાં સૌથી વધારે દૂર છે અને એમ કરેલું યોગ્ય છે કે આ હક છે જેના પર દરેક બીજા કાયદાનો પાયો રચવામાં આવે છે. જીવન અને સ્વતંત્રતાનો હક એક એવી વસ્તુ છે જે દેશની પ્રત્યેક વ્યક્તિ તેમના જીવનની દરેક ક્ષણને પ્રભાવિત કરે છે તે એક એવી વસ્તુ છે કે જેની આપણને હંમેશાં કિંમત હોવી જોઈએ અને લજવું જોઈએ કારણ કે આપણા પૂર્વજો દ્વારા આપણને બંધારણાં એક ગેરેન્ટીના રૂપમાં આપવામાં આવેલ છે. જાળવી રાખવામાં આવેલ છે. આનો  અર્થ એ થયો કે તે એક બહુ જ મહત્ત્વપૂર્ણ કલમ છે, કલમ-૨૧ તેના અર્થની સીમા વ્યાખ્યાયિત કરવા માટે અલગ-અલગ ભાગોમાં સમજી શકાય છે, પરંતુ તેના ખરેખરા પ્રભાવને સમજવા માટે તેને સંપૂર્ણ વાંચવી જોઈએ. કલમ-૨૧ મૂળભૂત રૂપે કોઈ વ્યક્તિના સંપૂર્ણ વિકાસને સક્ષમ કરવા અને કાયદા દ્વારા તેની શક્તિ દ્વારા જીવનની તેની ગરિમા સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. આ કાયદાની અસર હેઠળ ત્યારે જ શક્ય બની શકે છે. જ્યારે તે પ્રક્રિયાત્મક મશીનરી દ્વારા સમર્પિત હોય જે બધા માટે યોગ્ય અને ન્યાયી હોય. કલમ-૨૧માં વર્ણવેલ જીવન અને સ્વતંત્રતાના મૌલિક હકને ભારતના બંધારણના ભાગ IV હેઠળ ગણતરી અનુસાર રાજકારણમાં નિદર્શિત સિદ્ધાંતોને અનુરૂપ વાંચવું જોઈએ.

કેટલાક નિર્ધારિત સિદ્ધાંત સરળ સંદર્ભ આપેલ છે. જેવાં કે પ્રદૂષણ મુક્ત હવા અને પાણીનો અધિકાર, પરીક્ષણ હેઠળ સુરક્ષા, પૂર્ણ વિકાસ માટે દરેક બાળકનો અધિકાર, સાંસ્કૃતિક વિરાસતની સુરક્ષા.

આમ, ભારતના બંધારણ અને કાયદા ઘડનારાઓએ સુનિશ્ચિત કરવાના સાચા પ્રયાસ કર્યા છે કે જીવનના અધિકાર અને વ્યક્તિગત સ્વાતંત્રતાના મૌલિક અધિકાર દરેક વ્યક્તિની પહોંચમાં સારી રીતે છે. આ સંબંધિત કાયદાકીય નિર્ણયો અને ઘોષણાઓના અભ્યાસથી લચીલાપણું અને સરળથાની ખબર પડી જાય છે. જેની સાથે આ અધિકારનો વ્યવહાર કરવામાં આવે છે. એ માનવીય રીતભાત જેને જીવનનો અધિકાર માનવામાં આવે છે. આપણી કાયદા પ્રણાલીની ખાસિયત છે અને ગુણ છે જે આપણા બંધારણમાં શરીર માટે શ્વાસ જેવું કામ કરે છે. તેને જીવન આપે છે અને તેને આપણા બદલાતા સમાજના દબાણ અને માંગની સાથે બદલવામાં સક્ષમ બનાવે છે.

કલમ-૨૧ના કેસમાં એક વકીલની જરૂર કેમ હોય છે ? ભારતીય બંધારણની કલમ-૨૧ બંધારણના મૌલિક અધિકારનો એક ભાગ છે જેમાં જણાવાયું છે કે ભારતમાં કાયદા દ્વારા સ્થાપિત કોઈ પણ પ્રક્રિયા ઉપરાંત કોઈ પણ વ્યક્તિ કોઈ પણ અન્ય વ્યક્તિના તેના જીવિત રહેવાના અધિકાર અને નિજી સ્વતંત્રતાથી વંચિત રાખી શકે નહીં. જો કોઈ વ્યક્તિ આવું કાર્ય કરે છે તો પીડિત વ્યક્તિને કલમ-૩૨ હેઠળ સીધા સર્વોચ્ચ ન્યાયાલયમાં જવાનો હક છે તે સર્વોચ્ચ ન્યાયાલયમાં કોઈ વકીલ દ્વારા પોતાની અરજી દાખલ કરી શકે છે. માટે વકીલ જે એક માત્ર એવું યંત્ર હોય છે જે કોઈ પીડિત વ્યક્તિને સાચો રાહ દેખાડવા માટે લાભપ્રદ બની શકે.

# વાસ્તવિકતાની દૃષ્ટાંત વાતો

– મંગળ રાવળ 'સ્નેહાતુર'
સિકોતર સેવાંશ, રમ્ય રોચક પંચવટી, અયોધ્યાનગર,
મુ. પો. અંબાલા, તા. બહુચરાજી, જિ. મહેસાણા - ૩૮૪૪૧૫
મો. ૯૭૨૭૫૮૭૭૧૦

મા-બાપનું વ્યક્તિત્વ બાળકના સામાજિક વિકાસ અને બુદ્ધિ-કૌશલ્ય વધારવા પર પુષ્કળ અસર ધરાવે છે. મા-બાપ પોતાની કુનેહ-આવડત અને અભ્યાસ પ્રમાણે પોતાના બાળકનો ઉછેર કરતાં હોય છે.

દરેક બાળકમાં કોઈ ખાસ વાત હોય છે. કોઈ સારું ગાય છે, કોઈ સારું નૃત્ય કરે છે, કોઈ વાદ્યયંત્ર અથવા ઓર્ગન વગાડે છે. તો કોઈ એવી મિમિક્રી કરે છે કે સાંભળનારા હસીહસીને બેવડા વળી જાય છે.

બાળક જન્મે છે ત્યારથી જ ભગવાન એને કંઈક વિશિષ્ટ ગુણ આપતો હોય પછી ભલે સામાન્ય બાળક હોય, મંદબુદ્ધિનું બાળક હોય, અપંગ કે પછી બહેરું મૂંગું બાળક હોય.

આપણા દેશની અંદર દરેક પ્રકારની શાળાઓ ચાલે છે. દરેક શાળાઓમાં વિશિષ્ટ કૌશલ્યો ધરાવતાં બાળકો હોય છે. ક્યારેક ક્યારેક એવું જાણવા મળે છે કે સામાન્ય બાળકોના હરીફમાં કંઈક ક્ષતિયુક્ત બાળકો ઉપર વાલીઓ વધારે દબાણ કરતા જોવા મળે છે. અહીં એક સત્ય દૃષ્ટાંત આપું તો મંથન સંસ્થાની શરૂઆતમાં એક દિવસ એક અણધારી ઘટના બનેલી. એક વિધૂર પિતા તેમની ૧૪ વર્ષની દિવ્યાંગ દીકરીને લઈને મંથન સંસ્થામાં આવેલ. વિધૂર પિતા તેમની દિવ્યાંગ દીકરીને સાચવવા અસમર્થ હતા. ઘરનું કામ, નોકરી અને અસહાય દીકરીને ઉછેરવાનો પડકાર પિતા માટે અઘરો હતો. ધોરણ - ૭ સુધી ભણેલી દીકરી આગળ ક્યાંક રહીને ભણે તો ભવિષ્યમાં પગભર થાય અને વિકલાંગ દીકરીની જવાબદારી ના હોય તો કદાચ પોતાને પણ યોગ્ય જીવનસાથી મળી જાય એવી એ પિતાના મનમાં ઊંડે ઊંડે ભાવના હતી. મંથન સંસ્થા તે વખતે છોકરાઓ માટેની જ સંસ્થા હોવાથી મોટો સવાલ થયેલો. છોકરીઓ માટેની સંસ્થા શરૂ કરવાની વાત ચાલતી હતી પણ જ્યાં સુધી સુધી સરકારની મંજૂરી ન મળે ત્યાં સુધી આગળની પ્રવેશ કાર્યવાહી કઈ રીતે થઈ શકે. આ વાત સાંભળી વિધૂર પિતાએ તેની વિકલાંગ દીકરીને ગાલ પર થપ્પડ મારી અને કટુવાક્ય એમ બોલેલ, "આ લંગડી મરતીયે નથી, ને મને કોઈ બીજી બૈરી આલતું નથી."

અહીં જો બાપ દીકરીને જાહેરમાં આવી રીતે થપ્પડ મારી કડવાં વેણ બોલતા હોય તો ઘરે દીકરી ઉપર શું વિતાવતા હશે એ કહેવું કરેલું કઠિન છે.

જાપાનની એક કંપની અપંગોનું ખૂબ જ ધ્યાન રાખે છે. થોડા દિવસો અગાઉ જાપાનની એ કંપનીએ સૂટકેસમાં બંધ કરીને લઈ જઈ શકાય એવી વ્હીલચેર બનાવી છે, પરંતુ તાજેતરમાં અપંગ લોકો માટે એક નવી વ્હીલચેર બનાવી છે. આ નવી વ્હીલચેરની ડિઝાઈન એવી રીતે બનાવવામાં આવી છે કે એના પર બેસતાં જ અપંગ લોકો સીડી ચઢી-ઊતરી શકે છે. આ વ્હીલચેરની કિંમત ૮૩૦૦ ડોલર નક્કી કરવામાં આવી છે. તેનું નામ 'ફ્રીડમ' વ્હીલચેર રાખવાનું આવ્યું છે.

કેળવણી બાળકના દયને 'પથ્થરદિલ' નહીં પરંતુ 'દરિયાદિલ' બનાવે છે. બાળકપણામાં કેળવણી દ્વારા જ સદ્‌ગુણોનો સાક્ષાત્કાર થાય છે. કેળવણી એ તો 'કામધેનુ' જેવી છે. એક સત્યઘટનાનો સાક્ષાત્કાર કરીએ.

એક શાળામાં શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા હતા. શિક્ષકે ગામમાં જ રહેતા એક વિકલાંગ અને થોડી મંદબુદ્ધિવાળા વિદ્વાન માણસ વિશે વિદ્યાર્થીઓને વાત કરી. બધા વિદ્યાર્થીઓ પોતાના જ ગામમાં રહેતા. આ જ્ઞાની અને વિદ્વાન માણસથી અપરિચિત હતા. શિક્ષકે વાત કરી ત્યારે જ આવા જ્ઞાની પોતાના ગામમાં રહે છે એની વિદ્યાર્થીઓને ખબર પડી.

શાળા પૂરી થયા બાદ એક વિદ્યાર્થી, શિક્ષકે જે જ્ઞાની

અને વિદ્વાન વિકલાંગ માણસની વાત કરી હતી તેને મળવા માટે એમના ઘરે ગયો. પેલા વિકલાંગ માણસે વિદ્યાર્થી 'આવો' શબ્દથી આવકાર્યો. વિદ્યાર્થીએ વાત કરતાં કહ્યું : ''આજે અમારી શાળામાં અમારા સાહેબે આપના વિશે વાત કરી હતી કે આપના જેવા જ્ઞાની અને વિદ્વાન આ ગામાં રહે છે એ ગામનું સૌભાગ્ય ગણાય.'' પેલા વિકલાંગ અને થોડી મંદબુદ્ધિવાળા માણસે આવનાર વિદ્યાર્થીને અટકાવીને કહ્યું : 'અરે ! ભાઈ, તમને સાવ ખોટા વાત કરવામાં આવી છે. હું કોઈ જ્ઞાની નથી કે પંડિત નથી, બેટા ! ભગવાને મને જો, વિકલાંગ બનાવ્યો છે, હું મારી રીતે પરાણે જીવું છું ! ભગવાને ઝાઝી બુદ્ધિ પણ આપી નથી, હું આ ગાભાને સીવીને રોટલો પેદા કરું છું ! બેટા ! સાચું કહું તો બધાથી હું સાવ અજ્ઞાની છું – નિરાધાર છું ! એટલે જ બધા મારી મશ્કરી કરે છે, મને થોડી તો ખબર પડે છે. બેટા ! તને હાથ જોડીને કહું છું સાહેબ ને કહેજે હું કોઈ જ્ઞાની નથી. ફરીથી મારા ગરીબના ઘરે તારી જેમ બીજાને મોકલે નહીં !

બીજા દિવસે શાળામાં જઈને વિદ્યાર્થીએ શિક્ષકને પ્રશ્ન કર્યો : ''સર ! આપ અમને ખોટી વાત કેમ કરો છો ?'' ગઈકાલે તમે જે જ્ઞાની પુરુષની વાત કરી હતી, હું તેને મળવા માટે ગયો હતો. એમણે તો મને કહ્યું કે એ અજ્ઞાની છે.'' શિક્ષકે હસતાં-હસતાં કહ્યું : 'બેટા, એ જાણે છે કે એ અજ્ઞાની, વિકલાંગ અને મંદબુદ્ધિ મારામાં છે એટલે જ એ મોટામાં મોટા જ્ઞાની છે. પોતાના શરીરનું ભાન હોવું અને પોતાની અજ્ઞાનતાનું જ્ઞાન હોવું એ સૌથી મોટામાં મોટા જ્ઞાનીનું લક્ષણ છે.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**


# પ્રકાશન વિભાગ



**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**વિરલ વિદ્યાપુરુષ**
ડો. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ




**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**સ્મરણયાત્રા**
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**કાળી વાદળી ઉજળી કોર**
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સ્મૃતિના અસવાર**
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW



**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સ્મરણ પુષ્પ**
કિંમત : ૯૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW



**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

# મારી ભાષા છે ગુજરાતી

હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી,
ગુણિયન ગરબી ભાવે રૂડી શબ્દોથી છલકાતી.

પહેલો વહેલો બોલ્યો 'બા'એ ભાષા છે ગુજરાતી,
રડતી શીખ્યો જે ભાષામાં ભાષા એ ગુજરાતી,
યાદ કરું જ્યાં એને પ્રેમે આંખો ભીની થાતી,
હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી,

વાણી નર્મદ, નરસૈયાની પ્રેમાનંદે પોંખી,
ગોવર્ધન ને દલપત ન્હાને ભાત્યું પાડી નોખી,
ઉમાશંકર, પન્નાલાલે થૈ છે 'મા' મલકાતી,
હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી.

લાડ લડાવ્યા જે ભાષાએ જેણે કીધો મોટો,
રગમાં વ્હેતી ભાષા ભૂલું માણસ તો તે ખોટો,
અક્ષરવાળું ગુજરાતી ત્યાં ઉર્મિઓ હરખાતી,
હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી.

''વિશ્વ માતૃભાષા દિવસ''ની શુભેચ્છાઓ સાથે
ગુજરાતી ભાષાનું ગૌરવ દર્શાવતી શ્રી રવજી ગાબાણીની આ રચના

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.